વર્ષ : 11 ◆ અંક : 3
મે-જૂન 2021
સળંગ અંક : 63

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી)ના
સદ્ગત પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ

## કોરોનાકાળ દરમ્યાન
## સર્વ વિદ્યાલયનાં દિવંગત પરિવાજનો



**સ્વ. પ્રો. ડૉ. બાબુભાઈ એચ. વણકર**
પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ
આર્ટ્સ કૉલેજ, કડી



**સ્વ. પ્રો. પાર્થ આર. જોષી**
ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ,
ગાંધીનગર



**સવ. પ્રો. જે. ડી. રાઓલ**
એલ.ડી.આર.પી. એન્ડ આઈ.ટી.આર.,
ગાંધીનગર



**સ્વ. મહેશભાઈ જી. ત્રિવેદી**
શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને
શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગર



**સ્વ. અર્જનભાઈ બી. બામણીયા**
પ્રભાવતી ભરતકુમાર પટેલ
સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,
કડી



**સ્વ. જતીનકુમાર બી. ત્રિવેદી**
શ્રી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ
સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,
ગાંધીનગર



**સ્વ. વિક્રમસિંહ ટી. સોઢા**
કોઠારી કમ ગૃહપતિ
હાયર એજ્યુકેશન બોઈઝ હોસ્ટેલ, કડી

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧૧, અંક : ૩. મે-જૂન ૨૦૨૧; સળંગ અંક : ૬૩

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : નિષ્કામ કર્મયોગી અને સર્વોદયી ડૉ. રામભાઈ પટેલ (૧૯૩૭-૨૦૨૧) — મણિભાઈ પ્રજાપતિ — ૧
- શ્રદ્ધાંજલિ — ૧૦

  સ્વ. ડૉ. રામભાઈ પટેલસાહેબ, સ્વ. પીતાંબરભાઈ એચ. પટેલ, સ્વ. પ્રો. બાબુભાઈ વણકર, પ્રો. પાર્થ જોશી, સ્વ. પ્રો. શ્રી જે. ડી. રાઓલ, સ્વ. મહેશભાઈ ત્રિવેદી, સ્વ. અર્જનભાઈ બામણિયા, સ્વ. જતીનભાઈ બી. ત્રિવેદી, સ્વ. વિક્રમસિંહ સોઢા, સ્વ. છગન ભૈયા, સ્વ. ડૉ. પદ્મનાભ જૈની

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી : તે માતૃમયી સંસ્થાને કેમ વિસરાય — ચતુરભાઈ કુબેરદાસ પટેલ — ૧૬

૨. ન્યાયિક પુનરાવલોકન અને ન્યાયિક બંધારણીય વિશ્લેષણ — ડૉ. કમલેશ જોશીપુરા — ૧૮

૩. 'ચિંતન' વિશે ચિંતન કરીએ — તુલસીભાઈ પટેલ — ૨૧

૪. વિલિયમ બટલર યીટ્સ (આયરલૅન્ડ) (નોબેલ પ્રાઇઝ : ૧૯૨૩) — ડૉ. મનીષ વ્યાસ — ૨૪

૫. સુનીતા વિલિયમ્સ — ગિરિમા ઘારેખાન — ૨૯

૬. પરવલયી (Parabolic) અને અતિવલયી (Hyperbolic) ભ્રમણકક્ષાઓ — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૩૨

૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૪૧

   – ચિંતન / શરદભાઈ પી. શાહ

   – પ્રાર્થનાભીનાં પત્રો : કોરોના - કાળનું પત્રચિંતન / વિજય શીલચન્દ્રસૂરિ

   – મૅનેજમેન્ટ સ્વામી ભગવાન રામ / ડૉ. હર્ષદેવ માધવ અને રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી

૮. સંસ્થા સમાચાર — ૪૮


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### નિષ્કામ કર્મયોગી અને સર્વોદયી ડૉ. રામભાઈ પટેલ (૧૯૩૭-૨૦૨૧)

**૧. પ્રાક્કથન :**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામીના કૃપાપાત્ર તેમજ આપણા આર્ષગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ગીતા ને અભિપ્રેત એવા 'નિષ્કામ કર્મયોગી તથા અનપેક્ષઃ શુર્ચિદક્ષ' ડૉ. રામભાઈ પટેલસાહેબ વાણી અને વ્યવહારથી ભગવાન બુદ્ધની કરુણા અને પ્રભુ મહાવીરસ્વામીની અહિંસાભાવનાથી અનુપ્રાણિત હતા. ભકતકવિ નરસિંહને અભિપ્રેત એવા ખરા અર્થમાં 'વૈષ્ણવજન' - 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે / પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે..' - હતા. સંપ્રદાયની દૃષ્ટિએ સ્વામિનારાયણ સત્સંગી ખરા, પરંતુ સર્વધર્મસમભાવ એમના જીવન સાથે વણાઈ ગયો હતો. આ સાથે જ જ્ઞાતિ/જાતિ વિશેના પરંપરાગત ઊંચ-નીચના ખ્યાલોથી પર હતા. અને ખાસ તો સેવાવ્રતી અને ગરીબો પ્રતિ વિશેષ અનુકંપા ધરાવતા કુશળ ડૉક્ટર અને ઉદારચેતા દાનવીર હતા. પરિણામે વિવિધ જાતિઓનાં કડીનાં નગરજનો તેમના પ્રતિ વિશેષ આદર ધરાવતાં હતાં. આવા મૂઠી ઊંચેરા કડીના ગૌરવપુરુષ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલસાહેબનું પ્રાયઃ ૮૪ વર્ષની વયે ગુરુવાર, તા. ૧૩ મે, ૨૦૨૧ના રોજ અવસાન થતાં કડીનાં નગરજનો અને સર્વ વિદ્યાલય પરિવાર સ્વજન ગુમાવવાથી દુઃખદ લાગણી અનુભવે છે.

## ૨. વતન - જન્મ - શિક્ષણ

ડૉક્ટરસાહેબનું વતન કડી તાલુકાનું ગામ કરણનગર. આજે આ ગામ 'ડૉક્ટરોના ગામ' તરીકેની આગવી ગૌરવશીલ ઓળખ ધરાવે છે. આ ગામે મેડિકલ સાયન્સની વિવિધ વિદ્યાશાખાઓના આશરે ૭૦ જેટલા પ્રતિભાશાળી ડૉક્ટરો આપ્યા છે. આ ગામના પ્રથમ ડૉક્ટર બનવાનું શ્રેય આપણા ચરિત્રનાયક સ્વનામ ધન્ય રામભાઈ સાહેબના શિરે રહે છે, જ્યાં તેમનો જન્મ તા. ૨૧ જુલાઈ, ૧૯૩૭ ના રોજ થયો હતો. માતાનું નામ કુંવરબા અને પિતાનું નામ મનોરદાસ પટેલ. પુત્ર રામનો જન્મ થયાના પ્રાયઃ પાંચ વર્ષના સમયગાળામાં મનોરદાસનું અવસાન થતાં કુટુંબ નોંધારું થઈ ગયું. સંયુકત કુટુંબની ૨૫-૩૦ વીઘા જમીન ખરી, પરંતુ કુટુંબમાં ઘર કરી ગયેલા ક્ષય - ટીબી રોગના કારણે કુટુંબના વડેરાઓ - દાદા, મોટા બાપુજી, કાકા વગેરે - એ અકાળે વહેલી વિદાય લીધી હોવાથી ખેતી કરે તેવું કોઈ બચ્યું ન હતું. ભરયુવાનીમાં વૈધવ્ય પામેલાં કુંવરબાએ અણધારી આફતનો સામનો કરવા હિંમત અને ધૈર્ય જાળવીને કુટુંબની કમાન સંભાળી લીધી. પોતે કૃષક પરિવારનાં હોઈ સ્વાભાવિક રીતે જ ખેતીના કામમાં પાવરધાં હોવાથી તેની સુયોગ્ય વ્યવસ્થા કરી શકયાં. આ સાથે જ પોતે શાળામાં ગયા ન હોવા છતાં પોતાની આગવી કોઠાસૂઝથી જીવનમાં શિક્ષણની મહત્તા આત્મસાત કરતાં પુત્ર રામે ગામની શાળામાં ધોરણ-૪ સુધીનું શિક્ષણ પૂર્ણ કરતાં તેને પોતાના ભાઈને ત્યાં કલોલ ભણવા મોકલી આપ્યો. પોતાના ભાઈ નવજીવન મિલમાં સુપરવાઈઝર અને દૂધનો ધંધો કરતા હતા. મામાએ પોતાના ભાણેજને કલોલની પ્રખ્યાત વખારિયા હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવ્યો. અહીં મામા- મામીની ભારે હૂંફ અને વાત્સલ્ય સાંપડતાં રામે ધોરણ ૫ થી ૭ના અભ્યાસ દરમિયાન વર્ગમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવાનું જાળવી રાખ્યું. અભ્યાસની સાથે જ જરૂરિયાત મુજબ મામાની દુકાને બેસીને મામાને મદદરૂપ નીવડતા હતા. ધોરણ-૭ પાસ કર્યા બાદ મામાએ રામની અભ્યાસમાં રસ-રુચિ અને તેજસ્વિતાને ધ્યાને લઈ તેની ઊંચી કારકિર્દી હેતુ કોઈ સારી હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવવા વિચારતાં માત્ર કડીની કે મહેસાણા જિલ્લાની જ નહીં, પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતની ખ્યાતિપ્રાપ્ત હાઈસ્કૂલ 'સર્વ વિદ્યાલય' નજર સમક્ષ ઊપસી આવી. મામાની સલાહ સ્વીકારીને રામ પોતાના વતન કરણનગર પરત ફર્યા.

સર્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા રામે પ્રયાસ કર્યો, પરંતુ પ્રથમ પ્રયાસે સફળતા ન મળી. નિરાશવદને કરણનગર પરત થયા બાદ ગામના આગેવાન અંબાલાલ પટેલનો પ્રવેશ હેતુ સંપર્ક કરવામાં આવ્યો. અંબાલાલ એક વગદાર આગેવાન અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સભ્ય હતા. બીજા દિવસે રામને લઈને અંબાલાલ કડી ગયા અને આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈસાહેબને રૂબરૂ મળીને જણાવ્યું કે પોતે રામના પ્રવેશ હેતુ આવ્યા છે. આચાર્યશ્રીએ જગ્યા ખાલી ન હોવાનું જણાવતાં અંબાલાલે આચાર્યશ્રીને કહ્યું કે, 'કરણનગરનાં છોકરાં કડી નહીં ભણે તો ક્યાં ભણશે ? શિક્ષણાધિકારીને મળીને વધારાની જગ્યાની મંજૂરી મેળવીને પ્રવેશ આપવા ઘટતું કરવું પડશે.' આ પછી રામને સર્વ વિદ્યાલયના ધોરણ-૮માં પ્રવેશ મળ્યો. રામ અભ્યાસ ઉપરાંત નાટક તથા કબડ્ડી અને ખોખોની રમતોમાં ભાગ લેતા રહ્યા હતા. આ બંને રમતોની સ્પર્ધાઓ નાશિક અને પૂનામાં યોજવામાં આવતાં સર્વ વિદ્યાલયની ટીમ વિજેતા થઈ હતી, જેમાં રામે પણ ભાગ લીધો હતો. અહીંના અભ્યાસ દરમિયાન સહાધ્યાયી રાજપુરના રણછોડભાઈ પટેલ સાથે મૈત્રી થઈ હતી, જે તેમણે જીવનપર્યંત નિભાવી છે. આ રણછોડભાઈ એટલે કોઠારી સ્વામી ભકિત પ્રિયદાસ કે જેઓશ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. રામે અહીં પણ અભ્યાસમાં તેજસ્વિતા જાળવી રાખતાં એસ.એસ.સી.ની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી. એસ.એસ.સી. ના અભ્યાસ દરમિયાન સંસ્કૃતના તાસમાં પોતે ઓછું ધ્યાન આપતા તેની કબૂલાત સંસ્કૃત શિક્ષક ઠાકર સાહેબને રૂબરૂમાં મળી કરનાર રામભાઈએ કડીમાં પ્રેકિટસ શરૂ કરી ત્યારે ઠાકરસાહેબના ઘેર સંસ્કૃત ભણવા જવાનું રાખતાં ગીતા વગેરે ગ્રંથો સંસ્કૃતમાં વાંચવાની ક્ષમતા કેળવી લીધી હતી. રામને કલોલની 'વખારિયા હાઈસ્કૂલ'ના ઉત્તમ શિક્ષક શ્રી દાઉદભાઈ ઘાંચીસાહેબ સમાન 'સર્વ વિદ્યાલય'માં પણ શ્રી નાથાભાઈ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી અંબાલાલ શિ. પટેલ, શ્રી ચતુરભાઈ હે. પટેલ વગેરે ગુરુજનો મળ્યા હતા, જેમનું પ્રસંગોપાત્ત સ્મરણ

ઋણસ્વીકારની ભાવના સાથે કરતા રહ્યા હતા.

ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદની સુપ્રસિદ્ધ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવીને ઇન્ટર સાયન્સ ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરતાં ગુજરાતની ખ્યાતિપ્રાપ્ત 'બી. જે. મેડિકલ કૉલેજ' (અમદાવાદ)માં પ્રવેશ (૧૯૫૮-૫૯) મેળવીને એમ.બી.બી.એસ.નો અભ્યાસ (૧૯૬૨-૬૩) પૂર્ણ કર્યો. અને તે પણ પ્રાયઃ લેંઘો અને શર્ટ પહેરીને. આ પહેરવેશના કારણે પ્રારંભના દિવસોમાં પટાવાળાએ કોનું કામ છે ? એમ કહીને પટાવાળો ગણતાં તેને રોકડું પરખાવતાં કહ્યું હતું કે 'અલ્યા ત્રણ દિવસથી અમે રોજ આવીએ છીએ, તને ખબર છે ? ભણવા માટે આવીએ છીએ'. ખાસ તો તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી તરીકે નિયમિત પૂજા-પાઠ કરવા ઉપરાંત વિદ્યાર્થીઓ કે અધ્યાપકો શું કહેશે તેની પરવા કર્યા સિવાય કપાળમાં ચાંલ્લો કરીને જ કૉલેજમાં જવાનું રાખ્યું હતું. તેમની સ્પષ્ટ વાણી અને વર્તણૂકના કારણે એક 'પાકા સ્વામિનારાયણી' તરીકેની તેમની છાપ કૉલેજમાં ઊભી થઈ હતી. વર્ગખંડમાં અભ્યાસ દરમિયાન કોઈ અધ્યાપકે રામભાઈને પ્રશ્ન પૂછતાં તેનો ઉત્તર તેમને આવડતો ન હતો. અધ્યાપકે કેમ નથી આવડતો તે સંદર્ભે પુનઃ પ્રશ્ન કરતાં રામભાઈએ નીડરતાથી જણાવ્યું કે 'સાહેબ, ન આવડતું હોય એટલે તો શીખવા માટે આવીએ છીએ, તમે શિખવાડો તો આવડી જશે'. કૉલેજમાં અભ્યાસ દરમિયાન આ પ્રકારની કેટલીક ઘટનાઓ પછી રામભાઈની ઓળખ આખાબોલા અને નીડર વિદ્યાર્થી તરીકેની થઈ ગઈ હતી. અધ્યાપકો અને ડીન પણ તેમની વાતને ભરોસાપાત્ર ગણતા. આ સંબંધી એક કિસ્સો જોઈએ : કૉલેજ છાત્રાલયના ભોજનાલયનો કોન્ટ્રાકટર અધવચ્ચે ચાલ્યો જતાં તેનું સંચાલન રામભાઈના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓ કરતા હતા તે સમયે એકાદ વિદ્યાર્થી અનાવશ્યક આક્ષેપો કરતો હતો તે સમયે નડિયાદના વિદ્યાર્થીએ પેલાને કહ્યું કે 'અમે પટેલ, કોઈ અમારી વાડનો થોરિઓ (થોર) કાપે તો એનું માથું કાપી નાખીએ'. આ વાત સંભાળતાં જ પેલો ભાગ્યો અને ડીનની ઑફિસમાં જઈને ફરિયાદ કરી કે પેલો પટેલ મને મારી નાખવાની ધમકી આપે છે. આ કેસ સંદર્ભે ડીને પ્રારંભમાં કેટલાક વિદ્યાર્થીઓને સાંભળ્યા પછી રામભાઈને બોલાવ્યા. રામભાઈએ વાતનું વતેસર કરવામાં આવેલ આખી ઘટનાને કોઠાસૂઝથી સમજાવતાં ડીનને કહ્યું કે અહીં કોઈનું માથું વાઢવાનો પ્રશ્ન જ ન હતો. આ તો અમારી પટેલોની 'અંગત નીતિની જાહેરાત જ હતી એ માત્ર નીતિ હતી કોઈ હુમલો કે હુમલાની ધમકી નહોતી' સજાને પાત્ર ફરિયાદી જ છે કે જે બેફામ બોલતો હતો. ડીને રામભાઈની વાતમાં વજૂદ સ્વીકારી ફરિયાદીને ઠપકો આપ્યો. આ ઝઘડાના કારણે ફરિયાદી ભોજનાલયમાં જમવા આવી શકતો ન હતો, પરંતુ રામભાઈએ છાત્રાલય અને ભોજનાલયમાં ભાઈચારાનું વાતાવરણ જળવાઈ રહે તે હેતુસર ફરિયાદી પ્રત્યે કૂણું વલણ દાખવીને અન્ય વિદ્યાર્થીઓને સમજાવીને તેને ભોજનાલયમાં ભોજન લેવા છૂટ આપી દીધી હતી. જેમાં રામભાઈના ઉદારચરિત વ્યક્તિત્વની ઝાંખી થાય છે.

**૩. કુટુંબ પરિચય :**

કુંવરબાએ તત્કાલીન સમયના સમાજના રીતરિવાજ અનુસાર પુત્ર રામની સગાઈ છત્રાલ ગામના પ્રતિષ્ઠિત શિક્ષક અને આગેવાન પ્રહ્લાદભાઈની પુત્રી ગોમતીબહેન સાથે કર્યા બાદ તેમનું લગ્ન ૧૪ વર્ષની વયે કર્યું હતું, જ્યારે પુત્રી જોઈતીબહેનનું વેવિશાળ પાનસર ગામમાં કર્યું હતું. રામભાઈના સસરા પ્રહ્લાદભાઈનું મૂળ વતન સરઢવ, પરંતુ તેમનાં કુટુંબીજનો છત્રાલમાં સ્થાયી થયાં હતાં. ડૉ. રામભાઈનાં ધર્મપત્ની શ્રીમતી ગોમતીબહેન ફક્ત ચાર ધોરણ સુધી ભણેલાં, પરંતુ અતિથિવત્સલ અને વ્યવહારકુશળ સન્નારી. તેમના પરિવારમાં બે પુત્રો અને એક પુત્રી છે. મોટા પુત્ર કિરીટભાઈ કૅમિકલ એન્જિનિયર છે. તેમણે કૅમિકલ ઉદ્યોગ ક્ષેત્રે ભારે મોટી સફળતા હાંસલ કરી છે. તેમનાં પુત્ર અને પુત્રી બંને કૅમિકલ એન્જિનિયર છે, જેઓ પિતાની સાથે જ વ્યવસાયમાં જોડાયેલાં છે. નાના પુત્ર પ્રદીપભાઈ સિવિલ એન્જિનિયર છે. તેમના બે પુત્રો પણ સિવિલ એન્જિનિયર છે. પ્રદીપભાઈએ બાંધકામ ક્ષેત્રે હરણફાળ પ્રગતિ સાધી છે. પુત્રી પ્રવીણાબહેન વાંચનમાં વિશેષ રસ-રુચિ ધરાવે છે. તેમના પતિ ડૉક્ટર છે. પ્રવીણાબહેનની ભાણીએ એમ.બી.એ. કર્યું છે અને ભાણાએ અમેરિકામાં સિવિલ એન્જિનિયરિંગમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કર્યો છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ડૉ. રામભાઈ સાહેબનો પરિવાર કડીથી સ્થળાંતરિત થઈને અમદાવાદમાં સ્થાયી થયો છે.

પોતાનાં બાળકો ઉપરાંત પોતાના કાકાના દીકરા

ભાઈ ડૉ. જયંતીભાઈ પ્રતિ તેમનો પ્રેમ સહોદર સમાન રહ્યો છે. જયંતીભાઈના પિતાનું પણ નાને વયે અવસાન થતાં તેમના ઉછેર અને શિક્ષણ માટે ડૉ. રામભાઈ દ્વારા મોટાભાઈ તરીકે પોતાની ફરજ પૂર્ણ સદ્ભાવ સાથે નિભાવવી, ડૉક્ટર તરીકે કડીમાં સ્થાયી થવા માટે ભારે હૂંફ પૂરી પાડવી વગેરે આનુષંગિક બાબતો વિશે ડૉ. જયંતીભાઈએ ઋણભાવ વ્યકત કરતાં નોંધેલ શબ્દો 'મારા જીવન વિકાસ અને પ્રગતિ માટે મોટાભાઈ રામભાઈ સર્વસ્વ છે. મારા ભાઈએ મારા પિતાની ખોટ કદી લાગવા દીધી નથી, તેનો મને સંતોષ છે. આવા ભાઈ દરેકને મળે તે શુભકામના' મોટાભાઈ પ્રત્યેની પ્રપત્તિભાવપૂર્વકની શ્રદ્ધાભક્તિના દ્યોતક બની રહે છે.

**૪. સેવાવ્રતી કુશળ ડૉક્ટર :**

એમ.બી.બી.એસ.ની ડિગ્રીના ભાગ તરીકે ગોધરા, બાવળા, ભરૂચ વગેરેની હૉસ્પિટલોમાં આવશ્યક ઇન્ટર્નશિપ પૂર્ણ કર્યા બાદ આર્થિક ઉપાર્જનની અનિવાર્ય આવશ્યકતાને ધ્યાને લઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરો માટેની જાહેરાતના અનુસંધાનમાં અરજી કરતાં તેમની પસંદગી સરખેજ આરોગ્ય કેન્દ્ર માટે થઈ હતી.

ડૉક્ટર તરીકેની તેમની કારકિર્દી વિશે વાત કરું તે પૂર્વે ડૉક્ટર રામભાઈને મન ડૉક્ટરી એટલે શું તે તેમના શબ્દોમાં જોઈએ : 'ડૉક્ટરી એ મારી કોઈ પ્રાયોરિટી નહોતી. આ શિક્ષણ એવું છે કે માનવસેવા થાય. અને પૈસા પણ મળે. એ ભાવનાથી જ ડૉક્ટરી કરી. આમ તો સર્વોદય કાર્યકર જેવો હતો જ. એમ.એસ. કરવાની મારી શક્તિ નહોતી, કારણ કે પૈસા જોઈતા હતા. ઘરમાં કમાનાર કોઈ નહીં અને ભણવા માટે પૈસા મળે નહીં.' ડૉક્ટર રામભાઈનો આ માત્ર કોરો આદર્શ જ નહોતો, પરંતુ ડૉક્ટરીના સેવાકાળ દરમિયાન તેમના લોહીનો લય બની ગયો હતો, જેની પ્રતીતિ તેમણે સંપન્ન કરેલાં બહુવિધ કાર્યો થકી થાય છે.

**- સરખેજ આરોગ્ય કેન્દ્ર :**

ડૉક્ટર તરીકેની કારકિર્દીનો પ્રારંભ સરખેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી કર્યો હતો. અહીં તેમણે ભારે કર્તવ્યનિષ્ઠા સાથે પોતાની ફરજો અદા કરતાં કેન્દ્રમાં અને જિલ્લા આરોગ્ય કાર્યાલયમાં એક કુશળ અને પ્રામાણિક ડૉક્ટર તરીકેની ખ્યાતિ અર્જિત કરતાં DHO એ જિલ્લાનાં ૪૦ આરોગ્ય કેન્દ્ર માટે દવાઓ ખરીદવાનું વધારાનું કાર્ય ડૉ. રામભાઈને સોંપ્યું હતું. તેમના અહીંના કાર્યકાળ દરમિયાન આ વિસ્તારમાં કૉલેરા ફાટી નીકળતાં તેમની અનુપસ્થિતિમાં એક દરદી મૃત્યુ પામ્યો હતો, ત્યાર બાદ ૧૮ દર્દીઓ દાખલ થયેલાં તેમને બચાવ્યાં હતાં. ડૉક્ટરી સંવેદનશીલતા, નિષ્ઠા અને કાર્ય સંતોષ સંબંધી એક કિસ્સો તેમના શબ્દોમાં જોઈએ : સાતેક વર્ષનો છોકરો હશે. કોઈ ડૉક્ટર તેને સ્વીકારે નહીં. પછી તેનાં મા-બાપ મારા ઘેર લઈને આવ્યાં. ભારે ઊલટી કરે છે, કિરીટની બા કહે આને લાવ્યા ક્યાંથી, ગંદકી કરે છે, પણ મેં કીધું શું કરવું આનું. છોકરાની માંદગીની ગંભીરતા જાણી મેં ટેસ્ટ કરાવ્યો. છોકરાને લઈને દવાખાને આવ્યો. જીવવાની આશા ન હતી, દવાખાને જઈ બાટલા ચાલુ કરી દીધા. ૧૮ બાટલા ચઢાવ્યા પછી એમાં કંઈક આશા આવી. એ જીવી ગયો. ત્યારથી મારી પોપ્યુલારિટી વધી ગઈ એકદમ. આ રામભાઈના હાથે બચી શકે. જેને પકડે એને સાજો કરી દે છે... પછી તો પ્રેક્ટિસ, વિઝિટોમાં થાકું જ નહીં. જ્યાં કે ત્યાં અડધી રાતે બધી જ જગ્યાએ દોડવાનું. કોઈ મોટું ફંડ ઊભું કરવાનું હોય તો ખાસ જઉં.' આ કિસ્સો તેમની કર્તવ્યનિષ્ઠાનો પ્રતીતિકારક બની રહે છે.

**- કટોસણમાં ખાનગી પ્રેક્ટિસ :**

સરખેજમાં એકાદ વર્ષ નોકરી કર્યા બાદ પોતાનું સ્વતંત્ર દવાખાનું શરૂ કરવાના વિચારને અમલમાં મૂકવા રાજીનામું આપ્યું. તત્કાલીન DHO ડૉ. વર્માએ રાજીનામું પરત ખેંચવા ઘણા સમજાવ્યા પરંતુ ડૉક્ટરસાહેબ પોતાની ઊંચી કારકિર્દી હેતુ પોતાના નિર્ણયમાં અટલ રહ્યા. અહીંથી છૂટા થઈને તેમણે કટોસણ રોડમાં દવાખાનું શરૂ કર્યું. ગામની વિવિધ સમાજ-સેવી સંસ્થાઓ સાથે ભળી જઈને ગ્રામવિકાસનાં કાર્યોમાં રસ પણ લેતા. પરંતુ કટોસણ એક પછાત ગામ હોઈ એક ડૉક્ટર તરીકેના અને પરિવારના ઊંચા ભવિષ્યની દૃષ્ટિએ અહીં વિકાસની નહિવત શકયતાઓ અનુભવતાં દોઢેક વર્ષ બાદ આ દવાખાનું બંધ કર્યું અને કડી ઉપર પસંદગી ઉતારી.

**- કડીમાં પ્રેક્ટિસ : કારકિર્દીનો સુવર્ણયુગ**

કડી નગર એ કડી તાલુકાનું મુખ્ય મથક હોવા ઉપરાંત ગાયકવાડી શાસન દરમિયાન લાંબા સમય સુધી કડી પ્રાંતનું પણ મુખ્ય મથક રહ્યું હોઈ એક વ્યાપારી

કેન્દ્ર તરીકે તેમજ પ્રમાણમાં સુવિકસિત કહી શકાય તેવા શહેર તરીકે પ્રતિષ્ઠા પામ્યું હોઈ કડીમાં પ્રેક્ટિસ શરૂ કરવાનો નિર્ણય તેમની દૂરંદેશી દૃષ્ટિનો દ્યોતક બની રહ્યો. કડીમાં સૌપ્રથમ દવાખાનું પીરબોરડી વિસ્તારમાં વોરાજીના મકાનમાં શરૂ કર્યું. આ દવાખાનાનું ઉદ્‌ઘાટન પ્રમુખસ્વામી મહારાજના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ ડૉ. રામભાઈ માટે ધન્ય અને ઐતિહાસિક બની રહ્યો. કારણ કે પ્રમુખસ્વામીની સાથે જ કડીના નગરજનો પણ આ ઉદ્‌ઘાટનમાં જોડાયા હતા. ડૉક્ટર માટે અપેક્ષિત માનવીય સંવેદનશીલતા, સેવાપરાયણતા અને તજજ્ઞતાની સાથે જ પ્રમુખસ્વામીના આશીર્વાદ સાંપડતાં ધીકતી પ્રેક્ટિસ શરૂ થઈ જે અવિરત ચાલુ રહી હતી. આ પ્રસંગનાં સંસ્મરણો વાગોળતાં તેમણે આ લખનારને કહેલ શબ્દો 'કડીની અંદર મેં પ્રેક્ટિસ ચાલુ કરી એ વખતે પણ મારા વિચારો સર્વોદયના ખરા જ. એટલે કે જનરલ પ્રેક્ટિસ તો ખરી જ પણ એમાં અઠવાડિયામાં બે વખત જે આવે એના અડધા પૈસા લેવાના. અઠવાડિયામાં બે વખત એટલે સોમ કે ગુરુના દિવસે જે આવે તેનો અડધો ચાર્જ લેવાનો. રામકૃષ્ણ સારવાર કેન્દ્રમાં કેસ કઢાવે એમાં ઑટોમેટિક અંતે ફાયદો જ થઈ જાય. ૫૦% તો ફ્રી વાળા હોય. પ્રમુખસ્વામીનો જન્મદિવસ આવે એ એક અઠવાડિયું ફ્રી. મારી બાની પુણ્યતિથિએ પણ ફ્રી. મારા નવા દવાખાનાના ઉદ્‌ઘાટનમાં પ્રમુખસ્વામી તથા માણેકલાલભાઈએ રસ લીધો હતો. પ્રમુખસાહેબનો વરઘોડો કાઢ્યો હતો. શ્રી માણેકલાલભાઈ એ વખતે ચીફ ઑફિસર હતા. ટ્રેનનો ટાઈમ થયો ત્યારે પ્રમુખસ્વામીને જવાનું હતું. અમે આવીએ પછી ટ્રેન ઉપાડજો. એટલે પંદર-વીસ મિનિટ ટ્રેન ઊભી રાખી. આ પછી અઠવાડિયામાં બે દિવસ ગરીબોની ફી લેવાની નહીં. કોઈ ફી માગે જ નહીં કમ્પાઉન્ડર પણ ન માગે. દવા આપી દેવાની. દરદી પોતે નક્કી કરે કે હું ગરીબ છું અને મને પરવડતું નથી. એ કેસ લઈને આવે. હું દવા લખું એ કમ્પાઉન્ડર આપે તેના પૈસા કોઈ માગે નહીં. એમાંથી પણ ફાયદા જ થતા ગયા. આથી પોપ્યુલારિટી વધી ગઈ. દવા મફત આપીએ. કમ્પાઉન્ડર મારો મિત્ર હતો.' તેમના ખુલ્લા મનના પ્રતીતિકારક બની રહે છે.

ડૉ. રામભાઈની કેટલીક આગવી ખાસિયતો પૈકી તેઓ મેડિકલ ક્ષેત્રે કંઈક નવું કરવા સતત ચિંતન કરતા અને તેનો અમલ પણ કરતા રહ્યા હતા. આ બાબત તેમના શબ્દોમાં જ જોઈએ : '૧૯૬૨માં ડૉક્ટર થયો. પ્રેક્ટિસ કરતી વખતે ચિંતન પણ કરું. દવા આપી પછી તેની અસર કેટલી થઈ તેનો પણ અભ્યાસ કરું. મારી બાળાગોળી તો ખૂબ પોપ્યુલર થઈ ગઈ. બાળાગોળીનો પ્રયોગ પ્રવીણાના ઉપર સૌથી પ્રથમ વખત કરેલો. પ્રવીણા બહુ રડે એની બા કહે બહુ રડે છે. વિચાર કર્યો. અફીણ ઓછા ડોઝમાં આપીએ તો મરી ન જાય. રોતી બંધ થઈ ગઈ. શરદી - ઝાડાની પડીકી પણ બનાવતો. આ ગોળી અમેરિકા પણ જતી. મેડિકલક્ષેત્રે નવી શોધો - ઈનોવેશન પણ કરેલાં. વાસ્તવમાં આ ગોળી પુખ્યવયનાઓ માટે હતી. પરંતુ બાળકો માટે એક ગોળીના આઠ ભાગ કરી આપતો. આ ગોળી તે સેન્ડોઝની બનાવટની ડોયર્સ ટેબ્લેટ તેનું પ્રમાણ નકકી કર્યું હતું. તે માફક આવી જતાં **'રામભાઈની બાળાગોળી'** તરીકે પ્રખ્યાત થઈ ગઈ. આ ગોળીમાં અફીણનું પ્રમાણ રહેતું.' બીજી ખાસિયત એ કે અગમચેતી વાપરીને સાપનું ઝેર ઉતારવા માટેના ઇન્જેક્શનો ખાસ રાખવાં. અન્ય ડૉક્ટરોને તેમની માગ મુજબ આપવાં. સાપ કરડેલ કે ઝેરી દવા પીને પોતાના ત્યાં આવેલા કેસો કે જેમના જીવવાની આશા ન હોય તેમની હિંમત અને શ્રદ્ધા સાથે સારવાર કરતા અને તેમને સાજા કરીને ઘેર મોકલી આપતા. પરિણામે કડી અને આસપાસના વિસ્તારમાં તેમણે ભારે લોકચાહના મેળવી હતી. ત્રીજી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ કે ગામડાંઓમાં વિઝિટે જાય ત્યારે ગ્રામ્ય પ્રજામાં ઘર કરી ગયેલ ભૂત-પ્રેત-વળગાડની માન્યતાને દૂર કરવા વાત્સલ્યભાવનાથી સમજાવતા રહેતા હોવાથી આ સંદર્ભે જાગૃતિ કેળવવામાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આવા નિષ્કામ સેવાવ્રતી ડૉક્ટર કોના હૈયામાં ન વસે ? આ સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે તેઓ વિદ્યાર્થીવયથી જ અંધશ્રદ્ધાના ભારે વિરોધી રહ્યા હતા. ગામમાં આવતા ભોપાઓ, બાવાઓ વગેરે લોકોને ચકલી બનાવી દેવાની ધમકી આપતા ત્યારે પોતે સામે ચાલીને કહેતા કે મારે ચકલી બનવું છે. મને ચકલી બનાવી દો. આ ઉપરાંત સ્મશાન સંબંધી પ્રચલિત વાતોનો પર્દાફાશ કરવા કાળીચૌદશે એકલા સ્મશાનમાં જઈને ભૂતોને પડકાર ફેંકીને સ્મશાનમાંથી હેમખેમ ઘેર પરત થઈને

આ સંબંધી કોઈ વહેમ ન રાખવા સમજાવતા.

સમયાન્તરે પીરબોરડી વિસ્તારના દવાખાનાની જગ્યા દરદીઓના ધસારાના કારણે પ્રમાણમાં નાની પડતી હોવાથી આ સમયગાળા દરમિયાન કડી મ્યુનિસિપાલિટી દ્વારા સ્ટેશન રોડ ઉપર બસ સ્ટેશનની સામેની બાજુએ ભાડે આપવા માટે દુકાનોનું બાંધકામ કરતાં આ પૈકીની ઉપરના માળની ૧૪ દુકાનો ડૉ. રામભાઈએ નોંધાવતાં તેમને ફાળવવામાં આવી હતી. પોતાને વાચનમાં વિશેષ રસ હોવાથી આ નવા દવાખાનામાં સરસ લાઇબ્રેરી પણ ઊભી કરી હતી. વિવિધ સામયિકો પણ મંગાવતા. પ્રતિ રવિવારનો સવારનો સમય લાઇબ્રેરીમાં પસાર કરે. પીરબોરડી વિસ્તારના દવાખાનાની માફક આ નવું દવાખાનું પણ સરસ ચાલતું હતું. પરંતુ સમયના સથવારે સ્મૃતિદોષ પ્રવેશતાં ધીકતી પ્રેક્ટિસ ધરાવતું દવાખાનું તેમણે સ્વેચ્છાએ બંધ કર્યું. ખાસ અભિનંદનીય અને તેમના મૂઠી ઊંચેરા ગરિમાશીલ વ્યક્તિત્વને ઉજાગર કરતી બાબત એ છે કે આ જગ્યા વેચી મારતાં પ્રાપ્ત આકર્ષક રકમ અંગત વપરાશ માટે ન રાખતાં સેવાભાવી સંસ્થાઓ અને દવાખાનાના કર્મચારીઓને વહેંચી દીધી હતી. આવું ઉમદા પગલું ડૉ. રામભાઈ સાહેબ જ ભરી શકે !

**- ભાગ્યોદય હૉસ્પિટલ**

કડીની ભાગ્યોદય જિનિંગ ઍન્ડ પ્રેસિંગ ફૅક્ટરીના માલિકો સમાજહિતેચ્છુ અને ઉદારચેતા દાનવીરો હતા. આ દૂરંદેશી શ્રેષ્ઠીઓએ કડી અને આસપાસનાં ગ્રામ્ય પ્રજાજનો માટે કડીમાં સસ્તી અને સુયોગ્ય આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના હેતુસર ચેરિટેબલ હૉસ્પિટલ સ્થાપવાનો નિર્ણય કરતાં જરૂરી જમીન સંપાદન, કાનૂની કાર્યવાહી, હૉસ્પિટલ બાંધકામ, સંચાલન વગેરેમાં માણેકલાલ એમ. પટેલસાહેબનો અસાધારણ ફાળો રહ્યો છે. આ સાથે જ તેને મેડિકલ દષ્ટિએ ક્રિયાન્વિત કરવામાં ડૉ. રામભાઈ સાહેબની પ્રશસ્ય સેવાઓ સાંપડી હતી. પ્રસંગોપાત્ત હૉસ્પિટલની મુલાકાત લેવી અને મેડિકલ સેવાઓ સંદર્ભે ડૉક્ટર વગેરે સાથે આવશ્યક પરામર્શન ચાલુ રાખતાં આ હૉસ્પિટલ તેની સારી સુવાસ ધરાવતું થયું હતું. આ ઉપરાંત તેમણે આ હૉસ્પિટલમાં દાન પણ આપ્યું હતું.

**૫. સ્વામિનારાયણ સત્સંગી અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીના કૃપાપાત્ર :**

રામભાઈ શાળાજીવન દરમિયાન સ્વામિનારાયણ સંપ્રદાયના પરિચયમાં આવતાં ક્રમશઃ ‘પાકા સ્વામિનારાયણી’ અને આચાર-વિચારથી સાધુતાના સ્તરે પહોંચી ગયા હતા. પોતાના મહોલ્લામાં-ઘરમાં જ થોડાંક વડીલો નિયમિત મળતાં અને કથાવાર્તા કરતાં, જેમાં વચનામૃત વગેરેનું વાંચન પ્રસંગોપાત્ત રામભાઈએ કરવાનું થતું. બી. જે. મેડિકલમાં અભ્યાસકાળથી જ પૂજા એ તેમનો નિત્યક્રમ બની ગયો હતો, તેમજ કૉલેજમાં પણ ચાંલ્લો કરીને જ જતા હતા. આ અભ્યાસકાળ દરમિયાન શાહીબાગમાં અક્ષરપુરુષોત્તમ મંદિરના પાયા ખોદવાનું કામ ચાલતું હતું – પાણી ફૂટે ત્યાં સુધી ઊંડા ખોદવામાં આવતા હતા. અવકાશ મળે રામભાઈ આ કાર્યમાં જોડાઈ જતા. યોગીજી મહારાજની સેવા શ્રદ્ધાભાવ અને હૃદયની પ્રસન્નતા સાથે કરતા. યોગીજી મહારાજે તેમની સેવા-ભકિત – કાર્યનિષ્ઠા અને સાધુસ્વભાવથી પ્રસન્ન થતાં કહ્યું : ‘રામભાઈ, તમે સાધુ થઈ જાઓ’. આ સાંભળી રામભાઈ મનોમન પ્રસન્ન તો થયા, પરંતુ પોતાની સામાજિક જવાબદારીઓ – પોતાનાં વિધવા માતા, પત્ની અને પુત્રની જવાબદારીની વિનયપૂર્વક વાત કરી, ત્યારે મહારાજે જ કહ્યું કે, ‘જવાબદારીઓ પૂરી થાય ત્યારે આવજો !’ આ વાત તેમના હૈયામાં ઘર કરી ગઈ. લાંબા સમયબાદ પોતાની જવાબદારીઓમાંથી મુક્ત થતાં ૬૫ વર્ષે રામભાઈ પ્રમુખસ્વામી પાસે પહોંચી ગયા અને સાધુ બનવાની ઇચ્છા વ્યકત કરી. ત્યારે **પ્રમુખસ્વામીએ કહ્યું કે, ‘તમે સાધુ જ છો. તમારે સાધુ થવાની જરૂર નથી. તમે પ્રવૃત્તિ કરો છો તે સાધુની જ છે.’** એક સ્વામિનારાયણી તરીકે તેમણે પ્રતિ શનિવારે કડીમાં યોજાતી સત્સંગીઓની સભામાં બાળકો સાથે તેમજ રવિવારે શાહીબાગ મંદિરમાં ભકિતભાવ સાથે હાજરી આપવાનું સુસ્વાસ્થ્ય રહ્યું ત્યાં સુધી ચાલુ રાખ્યું હતું.

ડૉ. રામભાઈ તેમનાં સાધુ-પ્રકૃતિ, સેવાવ્રતી ડૉક્ટર અને નિર્વ્યાજ સત્સંગીની ગુણરાશિથી પ્રમુખસ્વામીના કૃપાપાત્ર બની રહ્યા હતા. ગુરુ-શિષ્ય પરસ્પરનો આસ્થાભાવ અસાધારણ રહ્યો હતો. ગુરુની કરુણા તો જુઓ : શિષ્યનો અંતર્નાદ સાંભળીને / મનની

ઇચ્છા જાણીને શિષ્યના દવાખાનાનું ઉદ્‌ઘાટન કરવા ગુરુ પધારે, હજારોની મેદની વચ્ચે ગુરુ શિષ્યને નામથી બોલાવે, એકાદ સત્સંગ સભા વખતે શિષ્યના મનોભાવ જાણીને ગુરુ થોડાંક ડગલાં પાછા વાળી પાછળ આવતા શિષ્યને હાર પહેરાવે, સાયન્સ કૉલેજને માતબર દાન આપી શિષ્યનું ગૌરવ વધારે, ઇંગ્લૅન્ડ અને યુગાન્ડાના પ્રવાસમાં ગુરુ પોતાની સાથે લઈ જાય અને પોતાની સાથે રાખે, વગેરે ઘટનાઓ પ્રેરણાદાયી બની રહે તેટલી ઉત્કટ છે. આ સાથે જ શિષ્યપ્રવર ડૉ. રામભાઈએ પણ ગુરુ સાથેના સંબંધો ઉજાગર કરતાં આ લખનારને જણાવ્યું હતું કે, 'પ્રમુખ સ્વામીનો શરૂઆતથી શિષ્ય. લગભગ એ પ્રમુખ થયા ત્યારથી જ. કડીમાં પ્રમુખસ્વામી તો આપણા ઘેર ઘણી વાર – દસ બાર વખત – આવી ગયેલા. બીજા સંતો પણ મહિને એક વાર તો આવે. પ્રમુખસ્વામીને તો મેં ગરમ પાણીથી નવડાવ્યા છે – ઉપરના બાથરૂમમાં. કડીમાં પ્રમુખસ્વામીની સાથે હોઉં જ. જ્યાં જવાનું હોય ત્યાં તેમની સાથે હોઉં. અમદાવાદ રહેવાના હોય એટલે ત્યાં જવાનું જ હોય – આશીર્વાદ લેવા, દર્શન કરવા. છેલ્લે આરવની બાબરી વખતે સારંગપુરમાં મળેલો.' ગુરુ-શિષ્ય વચ્ચેના આવા ઉમદા સંબંધો કોના હૈયાને હરખ ન અપાવે ? અને કોને પ્રેરણાદાયી ન બની રહે ?

**૬. સર્વ વિદ્યાલયના સેવક :**

સર્વ વિદ્યાલયમાં વર્ષ ૧૯૫૨-૫૩ થી ૧૯૫૫-૫૬ દરમિયાન ધોરણ ૮થી ૧૧ (મૅટ્રિક) સુધી તેમણે અભ્યાસ કર્યો હતો. અહીંના અભ્યાસ દરમિયાન એક તેજસ્વી વિદ્યાર્થી અને રમતવીર તરીકેની ઓળખ ધરાવતા હતા. મેડિકલનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સમયાન્તરે વર્ષ ૧૯૬૭માં કડીમાં પ્રેક્ટિસ શરૂ કરી તેને માતૃસંસ્થાનું ઋણ અદા કરવાની તક ગણીને શાળાના સંચાલક મંડળ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'માં મમત્વ સાથે જોડાયા અને જીવનપર્યંત તેની સાથે જોડાયેલા રહ્યા હતા – ખાસ સમય ફાળવીને કેમ્પસની મુલાકાત લઈ તેનું કાળજીથી જતન કરતા રહ્યા હતા. તેમણે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડીના મંત્રી તરીકે વર્ષ ૧૯૭૬-૭૭થી ૨૦૦૮-૦૯, ઉપપ્રમુખ તરીકે ૨૦૦૯-૧૦થી ૨૦૧૧-૧૨ અને પ્રમુખ તરીકે ૨૦૧૨-૧૩થી અવસાનપર્યંત અર્થાત તા. ૧૩ મે, ૨૦૨૧ સુધી સેવાઓ આપી હતી. આ ઉપરાંત કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રથમ ડાયરેક્ટર (કુલપતિ) તરીકે પણ સેવાઓ આપી હતી. મંડળના પ્રમુખ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન કડીમાં એન્જિનિયરિંગ કૉલેજ, ડૉ. રામભાઈ પટેલ સ્કૂલ તથા સી.બી.એસ.સી. સ્કૂલ અને ગાંધીનગર કૅમ્પસમાં ફિઝિયોથેરાપી કૉલેજ તથા સાયન્સ કૉલેજની સ્થાપના કરવામાં આવી છે.

મંડળમાં પ્રારંભમાં મંત્રી અને બાદમાં ચૅરમૅન તરીકે સેવાઓ આપનાર સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબ સાથે પરસ્પર અભિન્નહૃદયા સંબંધો કેળવાતાં તેમજ યોગાનુયોગ બંનેનાં નિવાસસ્થાનો એક જ સોસાઇટીમાં હોવાથી તેમની બેઠકો પ્રત્યેક સાંજે થતી. કહેવાની ભાગ્યે જ જરૂર રહે કે તેમની બેઠકોમાં ચર્ચાનો વિષય 'સર્વ વિદ્યાલય' જ રહેતો. સર્વ વિદ્યાલયનું હિત તેમના હૈયે વસી ગયું હતું. અર્થાત્ આ બંને મિત્રો સર્વ વિદ્યાલયમય બની ગયા હતા. આ લખનારના સાંભળવામાં કે વાંચવામાં આવ્યું છે કે સ્વ. માણેકલાલસાહેબનાં ધર્મપત્ની સ્વ. વિજ્યાબા કહેતાં કે, 'તેઓ વાળું કરે છે અહીં અને ચળું કરે છે રામભાઈના ત્યાં !' આ વિધાન પરસ્પરના પરિવારોના સ્નેહપૂર્ણ ગાઢ સંબંધોનું પ્રતીતિકારક બની રહે છે.

તેમના પ્રદાન સંબંધી ખાસ નોંધપાત્ર ઘટના એ છે કે આજની આપણી 'પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજ' કે જે માત્ર ગુજરાતની જ નહીં, પરંતુ ભારતની ગણતરીની શ્રેષ્ઠ કૉલેજોમાં સ્થાન ધરાવે છે. તેની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી હતી. ઈ. સ. ૧૯૭૬-૭૭ના વર્ષમાં શિક્ષણના માળખામાં મોટો ફેરફાર થતાં માધ્યમિક શિક્ષણ બે વિભાગો – માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં વિભાજિત થતાં કૉલેજનું પ્રથમ વર્ષ – પ્રિ. યુનિવર્સિટી – ઉચ્ચતર માધ્યમિકના ધોરણ ૧૨નો હિસ્સો બની જતાં આપણી સાયન્સ કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ હતી. વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સરકાર તરફથી અનુદાન મળતું હોવાથી પ્રાપ્ત અનુદાનની રકમ પણ ઘટતી જતાં પ્રતિવર્ષ મંડળને ભારે ખોટ વેઠવી પડતી હતી. આ કૉલેજ ચાલુ રાખવી કે કેમ તે મંડળ માટે પ્રશ્ન હતો. આ પરિસ્થિતિમાં ડૉ. રામભાઈએ શ્રી નટુભાઈ ભાણાભાઈ (સાયન્સ કૉલેજની ગવર્નિંગ બોડીના ચૅરમૅન) સાથે પરામર્શ કરીને દાન માટે પ્રમુખસ્વામીને વાત કરી હતી. આ સંદર્ભે આ લખનારને ડૉ.

રામભાઈસાહેબે જણાવ્યું હતું કે '... પછી તો બીજા-ત્રીજા દિવસે હું તો ગયો સ્વામી પાસે. ... સ્વામીએ અમને અટલાદરા બોલાવ્યા. માણેકલાલ પણ ભેગા ખરા. પછી વાત કરી કે અમારી બધાની આવી ઇચ્છા છે. ... મેં મારી ઇચ્છા કીધી એ મંજૂર થઈ ગઈ. ... એ પહેલાં ભગવતસ્વામીએ મને કહેલું કે કાલે રાત્રે હું સ્વામીના રૂમમાં સૂઈ ગયેલો. પ્રમુખસ્વામી એવા રાજી હતા કે રામભાઈને આપણે રાજી કરી દેવાના છે એવા શબ્દો વાપરેલા.' પ્રમુખસ્વામીએ દાનનો પ્રસ્તાવ સ્વીકારીને રૂ. ૧૧૧૧૧૧૧/-નું મંડળને દાન આપ્યું હતું.

અત્રે નોંધવું રહ્યું કે ડૉ. રામભાઈસાહેબ સર્વ વિદ્યાલય માટે દાન મેળવવામાં અગ્રેસર રહેવાની સાથે દાન આપવામાં પણ એટલા જ ઉદાર જોવા મળ્યા છે. મંડળની આવશ્યકતાનુસાર સમયાન્તરે નાની-મોટી રકમનું દાન આપતા રહ્યા છે. મંડળ દ્વારા 'ડૉ. રામભાઈ સંસ્કાર ભવન', 'ડૉ. રામભાઈ પટેલ પીટીસી કૉલેજ' (હાલમાં બંધ) અને 'ડૉ. રામભાઈ સ્કૂલ' નામાભિધાનિત કરીને ચલાવવામાં આવી રહ્યાં છે. છેલ્લે વર્ષ ૨૦૧૭માં તેમણે મંડળને રૂપિયા એક કરોડનું દાન આપ્યું છે. મંડળના હોદ્દેદાર કે દાતાશ્રી હોવાની સાથે જ મંડળ સંચાલિત શાળા, કૉલેજો દ્વારા ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવામાં આવે તેમજ વિદ્યાર્થીઓ પ્રાપ્ત જ્ઞાન થકી ઉચ્ચ ભવિષ્યનું નિર્માણ કરે તેની ચિંતા અને ચિંતન સતત કરતા રહેતા હતા. કૅમ્પસની મુલાકાત ટાણે તક મળે ત્યારે વિદ્યાર્થીઓને મળીને શું વાંચે છે ? શું વાંચવું જોઈએ વગેરે સંબંધી પ્રેરણા પણ પૂરી પાડતા રહ્યા હતા.

**૭. સર્વોદય કાર્યકર :**

ડૉ. રામભાઈ સ્વભાવથી જ સર્વોદયી અને પરોપકારી હતા. પરંતુ કરણનગરના કુબેરભાઈ નાયક 'સર્વોદય'નું કામ કરતા હોવાથી તેમની સાથેની મિત્રતાના કારણે 'સર્વોદય'ના રંગે રંગાઈ ગયા હતા. અરે ! પોલિએસ્ટર કપડાં છોડીને ખાદીનાં કપડાં પહેરતા થઈ ગયા હતા. સર્વોદયની પ્રવૃત્તિઓ માટે પ્રસંગોપાત્ત શ્રી બબલભાઈ મહેતા, ડૉ. દ્વારકાદાસ જોશી અને તેમનાં પત્ની શ્રીમતી રતનબહેન, ડૉ. વસંત પરીખ વગેરે કડીમાં પધારતાં રહેતાં હોવાની સાથે તેમના નિવાસસ્થાને રોકાણ કરતાં તેમજ તેમની સાથે ફરવાનું થતાં તેમનો ગાઢ પરિચય કેળવાતો જતાં તેમણે 'સર્વોદય'ની ભાવનાને આત્મસાત કરી હતી. અને ખાસ તો કડીમાં સર્વોદય પ્રવૃત્તિઓનાં આયોજન અને તેને સુપેરે સંપન્ન કરવાનો પ્રમુખ આધારસ્રોત બની રહ્યા હતા. આ સંદર્ભે બે કિસ્સા જોઈએ : વિનોબાના આદેશ અનુસાર ૧૨ વર્ષનો જનવાસ ધારણ કરનારી ચાર બહેનો સર્વોદયના પ્રચાર-પ્રસાર હેતુ અને 'ભૂમિપુત્ર'ના લવાજમ હેતુ કડીમાં આવી હતી. આ સમયે 'ભૂમિપુત્ર'નું વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ હતું. તેમનો લક્ષ્યાંક ૧૦૦ લવાજમો મેળવવાનો હતો. ડૉ. વસંતભાઈએ ડૉ. રામભાઈને હસતાં હસતાં જણાવ્યું હતું કે ૧૦૦ લવાજમો નહીં થાય તો અમે તમારા ત્યાં જમીશું નહીં, પરંતુ ડૉ. રામભાઈ પ્રતિ સમાજના વિવિધ વર્ગોમાં ભારે સન્માનના કારણે કેટલાકે એકથી અધિક લવાજમો આપતાં ભૂમિપુત્રનાં ૩૮૩ લવાજમો મેળવી શકાયાં હતાં. આ લવાજમો સમાજ ઉપર ડૉક્ટર રામભાઈના પ્રભાવનું તેમજ નગરજનો તેમને કેટલા બધા ચાહે છે તેનું પ્રમાણ બની રહ્યાં. આ સમયગાળામાં વિનોબા સાબરમતી આશ્રમમાં હતા. આ લાવજમોની સંખ્યાની જાણ વિનોબાને કરવામાં આવતાં એમણે કહ્યું : 'આવું અને આટલું કામ અહીં સાબરમતી જેવા સ્થળમાં પણ નથી થઈ શક્યું.' આ ઉપરાંત એક અન્ય ઉદાહરણ એ છે કે એક એક રૂપિયો લઈને ૫૦૦ સર્વોદય મિત્રો કડી પ્રદેશમાંથી બનાવવાનું વચન કુબેરકાકાએ મહેસાણાની સભામાં આપ્યું હતું. આ વચન પણ ડૉ. રામભાઈએ ગણતરીના સમયમાં ૫૦૦ સભ્યો બનાવીને પૂરું કર્યું હતું. આટલું જ નહીં એક રૂપિયાની સામે પ્રત્યેક સભ્યને ૦.૭૫ પૈસાની પુસ્તિકા ભેટમાં આપી અને આ બધા 'સર્વોદય મિત્રો'ની ગોષ્ઠીનું કડીમાં આયોજન કરીને આ સૌને યાદગાર ભોજન પણ કરાવ્યું – આ બધો જ ખર્ચ સર્વોદયી ડૉ. રામભાઈએ પ્રેમાદર સાથે વહન કર્યો હતો.

**૮. આર.એસ.એસ.ના કાર્યકર :**

'સર્વોદય'ની સાથે જ 'આર.એસ.એસ.' પણ ડૉ. રામભાઈની વિચારસરણી સાથે વણાઈ ગયેલી – એક સિક્કાની બીજી બાજુ સમાન – પ્રવૃત્તિ હતી. કડીમાં તેમના આગમન સમયે સંઘ સાથે નાતો ધરાવનારાઓને જાણ થઈ કે ડૉક્ટર પણ આર.એસ.એસ.વાળા છે. ત્યારે તેમણે ડૉક્ટર સાહેબને કડીમાં આગમનના પ્રથમ દશેરાએ જ 'સર્વાધિકારી' બનાવી દીધા હતા. આ

લખનારને તેમણે જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ દાસકાકા હતા અને પોતે મંત્રી હતા ત્યારે કડી કૅમ્પસમાં આર.એસ.એસ.ની ૨૫ દિવસની વાર્ષિક શિબિરના આયોજનની મંજૂરી આપી હતી. આ શિબિરમાં સંઘના વડાઓ અને અન્ય અધિકારીઓ પધારતા હોઈ પોતાના દવાખાનાનું કામ આટોપીને દરરોજ સાંજે પોતાની હાજરી આપતા અને આ પ્રવૃત્તિઓનો રસપૂર્વક અભ્યાસ કરતા. તેમનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું હતું કે 'સંઘએ દેશની વાતો કરે છે. સંઘએ સારી પ્રવૃત્તિ કરે છે.'

**૯. કોમી રમખાણો અને શાંતિની પ્રસ્થાપના :**

ગરીબોના હમદર્દ અને સેવાવ્રતી ડૉક્ટર, રાજકીય રીતે નિર્લિપ્ત હોવાની સાથે કડીની અનેકવિધ સંસ્થાઓ સાથે સેવાભાવનાથી જોડાયેલા રહેતાં કડીનાં આબાલવૃદ્ધ નાગરિકો તેમના પ્રતિ ભારે સન્માનની લાગણી દાખવતાં, તેમજ તેમના શબ્દો કે લાગણીને માન આપતાં. વર્ષ ૧૯૭૨માં કડીમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં ત્યારે તેને શાંત કરવા ગામના અગ્રણીઓ સાથે તેમના પ્રયાસો સદૈવ સરાહનીય બની રહેશે. ડૉ. રામભાઈ સાહેબ અને માણેકલાલ એમ. પટેલસાહેબે જોખમ વહોરીને – 'જ્યાં જવાય નહીં તેવી જગ્યાએ જઈને' – પણ મુસ્લિમ વિસ્તારની મુલાકાત લઈ તેમને સમજાવવા દૃષ્ટિપૂત પ્રયાસો કર્યા હતા.

**૧૦. સમાજ-સેવા :**

ડૉ. રામભાઈ સાહેબ વ્યવસાયે તબીબ – MBBS ડિગ્રીધારી. તેમણે પોતાના પૂજ્યપાદ ગુરુવર્ય પ્રમુખસ્વામી મહારાજનો તેમના વિશેનો આત્મવિશ્વાસ 'તમે તો સાધુ જ છો' તે તેમજ 'Code of Medical Ethics : to render service to huminity; reward or financial gain is a subordinate consideration' ને જીવનપાથેય તરીકે આત્મસાત કરીને જીવંતપર્યંત વ્યવસાયિક ફરજો વહન કરી હતી. તેમણે સેવાપરાયણ અને સહૃદયી ડૉક્ટર તરીકે લોકહૃદયમાં ભારે મોટું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત વિવિધ સમાજસેવી સંસ્થાઓ સાથે જોડાઈને પોતાનાં સમય અને તજજ્ઞતા પૂરી પાડી છે, તેમજ ઉદારચેતા હૃદયે આર્થિક સહયોગ / દાન પણ આપ્યું છે. અને તે પણ મુખર થયા સિવાય અર્થાત્ મૌન રહીને. મેં કર્યું / અમે કર્યું તેવા શબ્દો તેમની પાસેથી ભાગ્યે જ કોઈએ સાંભળ્યા હશે. તેમની પ્રેરણા અને પ્રોત્સાહનથી કડીમાં શરૂ કરવામાં આવેલ અન્નક્ષેત્ર પ્રશસ્ય સેવાઓ આપી રહ્યું છે. આ સંસ્થા પાસે પર્યાપ્ત ભંડોળ થઈ જવાથી દાનની ઑફરોનો પણ સવિનય અસ્વીકાર કરે છે. તેમણે અક્ષર પરુષોત્તમ સંસ્થા, ભાગ્યોદય હૉસ્પિટલ, અન્નક્ષેત્ર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વતન કરણનગરની હાઈસ્કૂલ વગેરે સંસ્થાઓમાં દાન આપ્યું છે. દાન આપવામાં વિવેક અને ફરજ પાલનનું એક ઉદાહરણ એ કે પોતાના ગામમાં હાઈસ્કૂલનું મકાન ગામની પૂર્વદિશા કે પશ્ચિમ દિશામાં બાંધવું તે સંદર્ભે ગામની તેમની પાટી અને સામેની પાટી વચ્ચે મતભેદ થતાં તેમની પાટીવાળાઓએ હાઈસ્કૂલમાં દાન ન આપવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયની ઉપરવટ જઈને – કુટુંબ બહાર મૂકવાની ધમકીને અવગણીને શાળાને દાન આપવું તે ફરજ ગણીને હાઈસ્કૂલને દાન આપ્યું હતું – આપતા રહ્યા હતા. આ છે ડૉ. રામભાઈનું ખમીર અને કર્તવ્યનિષ્ઠા. આવા સેવામૂર્તિ ડૉ. રામભાઈ સાહેબ વિવિધ સમાજસેવી સંસ્થાઓ દ્વારા સ્નેહાદર સાથે પ્રસંગોપાત્ત સન્માનિત કરવામાં આવ્યા હતા.

**૧૧. સમાપન :**

સ્વનામ ધન્ય ડૉ. રામભાઈ સાહેબ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી નગરના એક ગૌરવપુરુષ હતા. મુખર થયા સિવાયની તેમની સેવાભાવના અને નિર્મળ વ્યકિતત્વ સદૈવ સ્મરણીય અને અનુકરણીય બની રહેશે. તેમના અસ્તિત્વથી **'કુલં પવિત્રં, જનની કૃતાર્થા, વસુંધરા પુણ્યવતી ચ યેન'** અર્થાત્ કુળ પવિત્ર થયું છે, માતા ધન્ય થઈ છે અને વસુંધરા અર્થાત્ તેમની જન્મભૂમિ કરણનગર અને કર્મભૂમિ કડી નગર ભાગ્યશાળી થયાં છે. 'સર્વ વિદ્યાલય' આવા પુણ્યાત્માઓથી – મૂઠી ઊંચેરાં વ્યક્તિત્વોથી સદાય હર્યુંભર્યું બની રહે તેવી ઈશને પ્રાર્થના.

(**ઋણસ્વીકાર** : આ શ્રદ્ધાંજલિ લેખ આ લખનારે ડૉ. રામભાઈ પટેલસાહેબની વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન એકાધિક વખત લીધેલી રૂબરૂ મુલાકાતો અને મોહનભાઈ પટેલસાહેબકૃત ગ્રંથ 'માનવહિતૈષી રામભાઈ' (૨૦૧૮)ના આધારે તૈયાર કર્યો છે.)

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી)ના
## સદ્દગત પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલસાહેબ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સન્માનનીય પ્રમુખશ્રી, કડીના ગૌરવપુરુષ તેમજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર ડૉ. રામભાઈ પટેલસાહેબનું ગુરુવાર, તા. ૧૩ મે, ૨૦૨૧ ના રોજ અવસાન થતાં સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે. સ્વ. રામભાઈસાહેબ સર્વ વિદ્યાલયના એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે સર્વ વિદ્યાલય પ્રતિ અનન્ય આસ્થાભાવ ધરાવવાની સાથે તેના ઊર્ધ્વતર વિકાસ માટે પ્રતિબદ્ધતા સાથે સમર્પિત બની રહ્યા હતા. ગુજરાત અને દેશમાં ખ્યાતિપ્રાપ્ત આજની આપણી પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ માટે ડૉ. રામભાઈસાહેબે અંગત રસ લઈ પ્રમુખસ્વામીને વાત કરતાં પૂ. સ્વામીજી તરફથી માતબર દાન મેળવી આપ્યું હતું. આ ઉપરાંત ડૉ. રામભાઈસાહેબ આ મંડળને વખતો-વખત દાન આપતા રહયા હતા. છેલ્લે તેમણે વર્ષ ૨૦૧૭માં મંડળને રૂપિયા એક કરોડની ઉમદા સખાવત કરી હતી.

સ્વ. રામભાઈસાહેબ વર્ષ ૨૦૧૨થી અવસાનપર્યંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપતા રહ્યા હતા. આ પૂર્વે તેમણે વર્ષ ૧૯૭૬-૭૭થી મંત્રી અને સમયાન્તરે ઉપપ્રમુખ તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રથમ ડાયરેક્ટર (કુલપતિ) તરીકે સેવાઓ આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ તાજેતરનાં વર્ષોમાં કડીમાં એન્જિનિયરિંગ કૉલેજ, ડૉ. રામભાઈ એમ. પટેલ સ્કૂલ, સી.બી.એસ.સી. સ્કૂલ અને ગાંધીનગરમાં ફિઝિયોથેરાપી કૉલેજ, સાયન્સ કૉલેજ વગેરે શરૂ કરવામાં આવી છે.


સ્વ. ડૉ. રામભાઈસાહેબ કડીનગર અને આસપાસનાં ગામડાંઓમાં એક કુશળ અને સેવાપરાયણ ડૉક્ટર તરીકે લોકહૈયામાં વસી ગયા હતા, તેમજ અપાર લોકચાહના પામ્યા હતા. કડીમાં ભાગ્યોદય હૉસ્પિટલના ક્રિયાન્વયનમાં તેમજ કોમી એખલાસતા જાળવી રાખવામાં તેમનું પ્રદાન સદૈવ સ્મરણીય બની રહેશે.

પૂજ્ય ડૉ. રામભાઈ પટેલસાહેબ તેમનાં સેવાપરાયણતા, દાનશીલતા, અનપેક્ષ, વિશુદ્ધ અંતઃકરણ અને મૃદુસ્વભાવ, દૂરંદેશિતાશીલ શૈક્ષણિક દૃષ્ટિ માટે સદૈવ સ્મરણીય બની રહેશે. અને ખાસ તો અનાસક્ત ભાવે-મૌન રહીને પ્રાપ્ત ફરજોનું માનવીય સંવેદનશીલતા સાથે પાલન કરતા રહ્યા હતા. ઈશ્વર તેમના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમનાં શોકસંતપ્ત કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

**સર્વ વિદ્યાલય પરિવાર**

**કડી - ગાંધીનગર**

# સ્વ. પીતાંબરભાઈ એચ. પટેલ



સર્વ વિદ્યાલયનું ગૌરવ એવા વિશ્વવિખ્યાત **'ભાભા એટમિક રિસર્ચ સેન્ટર'** (BARC), મુંબઈના સેવાનિવૃત્ત પ્રતિભાસંપન્ન વૈજ્ઞાનિક શ્રી પીતાંબરભાઈ પટેલ (૧૯૩૪)નો આત્મા તા.૩૦ એપ્રિલના રોજ પરમાત્મામાં વિલીન થઈ ગયો. તેમણે કારકિર્દીનો પ્રારંભ BARC માં વર્ષ ૧૯૫૫-૫૬ માં જોડાઈને કર્યો અને અહીંથી જ વયોચિત સેવાનિવૃત્ત થયા હતા. તેમની અહીંની કારકિર્દી યશસ્વી રહી હતી. અહીંના સેવાકાળ દરમ્યાન તેમનાં પ્રતિભા, કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભકિતથી પોષાયેલી પ્રામાણિકતાને ધ્યાને લઈ ભારત સરકાર દ્વારા ઉચ્ચ અભ્યાસ અર્થે તેમને સ્કૉટલેન્ડ મોકલવામાં આવ્યા હતા. તેમણે ઉત્તરોત્તર પદોન્નતિ મેળવતાં રેડિએશન પ્રોટેકશન ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ તરીકે ઘણાં વર્ષો સુધી  સેવાઓ આપી હતી. આ દરમિયાન તેમણે 'ઈન્ટરનેશનલ એટમિક રેડિએશન પ્રોટેકશન કોન્ફરન્સ' - વિયેનામાં સતત ત્રણ વર્ષ સુધી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, તેમ જ એક વખત આ કોન્ફરન્સનું અધ્યક્ષપદ પણ શોભાવ્યું હતું. આ ઉપરાંત ભારતની કેન્સર હૉસ્પિટલો કે જ્યાં એક્ષ-રે રેડિએશનનો વપરાશ થાય છે એ બધી સંસ્થાઓ એમની દેખરેખ હેઠળ રહેતી. તેમની કાર્યનિષ્ઠા અને અણિશુદ્ધ પ્રામાણિકતાના કારણે BARC ના નિદેશકો સર્વ શ્રી ડૉ. રમન્ના, ડૉ. શેઠના, ડૉ. અબ્દુલ કલામ, ડૉ. ચિદમ્બરમ વગેરેના સ્નેહભાજન બની રહ્યા હતા.

સ્વ. પીતાંબરભાઈનું વતન મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાનું અમૂઢ ગામ, જ્યાં તેમનો જન્મ શાખે લાડોલા પરિવારમાં ૧ જાન્યુઆરી, ૧૯૩૪ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ હરિભાઈ પટેલ અને માતાનું નામ સૂરજબા. તેમનાં પત્નીનું નામ શ્રીમતી હીરાબહેન. તેમના પરિવારમાં ત્રણ પુત્રીઓ - કૈલાસબહેન, સ્મિતાબહેન અને હેમલબહેન (મો. ૯૯૨૪૫૬૦૫૫૫) તથા પુત્ર સીમિત (મો. ૯૮૨૫૪૯૪૯૨૬) છે. તેમણે વતનમાંથી પ્રાથમિક શિક્ષણ મેળવીને સર્વ વિદ્યાલય, કડીમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. અહીંના અભ્યાસકાળ દરમ્યાન આચાર્યશ્રી નાથાભાઈ સાહેબ અને શ્રી મોહનભાઈ સાહેબ વગેરે ગુરુજનો પ્રતિ અસાધારણ આસ્થાભાવ ધરાવવાની સાથે તેમના સતત સંપર્કમાં રહ્યા હતા. મેટ્રિક થયા બાદ ગુજરાત કૉલેજ (અમદાવાદ)માંથી ભૌતિકશાત્ર વિષય સાથે B.Sc. સુધીનો અભ્યાસ કર્યા બાદ ડૉ. વિક્રમ સારાભાઈના માર્ગદર્શન હેઠળ M.Sc. નો અભ્યાસ શરૂ કર્યો હતો, પરંતુ આ દરમ્યાન BARCમાં પસંદગી પામતાં ત્યાં જોડાયા હતા. અહીંથી વર્ષ ૧૯૯૩માં સેવાનિવૃત્ત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સદ્ગત ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબ સાથેના ગાઢ સ્નેહ સંબંધોથી પ્રેરાઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કારોબારી સમિતિના સભ્ય તરીકે તેમણે જીવનપર્યંત સેવાઓ આપી છે. આ ઉપરાંત કેટલીક સમાજસેવી સંસ્થાઓ સાથે સેવાપરાયણ ભાવ સાથે જોડાયેલા રહ્યા હતા. આ પૈકી ખાસ તો 'સ્ત્રી કેળવણી ઉત્તેજક મંડળ'માં તેઓશ્રી વિશેષ સક્રિય હતા. તેમના વ્યકિતત્વની આગવી વિશેષતા એ છે કે તેઓ શ્રી બાલ્યવયથી જ આધ્યાત્મિકતાના રંગે રંગાયેલા હતા. ખાસ તો તેમના વતન અમૂઢમાં સત્સંગ માટે હિમાલયથી પ્રતિવર્ષ પધારતા પરમ પૂજ્ય સ્વામી શ્રી રાઘવાનંદજી (૧૦૦૮)થી તેમનો સમગ્ર પરિવાર અને તેઓશ્રી સ્વયં વિશેષ પ્રભાવિત હતા. પોતાની કારકિર્દીનું

શ્રેય પૂજ્ય સ્વામીજીને વિનમ્રભાવે આપતા રહ્યા હતા. તેઓશ્રી સ્વામીજીની જ પ્રેરણાથી આપણા આર્ષગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના આકંઠ અભ્યાસી બની રહીને ગીતાનો કર્મયોગ તેમણે જીવનમાં સાચા અર્થમાં પચાવ્યો હતો, તેમજ વ્યવહારમાં અપનાવ્યો હતો. વિદ્વદ્દ્વરેણ્ય અરવિંદાયન પ્રો. અશ્વિન કાપડિયા સાથેના સંપર્કથી તેઓશ્રી મહર્ષિ અરવિંદ અને પૂ. માતાજીના તત્ત્વચિંતનથી પ્રભાવિત રહ્યા હોવાની સાથે તેમના પ્રતિ વિશેષ આસ્થાભાવ ધરાવતા હતા. ધ્યાનપાત્ર બાબત તો એ છે કે તેઓશ્રી મૂઠી ઊંચેરા પ્રતિભાસંપન્ન વૈજ્ઞાનિક હોવા છતાં પોતાની જાતને હંમેશાં લો પ્રોફાઈલમાં રાખતા રહ્યા હતા. સાદગી, સરળતા અને માનવીય ફરજોનું પાલન એ તેમનો જીવન આદર્શ રહ્યો હતો. સર્વ વિદ્યાલયનું ગૌરવ એવા પીતાંબરભાઈ પટેલના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૈયે પ્રાર્થના.

**સર્વ વિદ્યાલય પરિવાર**

### સ્વ. પ્રો. બાબુભાઈ વણકર



પ્રમુખસ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડીના સંસ્કૃત વિષયના એસોસિયેટ પ્રોફેસર ડૉ. બાબુભાઈ હીરાભાઈ વણકરનું (૧૯૬૯) કોરાનાના કારણે તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ અવસાન થયું. તેઓશ્રી આ કૉલેજમાં તા. ૧ ઑકટોબર, ૧૯૯૩થી સંસ્કૃત વિષયના અધ્યાપક તરીકે સેવાઓ આપવા ઉપરાંત એન.એસ.એસ. કૉ-ઓર્ડિનેટર તથા પરીક્ષા સંબંધી કાર્યભાર પણ સંભાળતા હતા. સંનિષ્ઠ અને કાર્યદક્ષ પ્રા. બાબુભાઈ વણકરના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

### પ્રો. પાર્થ જોશી



ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના અર્થશાત્ર વિષયના પ્રોફેસર અને વિભાગના વડા પ્રો. પાર્થ આર. જોશીનું અવસાન કોરોનાના કારણે તા. ૧૬ એપ્રિલ, ૨૦૨૧ના રોજ થયું તેઓશ્રી ઈ. સ. ૧૯૯૧માં જૂન માસમાં કૉલેજ શરૂ થઈ ત્યારથી છેલ્લા ૩૧ વર્ષથી સાતત્યપૂર્વક સેવાઓ આપતા હતા. તેમણે કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલની જવાબદારીઓ પણ અવારનવાર સંભાળી હતી. તેમની શૈક્ષણિક કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. તેમણે બી.એ. અને એમ.એ. ની ડિગ્રીઓ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને રહી સુવર્ણચંદ્રક સાથે મેળવી હતી. તેમનું અધ્યાપન તેજસ્વી અને ઓજસ્વી હતું. કૉલેજની સાંસ્કૃતિક અને ઘડતરલક્ષી પ્રવૃત્તિઓમાં તેઓ વિદ્યાર્થિનીઓ સાથે કુટુંબભાવ રાખી ઉત્તમ માર્ગદર્શન અને તાલીમ આપતા. પરમ કૃપાળુ પરમાત્મા પ્રા. પાર્થ જોશીના આત્માને ચિર શાંતિ અર્પે એવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

### સ્વ. પ્રો. શ્રી જે. ડી. રાઓલ



એલ.ડી.આર.પી. ઍન્ડ આઈ.ટી.આર., ગાંધીનગરના સિવિલ એન્જિનિયરિંગ વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી જે. ડી. રાઓલનું કોરોનાના કારણે તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૧ના રોજ અવસાન થયું. તેઓશ્રી તા. ૧ જુલાઈ, ૨૦૧૩થી આ પદ ઉપર સેવાઓ આપતા હતા. આ પૂર્વે તેમણે તા. ૧૫ જૂન, ૨૦૧૨થી ૩૦ જૂન, ૨૦૧૩ સુધી વીપીએમપીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવાઓ આપી હતી. એક પ્રતિબદ્ધ અને સમર્પિત અધ્યાપક તરીકે વિદ્યાર્થીઓ પ્રતિ તેમની કર્તવ્યનિષ્ઠા અને કર્મનિષ્ઠા સદાય સ્મરણીય બની રહેશે. ઈશ્વર સદ્ગતના આત્માને શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

## સ્વ. મહેશભાઈ ત્રિવેદી



શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા.શાળાના ગ્રંથપાલ શ્રી મહેશભાઈ ગિરજાશંકર ત્રિવેદી (૧૯૬૪)નું કોરોનાના કારણે તા. ૨૬-૦૪-૨૦૨૧ ના રોજ અવસાન થયું. તેઓશ્રી ડિપ્લોમા સિવિલ એન્જિનિયરની શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા. તેમણે તા. ૦૧-૦૮-૧૯૮૩ થી તા. ૧૪-૦૭-૧૯૯૪ સુધી ટેક્નિકલ હાઈસ્કૂલ, કડીમાં સેવાઓ આપ્યા બાદ તા. ૧૫-૦૭-૧૯૯૪થી અવસાનપર્યંત શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા.શાળા, ગાંધીનગરમાં ગ્રંથપાલ તરીકે સેવાઓ આપતા હતા. તેમણે ગ્રંથાલયને સરસ્વતી ઉપાસનાનું રૂડું ધામ બનાવી દીધું હતું. શાળા ગ્રંથાલયમાં અનેકવિધ પ્રવૃત્તિઓનું દૃષ્ટિપૂત આયોજન કરીને શાળાપરિવાર – વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો – માટે બહુવિધ રીતે ઉપકારક બની રહ્યા હતા. તેઓશ્રી એક સંનિષ્ઠ, ક્રિયાશીલ અને સહૃદયી ગ્રંથાલયી હતા. ઈશ્વર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

## સ્વ. અર્જનભાઈ બામણિયા



પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કડીના શિક્ષક શ્રી અર્જનભાઈ ભેમાભાઈ બામણિયાનું કોરાનાના કારણે તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૧ના રોજ અવસાન થયું. તેઓશ્રી સદર શાળામાં વર્ષ ૨૦૦૫થી શિક્ષક તરીકે સેવાઓ આપતા હતા. તેઓ ઉદ્યમી શિક્ષક હોવાની સાથે શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓ સાથે તેમનો વ્યવહાર પ્રશસ્ય રહ્યો હતો. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

## સ્વ. જતીનભાઈ બી. ત્રિવેદી



શ્રી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૪ જુલાઈ, ૨૦૦૦થી કારકુન તરીકે સેવાઓ આપતા શ્રી જતીનકુમાર બાબુલાલ ત્રિવેદીનું કોરોનાના કારણે તા. ૧૬ મે, ૨૦૨૧ના રોજ અવસાન થયું. તેઓશ્રી સૌમ્ય અને શાંતિપ્રિય પ્રકૃતિ ધરાવવાની સાથે કર્તવ્યશીલ અને સેવાપરાયણ કર્મચારી તરીકેની ઓળખ પામ્યા હતા. ઈશ્વર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે અને સ્વજનોને આવી પડેલ દુઃખ સહન કરવાની શકિત આપે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

## સ્વ. વિક્રમસિંહ સોઢા



સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં સ્થિત હાયર એજ્યુકેશન બૉઇઝ હોસ્ટેલના કોઠારી કમ-ગૃહપતિ શ્રી વિક્રમસિંહ તેજાજી સોઢાનું હાર્ટ ઍટેકના કારણે તા. ૪ નવેમ્બર, ૨૦૨૦ના રોજ અવસાન થયું. તેઓશ્રી તા. ૨૫ ઑગસ્ટ, ૨૦૦૭ થી આ સંસ્થામાં સેવાઓ આપતા હતા. હૉસ્ટેલના કોઠારી અને ગૃહપતિ તરીકે તેમની કામગીરી પ્રશસ્ય રહી હતી. ઈશ્વર તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.



## સ્વ. છગન ભૈયા

ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. એસ. આર. રંગનાથન પ્રદત્ત 'Five Laws of Library Science' = 'ગ્રંથાલય પંચસૂત્રી'ને ખરા અર્થમાં જીવનપાથેય બનાવીને જીવીજનાર ગુજરાતના સર્વોત્તમ સાર્વજનિક પુસ્તકાલય 'શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' (અમદાવાદ)ના સેવાનિવૃત્ત ગ્રંથપાલ સ્વ. છગન ભૈયાનું તા. ૧૩ મે, ૨૦૨૧ના રોજ અવસાન થતાં ગુજરાતે અગ્રણી ગ્રંથાલયવિદ ગુમાવતાં ગુજરાતના ગ્રંથાલય વ્યવસાયિકોમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ. તેમના વિશે આશ્ચર્યકારક અને ગૌરવપ્રદ ઘટના એ છે કે તેમણે મૅટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ ૧૯૫૭માં આ જ પુસ્તકાલયમાં વર્ગ-૪ના કર્મચારી તરીકે પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો અને સમયાન્તરે શૈક્ષણિક યોગ્યતા હાંસલ કરતાં વર્ષ ૧૯૭૭માં આ જ પુસ્તકાલયના સર્વોચ્ચ પદ - ગ્રંથપાલપદે નિયુકત થતાં ડિસેમ્બર, ૨૦૦૦ સુધી સેવાઓ આપીને વયોચિત સેવાનિવૃત્ત થયા હતા. એટલું જ નહીં, પરંતુ પોતાનાં પ્રતિભા, પ્રતિબદ્ધત્તા, પહેલવૃત્તિ – innovative અને કર્તવ્યનિષ્ઠ તથા સેવાપરાયણ પ્રકૃતિના કારણે તેઓશ્રી પોતાની કારકિર્દી દરમિયાન પુસ્તકાલયના વાચકો, સાહિત્યકારો ઉપરાંત વખતોવખતના અમદાવાદ મ્યુનિસિપાલિટીના મેયરો, સભ્યશ્રીઓ, અધિકારીઓ વગેરેના પ્રીતિપાત્ર બની રહ્યા હતા. તેમના સેવાકાળ દરમિયાન સાવજનિક પુસ્તકાલયને પોષક અને પૂરક એવી અનેકવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ, જેમ કે સાહિત્યગોષ્ઠી, કાવ્યધારા, રમકડાંગૃહ, આર્ટ ગૅલેરી, પિક્ચર ગૅલેરી બાળ પુસ્તકાલય, મહિલા વિભાગ, અમદાવાદ : ગઈ કાલ અને આજ, બાળસાહિત્ય અકાદમી, ઉદ્યાન પુસ્તકાલય, બ્રેઈલ અને ટૉકિંગ બુક લાઇબ્રેરી, શાખા ગ્રંથાલયો વગેરેનું સંવર્ધન યા પ્રારંભ કરીને તેમાં પ્રાણ પૂરીને આ પુસ્તકાલયને અમદાવાદના ધબકતા સંસ્કારકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરી આપ્યું હતું. સાર્વજનિક પુસ્તકાલય એટલે શું અને સમાજના સંસ્કાર ઘડતર અને ચણતરમાં તેની શું ભૂમિકા હોઈ શકે તેનો આદર્શ તેમણે પૂરો પાડ્યો હતો.

આ પુસ્તકાલયના સુચારુ વ્યવસ્થાપન, સંચાલન અને સુનિયોજિત વિકાસમાં દષ્ટિપૂત પ્રદાન કરવાની સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષય ક્ષેત્રનાં ૫૦ જેટલાં ગુજરાતી ભાષામાં સત્વશીલ પુસ્તકોનું સર્જન એ તેમનું સીમાચિહન પ્રદાન છે. આ પુસ્તકો સંબંધી ખાસ નોંધપાત્ર બાબત એ છે કે ગ્રંથાલય વિજ્ઞાનના સર્ટિફિકેટ, ડિપ્લોમા કે સ્નાતકસ્તરના અભ્યાસક્રમ માટે ગુજરાતી ભાષામાં નહિવત માત્રામાં પુસ્તકો ઉપલબ્ધ હતાં ત્યારે તેમણે – એક હિંદી ભાષીએ સવાયા ગુજરાતી બનીને – મહિમાશીલ પ્રદાન  કર્યું. આ પૈકી 'ડયૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ : મૂળ ગ્રંથની ૨૦મી અને ૨૧ મી આવૃત્તિ આધારિત' (૨૦૧૦) ગ્રંથ એ મૂળ અંગ્રેજી ગ્રંથનો –બૃહદાકાર ત્રણ ખંડોનો – સંક્ષેપમાં સારરૂપ અનુવાદ (૪૦૦ પૃ.) હોવા છતાં પણ તેમની પ્રોજ્જ્વલતમ પ્રતિભાનો અને કૃતસંકલ્પ પુરુષાર્થનો દ્યોતક ગ્રંથ છે – 'Magnum opus' – સર્વોત્તમ ગ્રંથ છે. વળી, ગુજરાતી ભાષા માટે ગૌરવપ્રદ ઘટના એ કે પ્રસ્તુત ગ્રંથનો આ ગુજરાતી અનુવાદ ભારતીય ભાષાઓમાં સૌ પ્રથમ છે. તેમણે આ ઉપરાંત ગ્રંથાલય વિજ્ઞાન પ્રમાણપત્ર કોર્સમાં લાબા સમય સુધી અધ્યાપન કરાવ્યું હતું. આ ઉપરાંત રાજ્યની કેટલીક યુનિવર્સિટીઓ દ્વારા B. Lib. Sc. અને M. Lib. Sc.ના અધ્યાપન માટે નિમંત્રિત કરવામાં આવતાં તેમણે મુલાકાતી અધ્યાપક તરીકે કેટલાંક વર્ષો સુધી સેવાઓ આપી હતી. આ પ્રતિભાશીલ ગ્રંથાલયીની ગુજરાત સરકારે પણ 'ગ્રંથાલય વિકાસ સલાહકાર બોર્ડ', 'ગુજરાત રાજય લાઇબ્રેરિઅન્સ પે કમિશન' વગેરેના સભ્યપદે નિમણૂક કરીને સેવાઓ લીધી હતી.


આવા ગરવા ગ્રંથાલયી છગનલાલ મથુરદાસ ભૈયાનો જન્મ ૧૨ ડિસેમ્બર, ૧૯૩૮ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમનું મૂળ વતન અલાહાબાદ (ઉ.પ્ર.), પરંતુ તેમના પિતાશ્રી રોજગાર હેતુ અમદાવાદમાં સ્થાયી થયા

હતા. મૅટ્રિકના અભ્યાસ બાદ કુટુંબની અભાવગ્રસ્ત આર્થિક સ્થિતિના કારણે નોકરી શરૂ કરતાં બાહ્ય વિદ્યાર્થી તરીકે એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો. આ ઉપરાંત રેગ્યુલર વિદ્યાર્થી તરીકે ધારવાડ યુનિવર્સિટીમાંથી એમ.લિબ. એસસી.ની ડિગ્રી સુવર્ણચંદ્રક સાથે મેળવી દેશના અગ્રણી ગ્રંથાલયવિદ પ્રો. એમ. એચ. કુંભારના પ્રીતિપાત્ર શિષ્યરત્ન બની રહ્યા હતા. તેમના દષ્ટિપૂત ગ્રંથાલયી તરીકેના ઘડતરમાં મા. જે. પુસ્તકાલયના પુરોગામી ગ્રંથપાલ શ્રી મોહનદાસ પટેલનો પ્રશસ્ય ફાળો રહ્યો હતો. તેમની બહુઆયામી અને બહુશ્રુત સેવાઓને ધ્યાને લઈ તેઓશ્રી 'સંસ્કાર અવૉર્ડ' (૧૯૯૫), 'ગૂર્જર શ્રેષ્ઠ અવૉર્ડ' (૨૦૦૭) વગેરેથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

ઈશ્વર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે તેવી સર્વ વિદ્યાલય પરિવારની ભગ્નહૃદયે પ્રાર્થના.

**મણિભાઈ પ્રજાપતિ**

## સ્વ. ડૉ. પદ્મનાભ જૈની



પાલી અને પ્રાકૃતભાષાના પ્રકાંડ વિદ્વાન તથા જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મના સમર્થ જ્ઞાતા ડૉ. પદ્મનાભ જૈનીનું ૨૫ મેના રોજ બર્કલે, અમેરિકામાં થયેલાં અવસાન અંગે ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ટ્રસ્ટીઓ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી અનુભવે છે. અમદાવાદના વિદ્વાનો સાથે ગાઢ નાતો ધરાવનાર ડૉ. પદ્મનાભ જૈનીએ પંડિત સુખલાલજી પાસે રહીને અભ્યાસ કર્યો હતો અને પંડિતજીએ એમને બૌદ્ધ ધર્મની જાણકારી માટે પાલીગ્રંથો વાંચવા પ્રેરિત કર્યા હતા. આથી તેઓ શ્રીલંકા ગયા હતા અને ત્યાં પાલીભાષા અને બૌદ્ધ ધર્મના પ્રકાંડ વિદ્વાન તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. ૧૯૫૧માં શ્રીલંકાના એ સમયના વડાપ્રધાન સેનાનાયકે એમને શ્રી પટકાચાર્યની પદવી આપી હતી. એ પછી લંડનમાં એમણે પીએચ.ડી.ના પોતાના મહાનિબંધનું કાર્ય કર્યું હતું. તેઓ લંડન અને ભારતમાં કાર્યરત ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના મહત્ત્વના માર્ગદર્શક અને સંસ્થાના અગ્રણીઓ સાથે ૧૯૯૫ની ૧૫મી ફેબ્રુઆરીએ વેટિકનમાં પોપ જ્હોન પોલને મળવા ગયા હતા. તેમજ તત્વાર્થસૂત્રના અંગ્રેજી અનુવાદમાં પણ તેઓએ ઘણો ઊંડો સહયોગ આપ્યો હતો. તેમણે અમદાવાદ, બનારસ હિંદુ યુનિવર્સિટી, સ્કૂલ ઑફ ઓરિએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ, યુનિવર્સિટી ઑફ લંડન અને મિશિગન યુનિવર્સિટીમાં સેવાઓ આપ્યા બાદ ઈ. સ. ૧૯૭૨થી ૧૯૯૪ સુધી **કેલિફોર્નિયાની બર્કલે યુનિવર્સિટી**માં અધ્યાપનકાર્ય કર્યું. એ પછી પ્રોફેસર એમરિટસ તરીકે એમની કામગીરી ચાલુ રહી. એમની વિદ્યાઉપાસનાને લક્ષમાં રાખીને યુનિવર્સિટીએ **'પદ્મનાભ એસ. જૈની ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ અવૉર્ડ'** જાહેર કર્યો. જે યુનિવર્સિટીમાં બૌદ્ધ ધર્મના અભ્યાસ કરવા ચાહતા હોય તે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ રૂપે અપાય છે.

એમનું એક પુસ્તક ગુજરાતીમાં 'સિલોનમાં બે વર્ષ' પ્રગટ થયું છે. આ ઉપરાંત પાલી ટેક્સ્ટ સોસાયટી દ્વારા એમનાં ત્રણ પુસ્તકો પ્રગટ થયાં છે. The Jain Path of Purification (ઈ. સ. ૧૯૭૯) અને Gender and Solution નામનાં પુસ્તકો પણ પ્રગટ કર્યાં છે. એમના કેટલાક સંશોધન-લેખો 'કલક્ટેડ પેપર્સ ઓન જૈન સ્ટડીઝ' (ઈ. સ. ૨૦૦૦) અને 'કલક્ટેડ પેપર્સ ઑન બૌદ્ધિસ્ટ સ્ટડીઝ' (ઈ. સ. ૨૦૦૧)માં પ્રગટ થયા છે. ઈ. સ. ૨૦૧૯માં ડૉ. પદ્મનાભ જૈની એ લખેલાં એમનાં સ્મરણોનું પુસ્તક Coincidences (યોગાયોગ) પ્રગટ થયું. ગૂગલ અને ઑનલાઈનના યુગમાં પણ આ દિગ્ગજ જ્ઞાનોપાસક ઘણા વિદ્યાઆરાધકોના આરાધ્ય બની રહ્યા હતા. તેમનો જન્મ કર્ણાટકમાં મુડબિદ્રિ પાસેના નેલ્લિકર નગરમાં તા. ૨૩ ઑક્ટોબર, ૧૯૨૩ના રોજ થયો હતો. એમના અવસાનથી વિદ્યાજગતે એનો એક રાહબર ગુમાવ્યો છે.

**કુમારપાળ દેસાઈ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી

# તે માતૃમયી સંસ્થાને કેમ વિસરાય

ચતુરભાઈ કુબેરદાસ પટેલ, મણિયારી : તા. ચાણસ્મા

આજથી પચાસ વર્ષ પહેલાં મહેસાણા જિલ્લામાં જ્ઞાનનો દીપક પ્રગટાવવા માટે પૂ. છગનભાએ કડીની પસંદગી કરી; અને શ્રી સર્વ વિદ્યાલય તથા આશ્રમની સ્થાપના કડીમાં થઈ.

હું આ સંસ્થામાં દાખલ થયો તે વખતે આ સંસ્થાની જગ્યાએ ખેતરો જ હતાં. તે વખતે અમો વિદ્યાર્થીઓને રહેવા માટે કોઈ મકાન ન હતું, તેથી કડી ગામમાં ખાખચોકમાં એક જીર્ણ મકાન ભાડે રાખેલું. તે મકાન તદ્દન જીર્ણ હોઈ ઉપર દેશી નળિયાં હોઈ ચોમાસામાં ચોમેર પાણી ચૂવે અને અમારી પથારીઓ પલળે, તેથી અમે આમતેમ પથારીઓ ફેરવી રાત ગાળતા. આ અમારું દુઃખ જોઈ પૂ. છગનભાની આંખમાં આંસુ આવી જતાં. આ અમારું દુઃખ તેમનાથી સહન થયું નહિ. તેથી વિદ્યાર્થીઓને રહેવા-ભણવા માટે મકાન કરવાની તમન્ના તેમના મનમાં ઉદ્‌ભવી. પણ તે માટે પૈસા લાવવા ક્યાંથી ? આ માટે તેઓશ્રીએ ગામેગામ ફરી રૂપિયો-રૂપિયો ઉઘરાવવાની ભીખ શરૂ કરી. તેમના દિલમાં એક અડગ શ્રદ્ધા હતી કે આપણો સમાજ ગામડે મોટો વસે છે. તેમની પાસે કેળવણી માટે ભીખ માગવામાં કંઈ નાનમ નથી. એને રૂપિયા જેવી રકમ કોઈને ભારે પણ પડશે નહીં. તેવી શુદ્ધ ભાવનાથી તેઓએ આપણી આજની સંસ્થાની જમીન ખરીદવાનું અને પાયા રોપણનું બી રોપ્યું. પછી તો ધીમે ધીમે અમો તે વખતના વિદ્યાર્થીઓ અને અમારા ગુરુશ્રીઓ તથા પૂ. છગનભા ગામડે ગામડે ફરતા. ગામમાં સંવાદો-સંગીત-રાસલીલા અને સામાજિક ગાયન જેવાં કે ''કન્યા વિક્રય અટકાવો રે'', 'કારજ થતાં અટકાવો રે'' વગેરે વગેરે ગાયનો-સંવાદો-ભાષણો વગેરે સાંજ ઉપર કરી, ગ્રામજનો આગળ મનોરંજન કાર્યક્રમો ગોઠવી, તેમનાં દિલ જીતી અમે ગામેગામ સારો એવો ફંડફાળો મેળવતા અને એ રીતે ધીમે ધીમે આ સંસ્થાની જમીન ખરીદવાની અને મકાનો બાંધવાની શરૂઆત થઈ.

હું આ સંસ્થાનો જૂનો અને પ્રથમ વિદ્યાર્થી હતો. તે વખતે આજ સંસ્થાના પાયા ગળાયા અને અમો તે વખતના વિદ્યાર્થીગણ માથે કવાયતમાં ઈંટવાડાથી પાયા ઉપર અમુક ઈંટો લાવવાનો દૈનિક કાર્યક્રમ ગોઠવેલ, તે પછી જ અમો દરેક વિદ્યાર્થીને નાસ્તો મળતો તેવી પ્રથા કરી હતી, એટલે મળે એક પંથ ને દો કાજ સરતાં. એક તો કસરત થતી અને પાયા ઉપર ઈંટો લાવવાની મજૂરી બચી જતી, એટલે જ એક અમો તે વખતના વિદ્યાર્થીગણને ગૌરવ લેવા જેવી વાત છે.

વળી તે વખતે એક સંગીત વર્ગ પણ ચાલતો. મને સંગીતનો શરૂઆતથી જ બહુ શોખ હતો. મને મધુર કંઠની કુદરતી બક્ષિસ હતી. ગાવામાં તે વખતે મારે એક્કો હતો. આશ્રમમાં અને વિદ્યાલયમાં મને બધા ''મણિયારી'' નામથી જ ઓળખતા. તે વખતે મણિયારી નામની માન મરજાદા સારી હતી અને હજુ પણ છે. આશ્રમમાં વહેલા પરોઢે અને સાંજે તેમજ વિદ્યાલયમાં હું હાર્મોનિયમ સાથે પ્રાર્થના કરાવતો અને હરકોઈ કાર્યક્રમ વખતે સંગીતના કાર્યક્રમમાં મારો અગ્ર ભાગ રહેતો. તે વખતે એક પ્રસંગ આપણા મહારાજા શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડ કડીમાં પધારેલા અને આપણી સંસ્થા સામે રેલવે સ્ટેશન સામે રેસ્ટ હાઉસમાં મુકામ કરેલો, તેઓશ્રી પણ અમારી પરોઢ પ્રાર્થનાનો મધુર સૂર સાંભળી આપણી સંસ્થા તરફ આકર્ષાયેલા અને ઓચિંતી આપણા આશ્રમની મુલાકાત લઈ, આ સંસ્થા સારું એવું કામ કરી રહી છે તેવો તેઓશ્રીને સંતોષ થયેલો. જેથી સંસ્થાને સારી એવી વાર્ષિક મદદ અને વિદ્યાર્થીભોજન આપવાનો હુકમ કરેલો.

તે વખતે શ્રી ઝવેરચંદ મેઘાણીનાં લોકગીત જેવાં કે ''દાદા તે દીકરી વઢિયારે ના દેજો જો'', ''કાસમની વીજળી'', ''દરિયાની માછલી'' વગેરે વગેરે હું ખૂબ ગાતો. જેથી આશ્રમના વિદ્યાર્થીગણ અને ગુરુગણને આનંદ પમાડે તેવું વાતાવરણ થતું, તે મને બહુ યાદ આવે છે. ઉપરાંત પ્રમાણમાં મારો સૂર જોકે જાડો બની ગયો છે, પણ કદાચ અનુકૂળ ટાઈમ હોય અને મને જો સુવર્ણ જયંતીની ઉજવણી વખતે ટાઇમ આપવામાં આવશે અને જો હું આવી શકીશ તો જરૂર એક બે ગીત ગાઈશ.

મારો તે વખતના વિદ્યાર્થીજીવન વખતે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા અમારા ગુરુ સ્વ. શ્રી બાપુભાઈ ગામી, શ્રી

પોપટભાઈ ગુલાબદાસ અને શ્રી છગનભાઈ કાળીદાસ હતા. ઋષિ જેવા ભવ્ય તેજસ્વી શ્રી બાપુભાઈનો દેખાવ જ આખા વાતાવરણને આશ્રમી જિંદગીથી ભરી દેતો, શ્રીમદ્ ભગવદગીતાના શ્લોકો ગવરાવી ગીતાના જ્ઞાનનો રસ રેડતા. સાદાઈ, સ્વચ્છતા અને ઉચ્ચ વિચાર તરફ સૌને ખેંચતા. શ્રી પોપટભાઈ સાહેબ વગર બોલે ચાલ્યા જતા. ''ઘુંઘટ કા પટ ખોલ તુઝે રામ મિલેંગે.'' એ ગાયનની લીટી ઉપર આંખની નજર માત્રથી જે કહેવાનું હોય તે કહી દેતા અને વ્યવસ્થા સ્થાપી દેતા. વિદ્યાર્થી પછી ભલે તે તોફાની હોય કે ઠોઠ હોય પણ કુનેહથી તેની સાથે કેવી રીતે કામ લઈ તેનામાં જ્ઞાનવિદ્યા પ્રગટાવવાની તે શ્રી છગનભાઈ પાસે સારી એવી આવડત હતી. આખી સંસ્થાના જાણે કે પાયાના સંસ્કાર સીંચનાર તે ઋષિવર્યોને કેમ વિસરાય?

અમારા તે વખતના ગુરુ સ્વ. શ્રી ઉમેદભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી રાવલસાહેબની ત્રિપુટી અને વિદ્યાર્થીઓના સાહિત્ય અને ભૂગોળના જ્ઞાન તરફની અભિરુચિ કેળવતી આનંદી વાતાવરણ સદા ખડું કરતી. આ અને બીજા તે વખતના અમારા ગુરુઓ તેઓના તે વખતના ટૂંકા પગારમાં સંતોષ માની એક સંસ્થા માટે અને વિદ્યાર્થીઓ માટે ચોવીસે કલાક એક તમન્નાથી કામ કરતા આ બધા સાચા સેવકોને કેમ વિસરાય ?

આ પછી તો સંસ્થામાં કેટલાયે શિક્ષકો આવ્યા અને ગયા અને સંસ્થાની અને વિદ્યાર્થીઓની સેવા કરતા ગયા. તેમાં શ્રી નાથાભાઈ નારણદાસ દેસાઈ સાહેબ આચાર્ય તરીકે ઘણો વખત આ સંસ્થામાં રહી આ સંસ્થાના વિદ્યાર્થીઓના મન ઉપર સારા સંસ્કારો રેડવામાં અગ્ર ભાગ ભજવેલ અને તેમના ચીલે ચીલે આજના આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ અને શ્રી ચતુરભાઈ વ્યાયામ શિક્ષક અને અન્ય શિક્ષકગણ આ જ સંસ્થાની સેવા આપી રહ્યા છે. મેં આ જ સંસ્થાની ગોદમાં મારી દીકરીઓને દાખલ કરાવી તેમનું જીવનઘડતર આ જ ભૂમિ ઉપર બિનકલુષિત વાતાવરણ વચ્ચે અને આવા સેવાભાવી આચાર્યો-શિક્ષકો પાસે ઘડાવ્યું છે. (જેથી મારી આ માતૃભૂમિ ઉપર અવરજવર ચાલુ હતી અને કાયમ રહેશે.) સારી એવી આબોહવા અને નિર્મળ-સ્વચ્છ વાતાવરણમાં રહી તેમની પાસેથી અમારા દીકરાઓએ ઉચ્ચ સંસ્કારો મેળવ્યા અને આજે પોતાના સ્વતંત્ર વસવાટોમાં રહી સારી એવી જગ્યા ઉપર અને બીજા ભાઈઓને પણ ઉચ્ચ શિક્ષણ અપાવવાની અભિલાષા સેવી રહ્યા છે તે બધું આ માતૃમયી સંસ્થા અને તેમનું જીવનઘડતર શ્રી આચાર્યો અને સર્વે શિક્ષણકગણને આભારી છે. તે માતૃ સંસ્થાને કેમ વિસરાય ?

પૂ. દાસકાકા પણ અમ વિદ્યાર્થીગણની – આશ્રમ તથા વિદ્યાલયની અવારનવાર ખૂબ સંભાળ લેતા. તેઓશ્રી ઘણી વખત અમારા ક્લાસ લેવા આવતા અને અમારું જીવનઘડતર ઊંચે લાવવા પણ વિદ્યાર્થીઓમાં આવી મિલનસાર સ્વભાવથી અમારી વચ્ચે બેસી ખૂબ-ખૂબ વાતો કરતા. એક વખત તેઓશ્રી અમારા તે વખતના ચાલતા અમારા અંગ્રેજી બીજા-ત્રીજા ધોરણમાં ક્લાસ લેવા આવેલા. તે વખતે તેઓશ્રી અમોને રમૂજી ટુચકા બહુ કહેતા. તેમાંની એક ઊંટની વાત તેઓશ્રીએ અમારા ક્લાસમાં માંડેલી તે અમને હજુ પણ સાંભરે છે. એવા પૂ. દાસકાકા શરૂઆતથી અને હજુ સુધી પણ આ જ સંસ્થાનો ઉત્કર્ષ સાધવામાં તેઓશ્રીનો અમૂલ્ય વખત આપી જે સેવા આપી રહ્યા છે તે ખૂબ પ્રશંસનીય છે.

આ ઉપરાંત તે વખતે આપણી આ માતૃભૂમિને મદદરૂપ થતા અને સંચાલન કરતા શ્રી રામચંદ્ર અમીનસાહેબ, પૂ. સ્વ. શ્રી જેઠાલાલ સ્વામીનારાયણ પ્રોફેસરસાહેબ, શ્રી રતિભાઈ અમીનસાહેબ વગેરે અને બીજા ઘણા ભાઈઓએ તેમના અમૂલ્ય વખતનો ભોગ આપી સેવાઓ કરી આ સંસ્થાના પાયામાં નાખી, પાયા મજબૂત બનાવ્યા છે તે વીસરે તેમ નથી.

અંતમાં નાનપણમાં આવી માતૃમયી સંસ્થામાં રહી મારા જીવનનું ઉચ્ચ ઘડતર ઘડી – કેળવણી એ શું ચીજ છે તેવી સુવાસ અને સંસ્કારો આજ સંસ્થામાં રહી મેળવી; નાનાપણના મારા આ સંસ્થાના જ્ઞાન દીવાથી અત્યારનું સારું એવું જીવન ગુજારી રહ્યો છું તે બધું આ માતૃમયી સંસ્થામાંના મારા ઉચ્ચ જીવનઘડતરને આભારી છે; તે વીસરી શકાય તેમ નથી.

આ પછી મારા જ ગામના અને પછી આજુબાજુના ઘણા જ વિદ્યાર્થીઓએ આ સંસ્થામાં રહી ઉચ્ચ જીવનઘડતર ઘડી તેમાંથી ઘણાએ સારા એવા ધંધે, અને ઉચ્ચ કક્ષાએ છે, જે આ સંસ્થાની ઉચ્ચ પાયાની કેળવણી અને સંસ્કારોને આભારી છે, જે કોઈનાથી વિસરાય તેમ નથી.

આવી માતૃસંસ્થાના વિદ્યાર્થી હોવાનો સદાય ગૌરવ અનુભવતો હું છું.

(સૌજન્ય : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થયું સાપ્તાહિક વર્ષ ૧, અંક ૨૩, તા. ૨૬-૨-૧૯૭૦, પૃ. ૨, ૭.)

# ન્યાયિક પુનરાવલોકન અને ન્યાયિક બંધારણીય વિશ્લેષણ

ડૉ. કમલેશ જોશીપુરા

પ્રવર્તમાન કોરોના મહામારી અંતર્ગત ઑક્સિજન પુરવઠાનું વિતરણ, રાજ્યોને આપવાનો થતો હિસ્સો તેમજ રસીકરણનીતિ જેવી અગત્યની બાબતો અંગે સર્વોચ્ચ અદાલત અને કેટલીક વડી અદાલતો એ કેટલાક કિસ્સાઓમાં સ્વયં સંજ્ઞાન લઈ અને કેટલીક બાબતો અંગે સરકાર પાસે સ્પષ્ટતા માંગી છે, કેટલાકમાં ટિપ્પણી કરી ટીકાત્મક અવલોકનો કરેલ છે અને કેટલાક હુકમો પણ કરેલ છે.

તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે ઑક્સિજન વિતરણ સંદર્ભે ૧૨ સભ્યોની નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરી છે જે ઑક્સિજનની વહેંચણી ઉપર દેખરેખ રાખી આયોજન સંબંધી કાર્ય કરશે, તે પૂર્વે મદ્રાસ હાઈકોર્ટે ચૂંટણીપંચને કોરોનાનાં વધતા વ્યાપ માટે જવાબદાર ઠેરવી તે સંદર્ભેની ટિપ્પણી હટાવવા માટે સર્વોચ્ચ અદાલતે ઇન્કાર કરી આ ટિપ્પણીને કડવી દવા ગણાવી. અલાહાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશમાં કોરોનાનાં મૃત્યુ સંદર્ભે ઉત્તર પ્રદેશમાં નરસંહાર ગણાવ્યો.

વૈશ્વિક દષ્ટિએ જોવા જઈએ તો ભારતનાં મૃત્યુઆંક (ટકાવારી) કરતાં અનેકગણી વધારે ટકાવારીવાળા અમેરિકા અને ઇંગ્લૅન્ડની અદાલતોએ સમગ્ર વિષય સરકારના કાર્યક્ષેત્ર અંતર્ગત રાખી કોઈ હસ્તક્ષેપ કરેલ નથી.

વર્તમાન સમયમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારોનું સમગ્ર ધ્યાન મહામારી સંદર્ભેના વ્યવસ્થાપનમાં છે. સરકાર પાસે આજે સૌથી મોટી અગ્રતા કોવિડ મહામારી અંગે છે. સરકાર અને સમગ્ર વહીવટીતંત્ર છેલ્લા સવા વર્ષથી વધુ સમયથી પરિશ્રમપૂર્ણ પ્રયત્નો કરી રહેલ છે તેમાં કોઈ જ શંકાને સ્થાન નથી. કેન્દ્ર સરકારે સવિશેષ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વભરમાંથી સહાય અર્થે શ્રેષ્ઠ રાજદ્વારી સંબંધોનું ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે. અલબત્ત, હૉસ્પિટલોમાં બેડની ઉપલબ્ધી, ઑક્સિજન, રસીકરણ જેવી બાબતો અંગે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારનું તથા કેટલીક વડી અદાલતો એ જે તે રાજ્યોનું ધ્યાન દોર્યું છે, કડવી અને તીખી ટિપ્પણીઓ પણ કરેલ છે.

પ્રચાર માધ્યમોનાં અહેવાલો મુજબ કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત સમક્ષ રજૂ કરેલ વિગતો મુજબ ન્યાયતંત્રનું પૂરું સન્માન જાળવવાની સાથે રસીકરણ સંદર્ભેની નીતિ વિષયક બાબતમાં સવિનય એવી રજૂઆત કર્યાના અહેવાલો છે કે આ સત્તા સંપૂર્ણ પણે સરકારની છે, કાર્યક્ષેત્ર માત્ર સરકારનું છે તેમાં ન્યાયતંત્રનો હસ્તક્ષેપ આવશ્યક નથી એટલું જ નહીં પરંતુ પ્રજાના હિતને કેન્દ્રમાં રાખી સરકાર નિર્ણયો લઈ રહેલ છે, તેમાં અદાલતી હસ્તક્ષેપની બાબત અપેક્ષિત નથી તેવું ભારપૂર્વક જણાવેલ છે.

બંધારણીય દષ્ટિથી આ સંદર્ભેનાં સમગ્ર ઘટનાક્રમોનું અવલોકન કરીએ તો એક બાબત ખૂબ જ સ્પષ્ટ છે કે ભારતીય બંધારણમાં સંસદ (ધારાગૃહ) કારોબારી અને ન્યાયતંત્ર એમ ત્રણ આધારસ્તંભો દ્વારા દરેકનાં કાર્યો સુનિશ્ચિત થયેલા છે ત્યારે જે તે આધારસ્તંભ સંપૂર્ણ રીતે તેની સીમામર્યાદામાં રહે તે આદર્શ બંધારણીય સ્થિતિ છે અને તે સંસદીય લોકશાહીનાં માળખામાં શાસ્ત્રીય દષ્ટિકોણથી સૌથી વધુ તંદુરસ્ત બાબત છે. લોકતંત્રમાં લોકોનાં મતથી ચૂંટાયેલી સરકાર (કેન્દ્ર) કે સરકારો (રાજ્યો) પ્રજાને અનુકૂળ પડે, ઓછામાં ઓછી હાડમારી થાય કે જનકલ્યાણકારી નિર્ણયો લેવાનો પ્રયત્ન કરે તે સ્વાભાવિક છે, અલબત્ત, ક્યારેક અમલીકરણ સંદર્ભે સમસ્યાઓ આવે પણ ખરી પરંતુ સરકાર અને વહીવટી તંત્ર પ્રમાણીકપણે અવિરત મહેનત કરે છે તે વાસ્તવિકતા છે. આ તત્ત્વાવધાનમાં

સરકાર કે વહીવટી તંત્રનું ધ્યાન દોરવું, કાન આમળવો સહિતની બાબતો સુધીની ગતિવિધિ ન્યાયઃ પુરઃ સરઃ છે પરંતુ વહીવટી તંત્ર આખો વિષય માત્ર સરકાર હસ્તક જ રહે તે સંસદીય લોકશાહીની અનિવાર્ય પૂર્વશરત છે.

પ્રચાર માધ્યમોનાં અહેવાલો મુજબ કેન્દ્ર સરકારે એ બાબતનો ખાસ ઉલ્લેખ કરેલ છે કે ભારતીય બંધારણનાં અનુચ્છેદ – ૧૪ કે જે સમાનતાનાં અધિકાર સંદર્ભે છે અને અનુચ્છેદ – ૨૧ કે જે વ્યક્તિને જીવન જીવવાનો અધિકાર આપે છે અને તેનો વિસ્તાર એટલે Right to Health - આરોગ્ય સંદર્ભેનો અધિકારને અનુરૂપ તથા વેકસીન કે મહામારીનાં નિષ્ણાતો, રાજ્ય સરકારો અને વેકસીન ઉત્પાદકો સાથે સતત વિમર્શ કરી રસીકરણ સંદર્ભેની નીતિ ઘડી છે અને આથી આ નીતિમાં કોઈ જ ન્યાયિક હસ્તક્ષેપ જરૂરી નથી લાગતો.

એ. એમ. માથુર વિરુદ્ધ પ્રમોદકુમાર ગુપ્તા (AIR ૧૯૯૦ SC ૧૭૩૭) પેરા ૧૩-૧૪, આર. કે. લક્ષ્મણન વિરુદ્ધ એ. કે. શ્રીનિવાસન (AIR ૧૯૭૫ SC ૧૭૪૧; ૧ SCR ૨૦૪), નિરંજન પટ્નાયક વિરુદ્ધ શશીભૂષણકાર (AIR ૧૯૮૬ SC ૮૧૯ ) જેવા વિવિધ ચુકાદાઓમાં એ બાબત સ્પષ્ટ કરવામાં આવી છે કે ન્યાયતંત્રની સર્વોપરિતા અને સ્થાન કાયમ રાખવા ન્યાયતંત્રે ન્યાયિક અંકુશના સિદ્ધાંતનું ચુસ્ત પાલન કરવું ઉપરાંત હિમાયત કરી છે કે એ સર્વસામાન્ય સિદ્ધાંત છે કે કોઈને ઉતારી પાડતા એ અપમાનજનક ઉલ્લેખો કે ટિપ્પણીઓ વકીલો, ધારાવિદો અને ખાસ તો સરકાર સામે ન જ કરવા અને આવશ્યક હોય તેટલી જ ટિપ્પણી કરવી.

ભારત દેશમાં વર્તમાન સમયમાં માત્ર સરકાર કે વહીવટી તંત્ર જ નહીં પરંતુ તબીબો, મેડિકલ કે પેરામેડિકલ્સ, મહેસૂલીતંત્ર, પોલીસતંત્રથી લઈ એજન્સીઓ રાત-દિવસ જોયા વગર કાર્યરત છે, સંભવ છે પ્રજાને તકલીફ પણ હશે અને પ્રજાલક્ષી અવાજ રજૂ કરવો એ લોકતંત્રનો પ્રાણ છે તેની ના નહીં પરંતુ આ રીતે કાર્યરત સમગ્ર સમૂહનાં જુસ્સા ઉપર વિપરીત અસર ન થાય તે જોવું પણ સૌની ફરજ છે.

ન્યાયિક સક્રિયતા દાખવી ન્યાયતંત્ર એ સીમાચિન્હરૂપ અનેક નિર્ણયો આપ્યા છે તે સંદર્ભ સ્વાભાવિક જ ન્યાયતંત્ર પરત્વે સૌને સન્માન જ છે અને ન્યાયતંત્રની સર્વોપરિતા પણ ખૂબ જ જરૂરી છે, પરંતુ ખાસ કરીને ભારતીય બંધારણે પ્રયોજેલ સીમામર્યાદાનો સવાલ છે ત્યાં સુધી સંસદ, કારોબારી અને ન્યાયતંત્ર એ ત્રણેય આયામો પોતપોતાનાં કાર્યક્ષેત્ર અને સીમા મર્યાદા ઉત્કૃષ્ટ કાર્ય કરતા રહે તે લોકતંત્રની સફળતા માટે ખૂબ જ જરૂરી છે.

સામાન્ય પ્રજાજનની મુશ્કેલીઓ અંગે સરકારનું ધ્યાન દોરવું તે ખૂબ જ સારી બાબત છે પરંતુ આખરે ધ્યાન દોરાયેલી બાબત અંગે સારામાં સારું તે શું કરવું જોઈએ તેની મોકળાશ સરકાર કે વહીવટી તંત્ર માટે અનિવાર્ય છે.

ભારતીય બંધારણમાં ન્યાયતંત્ર ઉપર બંધારણીય મૂલ્યોની રક્ષા કરવા અર્થે ન્યાયતંત્રની ભૂમિકાને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવી છે એટલું જ નહીં પરંતુ – બંધારણવાદ – (Constitutionalism) નો શાસ્ત્રીય દૃષ્ટિકોણ અનુસરવા પર ખાસ અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. આ અપેક્ષા અંતર્ગત ન્યાયિક સક્રિયતા (Judicial Activism) અને ન્યાયિક અંકુશન (Judicial Restrain) ની પરસ્પર વિરોધી સંકલ્પના સાથે બન્ને બાબતોએ સમતુલન રાખવાની બાબતની વિભાવના નિહિત કરવામાં આવેલ છે, તેનો અર્થ સરકારનાં કોઈ નિર્ણયની બંધારણીય યોગ્યતાથી લઈ અને પ્રજાજીવનને પડતી કોઈ સમસ્યામાં સક્રિયતા બતાવી આદેશાત્મક ભૂમિકા ભજવવા ન્યાયતંત્ર પાસે સૌની અપેક્ષા રહે છે, બીજી તરફ ખાસ કરીને ન્યાયિક અંકુશ છે જેમાં ન્યાયતંત્ર પણ પોતાના કાર્યક્ષેત્ર કે અધિકારક્ષેત્રની સીમામર્યાદા ન ઓળંગે તેવી સ્પષ્ટ બાબત અર્થે અપેક્ષા વ્યકત કરવામાં આવી છે. ન્યાયિક અંકુશ અંતર્ગત જો સરકાર દ્વારા ઘડાયેલા કાયદા ગેરબંધારણીય ન હોય તો અથવા તો સરકારનાં વહીવટી નિર્ણયો લેવાની રોજબરોજની પ્રક્રિયા સંદર્ભે કોઈ બંધારણે બક્ષેલા અધિકારની મર્યાદામાં ન હોય તો હસ્તક્ષેપ ન કરવાની વાત છે. સરકારના નીતિ વિષયક નિર્ણયોમાં, પોતાની વ્યકિતગત માન્યતા, તર્ક, કે મંતવ્યને ન્યાયિક નિર્ણય લેતી વખતે વ્યકત થવા દેવું જોઈએ નહીં, કારણ સંસદ પણ બંધારણીય દૃષ્ટિથી સર્વોચ્ચ છે અને સરકાર (કારોબારી) પણ લોકતાંત્રિક પ્રક્રિયાથી ચૂંટાયેલ પ્રજાનો વિશ્વાસ ધરાવતી વ્યવસ્થા છે ત્યારે સરકાર બંધારણની સીમામર્યાદામાં રહી અને પોતાનું કાર્ય કરતી રહે તેવા સમયે ન્યાયતંત્રનો હસ્તક્ષેપ

અપેક્ષિત પણ નથી અને બંધારણીય દૃષ્ટિથી યોગ્ય પણ નથી જ. સર્વસ્વિકૃત દૃષ્ટિથી નીતિનિર્ધારણ કરવાનું કામ ન્યાયતંત્રનું વિશ્વનાં એક પણ બંધારણમાં દર્શાવવવામાં આવેલ નથી.

સામાજિક દૃષ્ટિથી પ્રજાજીવનની મુશ્કેલીઓ સંદર્ભે વિધાયક દૃષ્ટિકોણ સાથે ન્યાયિક સક્રિયતા દર્શાવવા સંદર્ભે ભારતીય ન્યાયતંત્રનાં ઇતિહાસમાં કેટલીક ઉજ્જ્વળ પરંપરાઓ પ્રસ્થાપિત થઈ છે પરંતુ - સક્રિયતા - અને - અંકુશ - વચ્ચે સમતુલન અનિવાર્ય છે.

અત્રે એ ખાસ ઉલ્લેખનીય છે કે ૧૯૭૩માં સીમાચિન્હરૂપ કેશવાનંદ ભારતી કેસમાં ૧૩ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચે ભારતીય બંધારણનાં મૂળભૂત માળખાંનો જે ખ્યાલ પ્રસ્થાપિત કર્યો છે જે અંતર્ગત સંસદ (ધારાગૃહ), કારોબારી (સરકાર કે પ્રધાનમંડળ) અને ન્યાયતંત્ર એ ત્રણેયની સત્તા અને કાર્યક્ષેત્ર સુનિશ્ચિત છે તેમાં એકબીજાએ હસ્તક્ષેપ કરવાનો નથી.

જો ભારતીય બંધારણનાં મૂળભૂત માળખામાં (Basic Structure) માં ફેરફાર કે સુધારો કરવાનો અધિકાર નથી તો સ્વાભાવિક રીતે જ ન્યાયતંત્ર કે કારોબારીને પણ ન જ હોઈ શકે.

ભારતીય બંધારણમાં ત્રણેય વચ્ચે અતિ ચુસ્ત એવી સત્તાનું વિભાજન અલબત્ત નથી, વહીવટી નિર્ણયો પણ ન્યાયિક પુનરાવલોકન (Judicial Review) ને પાત્ર છે તેમાં બેમત નથી પરંતુ વહીવટી નિર્ણયો અને નીતિવિષયક બાબતો સંદર્ભેની સત્તા તો સરકારની જ છે, કેવા પ્રકારના નિર્ણયો લેવા તે પણ તેના અધિકાર ક્ષેત્રમાં છે.

પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ અને રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના તત્કાલીન અધ્યક્ષ જસ્ટિસ શ્રી જે. એસ. વર્મા એ ૧૯૯૭ માં જયપુર ખાતે ધીયા મેમોરિયલ લેકચર (વ્યાખ્યાન શ્રેણી)માં એક ખૂબ જ સરસ અને વર્તમાન સ્થિતિને અનુરૂપ એવી વાત કહી છે તેઓના મતે ભારતીય બંધારણે ન્યાયતંત્રને સૌને તેની સીમામર્યાદામાં રાખવા ખાસ જવાબદારી આપી છે. સાથોસાથ ન્યાયતંત્રને પણ પોતાની સીમામર્યાદા ન ઓળંગવાની વાતનો સમાવેશ થઈ જાય છે અને શાસન સંદર્ભે આપણો શબ્દ આખરી શબ્દ નથી પરંતુ પ્રજા જ સર્વોપરી છે. આપણને મળેલી સત્તા પ્રતિનિધિક સ્વરૂપની છે અને પ્રતિનિધિ કદી સત્તા આપનાર (પ્રજા)થી ઉપરવટ જઈ ન શકે.

ન્યાયિક સક્રિયતા અને ન્યાયિક અંકુશ આ બન્ને બાબતો વચ્ચેનું સંતુલન ન્યાયતંત્ર માટે અનિવાર્ય છે.

શાસન કેમ ચલાવવું, કયા નીતિવિષયક નિર્ણયો લેવા, ક્યારે શું આપાત્કાલીન સ્થિતિમાં પગલાં લેવા વગેરે તમામ બાબત સરકાર કે વહીવટી તંત્રની છે, અલબત્ત પ્રજાને પડતી સમસ્યાઓ સંદર્ભે સરકારનું ચોક્કસ ધ્યાન દોરવું જ જોઈએ, પણ રોજબરોજની વહીવટી પ્રક્રિયામાં આદેશો અપાય તે અને તેની અમલવારીમાં અપેક્ષાકૃત કામ ન થાય તો આદેશની ધાર ઓછી થઈ જતી હોય છે.

ભારતમાં પર્યાવરણ રક્ષા, મહિલા સુરક્ષા, અરોગ્ય, બાળકલ્યાણ, બાળ મજૂરી નાબૂદી સહિત અસંખ્ય ક્ષેત્રોમાં ન્યાયતંત્ર એ ન્યાયિક સક્રિયતા તથા જાહેરહિતની અરજીના માધ્યમથી સીમાચિન્હરૂપ કામગીરી કરી છે, નોંધપાત્ર સફળતા મળી છે તેમાં બેમત નથી, આજે પણ પ્રજા માટે ન્યાયતંત્ર આશાનું એક કિરણ બની રહેલ છે, શ્રદ્ધા કેન્દ્ર પણ છે.

ભારત દેશ બંધારણીય સર્વોપરિતાનો રાજમાર્ગ પ્રારંભથી પસંદ કરેલ છે ત્યારે પ્રત્યેક બંધારણીય વ્યવસ્થાઓ અંગે પોતાનાં ભાગે આવેલી જવાબદારીનાં માધ્યમોથી કલ્યાણ રાજ્ય અને સામાજિક ન્યાયની સંકલ્પના સાકાર કરે તે આપણાં સૌનું લક્ષ્ય છે.

ભારતમાં ન્યાયતંત્ર સંપૂર્ણ સ્વતંત્ર છે અને તેનું ગરિમાપૂર્ણ સ્થાન છે, જનમાનસમાં તેના માટે શ્રદ્ધા છે. સરકાર પણ ન્યાયતંત્રનાં સૂચનોને ખૂબ જ ગંભીરતાથી લઈ અમલીકરણમાં તેને સામેલ કરે છે, આવી એક તંદુરસ્ત સ્થિતિમાં જરા પણ વિપરીત અસર ન જ થવી જોઈએ તેમ કાયદાક્ષેત્રનાં અભ્યાસુઓ અને કાયદાના શિક્ષણ સાથે સંકળાયેલ તેમજ તટસ્થ વિશ્લેષકો સ્પષ્ટ પણે માને છે.

**ડૉ. કમલેશ જોશીપુરા**
**સભ્ય, NMML**
(સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકાર)
પૂર્વકુલપતિ અને કાયદા વિદ્યાશાખાના પ્રોફેસર
મો. ૯૮૨૪૨ ૧૨૦૩૩

# `ચિંતન' વિશે ચિંતન કરીએ

**તુલસીભાઈ પટેલ**

થોડાં વરસ પહેલાં મહેસાણા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો માટે તારંગાહીલ નીચે આવેલ તપોવન નામના રળિયામણા સ્થળે બે દિવસની ચિંતન શિબિર યોજવામાં આવી હતી. શિબિરાર્થી તરીકે પસંદ કરેલા સો શિક્ષકો ગંભીર અને સંનિષ્ઠ હતા. આયોજકોએ મને મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું.

બેએક વક્તાઓનાં પ્રવચન પૂરાં થાય પછી મારે વક્તવ્ય આપવાનું હતું. વિષય મને ગમે તે. મેં વિચાર્યું : ચીલાચાલુ વાતો કરવાને બદલે જરા હટકે કોઈ મૌલિક વાત કરીએ. ''ચિંતન શા માટે ?'' એ વિશે વાત કરવાનું મેં મનમાં નક્કી કર્યું. ચિંતન મારો પ્રિય વિષય એટલે પૂર્વતૈયારી માટે વિશેષ સમયની જરૂર નહીં. બેએક કલાકનો સમયગાળો હતો જ. એ દરમિયાન મેં મનમાં મુદ્દાઓ ગોઠવી દીધા.

મારો વારો આવ્યો, મેં કહ્યું, 'આપણે સૌ ચિંતન-શિબિરમાં ભાગ લઈ રહ્યા છીએ તો આજે આપણે 'ચિંતન શા માટે ?' અર્થાત્ ચિંતનની ઉપયોગિતા વિશે ચિંતન (Thinking about thinking) કરીશું. ચર્ચાને ત્રણ ભાગમાં વહેંચીશું : (૧) ચિંતનનું મહત્ત્વ (૨) ચિંતકમાં આવશ્યક ગુણો અને (૩) ચિંતનમાં બાધારૂપ બાબતો.

**ચિંતનનું મહત્ત્વ :**

પશુ અને માણસ વચ્ચે સૌથી મોટો તફાવત ચિંતન બાબતે છે. માણસ એટલે ચિંતનશીલ પ્રાણી. જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રે આજપર્યંત આપણે જે પ્રગતિ કરી છે, એ ચિંતનને આભારી છે. પ્લેટો નામનો તત્ત્વજ્ઞાની કહે છે : 'સૃષ્ટિની ઉત્પત્તિ Idea. અર્થાત્ ચિંતનમાંથી થઈ છે. હજારો વર્ષ પૂર્વની ગુફાવાસી દશામાંથી આધુનિક સભ્યતા-સંસ્કૃતિ સુધી માણસે જે યાત્રા કરી છે, એ ચિંતનનું પરિણામ છે. ભૌતિક તેમજ અધ્યાત્મક્ષેત્રે આશ્ચર્યકારક વિકાસમાં ચિંતન જ પાયારૂપ છે. માણસમાંથી ચિંતનશક્તિ બાદ કરો, તો તરત જ ચિંતનનું મહત્ત્વ સમજાઈ જશે.' મહાત્મા ગાંધીએ આ શબ્દોમાં ચિંતનનો મહિમા સરસ રીતે દર્શાવ્યો છે : 'A man is product of his thoughts. What he thinks that he becomes. શિક્ષણ પાછળ પણ ચિંતન છે. ચિંતન વિના શિક્ષણ સંભવિત નથી. ચિંતન વિનાનું શિક્ષણ એ વ્યર્થ મજૂરી છે.' કન્ફ્યુશિયસ કહે છે : 'Learning without thought is labour lost.' એક પાશ્ચાત્ય ફિલસૂફ કહે છે : 'I think therefor I am. અર્થાત્ મારું અસ્તિત્વ ચિંતનને કારણે છે.

**ચિંતકમાં અપેક્ષિત લાયકાતો :**

ચિંતન ત્યારે જ ઉપયોગી થાય, જ્યારે દિશા સાચી હોય. ગલત દિશામાં કરેલું ચિંતન લાભ કરવાને બદલે નુકસાનકારક નીવડે છે. એટલા માટે ચિંતકમાં નીચેની ચાર લાયકાતો અપેક્ષિત છે.

**૧. જિજ્ઞાસા :** જિજ્ઞાસા ખૂબ જ મહત્ત્વની છે. જિજ્ઞાસા એ ચિંતનની પૂર્વશરત છે. જિજ્ઞાસા વિના ચિંતનનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. સાચું કહ્યું છે કે જિજ્ઞાસા એ જ્ઞાનરૂપી તિજોરીનું તાળું ખોલવાની ચાવી છે. કેટલાક માણસો જડભરત હોય છે. કોઈ અદ્ભુત બાબત પર પણ એમને જિજ્ઞાસા થતી નથી, પરંતુ મોટા ભાગના માણસો જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે; એ કુદરતી દેન છે. ઝાડ પરથી નીચે સફરજન પડતું જોઈને ન્યૂટનને જિજ્ઞાસા થઈ. ને એણે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો. કુદરતની અદ્ભુત લીલા જોઈને ઋષિમુનિઓને આશ્ચર્ય થયું, ને એમણે વેદ-ઉપનિષદોની રચના કરી. બાળકમાં સહજવૃત્તિ હોય છે; પરંતુ આપણે એને સંકોરવાને બદલે મોટા ભાગે દબાવી જઈએ છીએ.

**૨. સંચિત જ્ઞાનનો સ્વાધ્યાય :** આજે જ્ઞાન-વિજ્ઞાનની અનેક શાખાઓ છે. દરેક શાખામાં હજારો વરસની જ્ઞાન-ઉપાસનાને પરિણામે ખૂબ જ પ્રગતિ થઈ છે. એ જ્ઞાન આપણને સહેજે પ્રાપ્ત થઈ શકે છે. અનેક પુસ્તકોમાં એ સંઘરાયેલું છે. આપણે માત્ર સ્વાધ્યાય દ્વારા એ રેડીમેડ જ્ઞાન અંકે કરી લેવાનું છે. એ શોધવા માટે આપણે એકડેએકથી મહેનત કરવાની જરૂર નથી. આ ઉપલબ્ધ જ્ઞાનમાં આપણે ચિંતન કે સંશોધન દ્વારા ઉમેરો

કરવાનો છે. આ રીતે વિકાસયાત્રા આગળ વધારવાની છે. ખાસ કરીને યુનિવર્સિટીઓ અને સંશોધન-સંસ્થાઓએ આ કાર્ય કરવાનું છે. એક ભાઈને વિચાર આવ્યો કે ગણતરીના ક્ષેત્રમાં કંઈ શોધ કરું. દશ-પંદર વરસની મહેનત બાદ તેઓ એકથી તે ચાર-પાંચ સુધીની ગણતરી માંડ શોધી શક્યા ! પછી એમણે પહેલા-બીજા ધોરણની ગણિતની ચોપડી જોઈ; તો એમને આશ્ચર્ય થયું કે પાંચ-છ વરસનું બાળક કેટલી બધી ગણતરી જાણે છે ! તમે કલ્પના કરો : તમારા ઉપયોગ માટે તમે પોતે એક સોય કે પેન શોધવા માગો છો. આખી જિંદગી મથશો તોય નહીં શોધી શકો. જ્યારે આપણને ફોન-ફેક્સ, કમ્પ્યૂટર-ઍરોપ્લેન વગેરે પૂર્વજોની જ્ઞાનસાધનાને પરિણામે તૈયાર ઉપલબ્ધ છે. ટૂંકમાં ઉપલબ્ધ જ્ઞાન મેળવી લઈને એમાં વૃદ્ધિ કરવી.

**૩. નિરીક્ષણ :** ચિંતન શૂન્યાવકાશમાં થઈ શકતું નથી. એ માટે આધારભૂમિ (Background) જરૂરી છે. સ્વાધ્યાય પછી બીજી ભૂમિકા છે : નિરીક્ષણ. જ્યારે કશું નહીં હશે, ત્યારે ચિંતનની શરૂઆત નિરીક્ષણથી થઈ હશે. અલબત્ત, જિજ્ઞાસા હશે તો નિરીક્ષણ માટે કહેવું નહીં પડે. એકાંગી નહીં, પણ સર્વાંગી નિરીક્ષણ જ ઉપયોગી છે. એકાંગી નિરીક્ષણને આધારે તારવેલ નિષ્કર્ષ, સાત આંધળાઓએ હાથી વિશે તારવેલ નિષ્કર્ષની જેમ અર્ધસત્ય યા અસત્ય હોઈ શકે છે. વળી નિરીક્ષણમાં બારીકાઈ હોવી જોઈએ. ઉપરચોટિયું નિરીક્ષણ અન્યાયકર્તા યા અતિન્યાયકર્તા બની શકે છે.

**૪. મૌલિકતા :** ચિંતન મૌલિક હોવું ઘટે. એ માટે ચિંતકમાં સ્વતંત્ર વિચારશક્તિ અપેક્ષિત છે. અલબત્ત, મૌલિકતા બહુ અઘરી બાબત છે. કદાચ સંપૂર્ણ મૌલિકતા સંભવિત પણ નથી. કેમ કે વિરાસતમાં પ્રાપ્ત થયેલા જ્ઞાનની ભૂમિકા પર આગળ વધવાનું હોય ત્યારે એનાથી સંપૂર્ણ મુક્ત કઈ રીતે રહી શકાય ? તેમ છતાં, યુગ અનુરૂપ નવીન વિચારધારાનો સમાવેશ કરી શકાય. જેમ કે, રામાયણ કે મહાભારતના પ્રસિદ્ધ કથાવસ્તુનો આધાર લઈને નવીન કૃતિ રચી શકાય. એવી ઘણી કૃતિઓ રચાઈ પણ છે. એકલવ્યનો અંગૂઠો કાપી લેવામાં, શંબૂકનો વધ કરવામાં, સીતાને ત્યાગ કરવામાં, દ્રૌપદીને જુગારમાં મૂકવામાં કેટલું ઔચિત્ય ? એવા સવાલો ઉપસ્થિત કરી શકાય. પ્રાચીન પાત્રોને નવા રૂપે રજૂ કરી શકાય. બાકી એની એ વાત ફરી ફરી કહેવા – કરવાનો શો અર્થ ? કહેનાર બદલાય તેથી એ વાત એની નથી બની જતી. કશું નવીન કે મૌલિક કહેવાનું ન હોય તો મૌન ધારણ કરવું ઉત્તમ ગણાય.

**ચિંતનમાં બાધારૂપ બાબતો :**

સ્વતંત્ર અને મૌલિક ચિંતન અપેક્ષિત છે; પરંતુ સાવધાની રાખવામાં ન આવે તો જાણે-અજાણે અનેક પરિબળો એમાં બાધારૂપ બનતાં હોય છે. સ્વતંત્ર ચિંતનમાં બાધારૂપ બનનાર અગત્યનાં ચાર પરિબળો આ પ્રમાણે છે :

**૧. પૂર્વજ્ઞાન :** અગાઉ સંચિત જ્ઞાનનું મહત્ત્વ સમજાવ્યું; એના સંદર્ભમાં કદાચ આશ્ચર્ય થશે કે સ્વતંત્ર ચિંતનમાં પૂર્વજ્ઞાન બાધારૂપ કઈ રીતે બને ? છતાં હકીકત એ છે કે જો સતર્ક રહેવામાં ન આવે તો પૂર્વજ્ઞાન મૌલિક ચિંતનમાં વિઘ્નરૂપ બને છે. વ્યવહારુ દૃષ્ટાંત આપીને સમજાવીએ તો એક ચીલો તૈયાર થાય પછી બધા લોકો એના પર જ ચાલે છે. નવો વધુ સારો ચીલો પડી શકે એવું વિચારવાનું જ બંધ થઈ જાય છે. પૂર્વજ્ઞાન પણ એક પ્રકારે જાહેર ચીલો છે. ભૌતિક વિજ્ઞાનો કે જેમાં તથ્યો બિનવિવાદાસ્પદ છે, એમને આ વાત લાગુ પડતી નથી; પરંતુ ચિંતનપ્રધાન કે આત્મલક્ષી (Subjective) શાસ્ત્રો કે જેમાં વિવાદને સ્થાન છે; ત્યાં આ સવાલ પેદા થાય છે. આમ પૂર્વજ્ઞાની વ્યક્તિ માટે મૌલિકતાની રક્ષા કરવી એ બે ઘોડા પર એકીસાથે સવારી કરવા જેવું કપરું કામ છે. પૂર્વજ્ઞાનની સૌથી મોટી તકલીફ એ છે કે એ એક દ્વાર ખોલી દે છે; પરંતુ બીજાં વિચારદ્વાર બંધ કરી દે છે !

**૨. પૂર્વગ્રહ :** પૂર્વગ્રહ એ સ્વતંત્ર ચિંતનમાં કદાચ સૌથી મોટું વિઘ્ન છે. આપણને અનેક દિશાઓમાંથી પૂર્વગ્રહો પ્રાપ્ત થાય છે. પૂર્વગ્રહનું ધરુવાડિયું પરિવાર છે. બાલ્યાવસ્થામાં જે વિચારો, માન્યતાઓ પારિવારિક વાતાવરણમાંથી પ્રાપ્ત થાય છે, એ હાડમાંસમાં ભળી જાય છે. બાળવયમાં પડેલા સંસ્કારો તાજા પ્લાસ્ટર પર લખેલા લખાણની જેમ અમિટ બની જાય છે. ઘણી વાર મોટા વિદ્વાનો પણ વહેમ, શુકન-અપશુકન ઊંચ-નીચ ભેદભાવ, અસ્પૃશ્યતા વગેરેમાં માનતા જોવા મળે છે, એનું કારણ બાળવયના અમિટ સંસ્કાર છે. ઉપરાંત આસપાસનું વાતાવરણ, કહેવાતા ધાર્મિક સાહિત્ય કે શાસ્ત્રોનું વાચન પણ પૂર્વગ્રહો પેદા કરે છે. જ્ઞાતિ, ધર્મ અને ધાર્મિક માન્યતાઓ તો આપણને જન્મ સાથે જ પ્રાપ્ત થાય છે;

એમાં પસંદગી (Selection)નો સવાલ જ નથી. શ્રી ગુણવંત શાહ સરસ વાત કહે છે કે, માણસ આકાશમાં ઉપગ્રહ છોડી શકે છે; પરંતુ ધરતી પર પૂર્વગ્રહ છોડી શકતો નથી !

**૩. આપ્ત પ્રમાણ :** તર્કશાસ્ત્રમાં સત્યશોધન માટે ત્રણ પ્રમાણ બતાવ્યાં છે : આપ્ત પ્રમાણ, પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણ. આપ્ત પ્રમાણ એટલે જેના પર શ્રદ્ધા હોય એવા શાસ્ત્ર કે વ્યક્તિનું કથન આંખ મીંચીને, દિમાગ બંધ રાખીને માની લેવું. આ પ્રમાણે માની લેવું એ ગેરરસ્તે દોરનાર હોઈ શકે છે. 'અમુક શાસ્ત્રમાં લખ્યું છે, કે અમુક મહાપુરુષે કહ્યું છે; માટે એમાં સંદેહ કરાય જ નહીં.' આ પ્રકારનું વલણ સ્વતંત્ર ચિંતનમાં બાધારૂપ છે. ''માની લેવું નહીં; પણ જાણવું'' એ પ્રકારનું વલણ મૌલિક ચિંતન માટે અનિવાર્ય છે. આ માટે શ્રેષ્ઠ ઉપાય એ છે કે આપણે કોરી સ્લેટ જેવા બની જવું ને નવેસર વિચારવું. મૌલિક એટલે મૂળ સુધી પહોંચનાર. એ માટે દિમાગ કોરી સ્લેટ જેવું બનાવી દઈ, કશાયના પ્રભાવમાં આવ્યા સિવાય સત્યશોધન કરવું ઘટે. એ માટે નિરક્ષરતા ક્યારેક ઉપકારક નીવડે છે. એમનાં મન-મસ્તિષ્ક શાસ્ત્રજ્ઞાનથી મુક્ત હોય છે; એટલે એમને સત્યનું સીધું દર્શન થાય છે. વચમાં શાસ્ત્રો આવતાં નથી, પરિણામે સત્યનું વક્રીભવન થવાનો સવાલ આવતો નથી. અનુભવ અને અનુમાન (તર્ક)ના આધારે એમની માન્યતાઓ, એમનું ચિંતન ઘડાય છે; એટલે એમાં પૂર્વ પ્રદૂષણ માટે અવકાશ રહેતો નથી. એટલે તો સંત કબીર પોથી પંડિતોને ફટકારી શકે છે : **तू कहता कागद की लिखी, मैं कहता आंखिन की देखी ।**

અલબત્ત, એનો અર્થ એવો નથી કે સંચિત જ્ઞાન કે શાસ્ત્રજ્ઞાન નકામાં છે. તાત્પર્ય એટલું જ કે એ સંદેહથી પર નથી. લોટા પર સમય સાથે મેલ ચડ્યા કરે છે; માટે એને અવારનવાર માંજતા રહેવું જોઈએ. પ્રયોગ દ્વારા સત્યને ચકાસતા રહેવું ઘટે. માટે તો ગાંધીજીએ પોતાની આત્મકથાને 'સત્યના પ્રયોગો' એવું નામ આપ્યું.

**૪. લાગણી યા ભાવુકતાનો અતિરેક :** લાગણી એ સદ્‌ગુણ છે; પરંતુ લાગણીવેડા એ દુર્ગુણ છે. યથાર્થ ચિંતનમાં એ બાધારૂપ છે. શુદ્ધ ચિંતનમાં સમતુલા જરૂરી છે. લાગણી યા ભાવનાના અતિરેકથી સમતુલા ખોરવાય છે. લાગણીના અતિરેકમાં આવી જઈને માણસ એક બાજુ ઢળી જાય છે. એ નિષ્પક્ષ રહી શકતો નથી. એ રીતે આલંકારિકતા તથા દૃષ્ટાંતો પણ શુદ્ધ ચિંતનમાં વિઘ્નરૂપ ગણાય. અલંકાર એ સાહિત્યનો ગુણ છે; પરંતુ સત્યદર્શનમાં દોષરૂપ છે. તર્કશાસ્ત્રમાં એને 'અલંકાર દોષ' કહેવામાં આવે છે; પરંતુ માણસ લાગણીશીલ પ્રાણી છે; ને સ્વાર્થસાધુ લોકો લાગણીનું શોષણ કરતા જોવા મળે છે. તથાકથિત ધર્મના ક્ષેત્રમાં એ ખાસ જોવા મળે છે. મહમ્મદ અલી ઝીણા પોતે બુદ્ધિજીવી તર્કનિષ્ઠ હતા; પરંતુ લોકોમાં રહેલ ધાર્મિક લાગણીવેડાને ઉશ્કેરીને તેઓ અલગ પાકિસ્તાન લઈ શક્યા. આજે પણ ધર્મ અને લાગણી દુભવવાના નામે ઝઘડા કરાવી શકાય છે. માણસ જો તર્કનિષ્ઠ બને તો લાગણીનું શોષણ (Emotioal exploitation) શક્ય બને.

**પ્રાથમિક શિક્ષકની જવાબદારી :**

આમ તર્કનિષ્ઠા યા શુદ્ધ ચિંતન અત્યંત આવશ્યક ગુણ છે. અલબત્ત, બુદ્ધિ, તર્ક યા ચિંતન બે ધારી તલવાર છે. એ શુદ્ધ હોય તો કલ્યાણકારી છે અને અશુદ્ધ હોય તો ભારે હાનિકારક છે. સ્વાર્થ માટે એનો દુરુપયોગ પણ થાય છે. એને બુદ્ધિનો વ્યભિચાર યા પ્રજ્ઞાપરાધ કહેવાય છે. શુદ્ધ ચિંતનના પક્ષમાં, ટૂંકમાં કહેવું હોય તો મગજ બંધ રાખીને કશું માની લેવું નહીં; પરંતુ Why, When, What : શા માટે ? ક્યારે ? શું ? એવા સવાલો કરવા અને સત્ય-અસત્ય જાણી લેવું.

આપણી વિચારશક્તિ અને માન્યતાઓનું ઘડતર બાલ્યાવસ્થામાં દૃઢ રીતે થાય છે. એ દૃષ્ટિએ પ્રાથમિક શાળાના શિક્ષકની જવાબદારી વધી જાય છે. એણે બાળકને શુદ્ધ ચિંતન કરતાં શીખવવાનું છે. માટે શિક્ષક પોતે શુદ્ધ ચિંતનનો આગ્રહી હોવો જોઈએ. કૂવામાં હોય તો હવાડામાં આવે.

ચિંતન અને કર્મ વચ્ચે સુમેળ આવશ્યક છે. ચિંતન પછી કર્મ આવે છે. ચિંતન વિનાનું કર્મ વૈતરું છે. એ નુકસાનકારક નીવડી શકે છે. તો કર્મ વિનાનું ચિંતન વંધ્ય છે. એ કેવળ બુદ્ધિવિલાસ છે.

આજે ચિંતનકણિકાઓના રેડીમેડ સંગ્રહ મળે છે. આમ તો એ ચિંતનનો સાર છે; પરંતુ એ બાળાગોળી જેવા છે. એને સમજપૂર્વક ગ્રહણ કરવાને બદલે કેટલાક કહેવાતા વિદ્વાનો એનું પોપટરટણ કરતા જોવા મળે છે. મૌલિકતા ત્યાં માર ખાઈ જતી હોય છે !

**તુલસીભાઈ પટેલ**
૧, ઉદયનગર, મહેસાણા, ૩૮૪૦૦૨
મો. ૯૯૯૮૦ ૮૯૬૩૩

# વિલિયમ બટલર યીટ્સ (આયરલૅન્ડ)
## (William Butler Yeats)

(નોબેલ પ્રાઇઝ : 1923)

**ડૉ. મનીષ વ્યાસ**

વીસમી સદીમાં લખાયેલા અંગ્રેજી સાહિત્ય અને વિશેષતઃ અંગ્રેજી ભાષામાં લખાયેલ કવિતાઓનો જ્યારે જ્યારે ઉલ્લેખ કરવામાં આવે છે કે તેના ગુણાવગુણની ચર્ચા કરવામાં આવે ત્યારે વિલિયમ બટ્લર યીટ્સનું યોગદાન મોખરાનું ગણી શકાય. અહીં વાત એક એવા કવિની નથી જેણે અંગ્રેજી ભાષામાં કાવ્ય રચનાઓ કરી, પરંતુ તેવા સાહિત્યકારની છે જેણે અંગ્રેજી કવિતામાં પોતાના દેશ આયરલૅન્ડની સોડમ, ત્યાંની દંતકથાઓ, વૈચારિક અભિગમ અને ખાસ કરીને તો આયરીશ કાવ્યાત્મક અભિવ્યક્તિથી વીસમી સદીની આધુનિક કવિતાના નવીન યુગના શ્રીગણેશ કર્યા. યીટ્સના સાહિત્યક્ષેત્રે પદાર્પણ સાથે જ કવિઓ, વિવેચકો અને વાચકો એ હકીકતથી વાકેફ થયા કે અંગ્રેજી કવિતાઓ માત્ર ઇંગ્લૅન્ડના સીમાડા પૂરતી જ સીમિત નથી. વિશ્વના અન્ય દેશોની જેમ આયરલૅન્ડ, સ્કૉટલૅન્ડ અને વેલ્શ પણ ઇંગ્લૅન્ડના સામ્રાજ્યવાદનો એક હિસ્સો હતું; આથી જ યીટ્સની કવિતાઓ, નાટકો અને લઘુ નવલકથાઓ આયરીશ સાહિત્ય, સંસ્કૃતિ અને પરંપરાના પુનરુત્થાનનું એક અતિ મહત્ત્વનું પ્રેરકબળ માનવામાં આવે છે. ૧૩મી જૂન ૧૮૬૫ના રોજ સૅન્ડીમાઉન્ટ (Sandymount) (આયરલૅન્ડ)માં જન્મેલા વિલિયમ બટ્લર યીટ્સ સૌ પ્રથમ આયરીશ લેખક છે, જેમને ૧૯૨૩માં નોબેલ પ્રાઇઝથી નવાજવામાં આવ્યા હતા.



આયરીશ સાહિત્યને લોકભોગ્ય બનાવવાની સાથે સાથે આયરલૅન્ડમાં ઍબે થિયેટર (Abbey Theatre)ની સ્થાપના કરવામાં યીટ્સની પ્રમુખ ભૂમિકા રહી હતી. ઍબે થિયેટર થકી આયરલૅન્ડના ઍમટર(amateur) લેખકોને પોતાની કવિતાઓ અને નાટકો રજૂ કરવાની તક મળી. યીટ્સ મૃત્યુપર્યંત પ્રોટેસ્ટંટ વિચારધારા સાથે સંકળાયેલા હતા, જેણે તેમની શરૂઆતની સાહિત્યિક તાલીમને મહદ્અંશે પ્રભાવિત કરી હતી. આ જ સમયગાળામાં આયરીશ દંતકથાઓ અને ગૂઢ વિચારધારા (Occultism)થી પણ તેઓ પ્રભાવિત થયા જે તેમની તમામ કવિતાઓ અને વિચારસરણીમાં પ્રતિબિંબિત થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે હિન્દી સાહિત્યના મૂર્ધન્ય કવિ સ્વ. હરિવંશરાય બચ્ચન સૌ પ્રથમ ભારતીય હતા. જેમણે કૅમ્બ્રિજ ખાતે યીટ્સની કવિતાઓમાં પ્રકટ થતી આ ગૂઢ વિચારધારા ઉપર સંશોધન કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી (થીસિસ શીર્ષક 'Yeats and Occultism). યીટ્સની શરૂઆતની કવિતાઓમાં ઍડમન્ડ સ્પેન્સર (Edmund Spenser), પી. બી. શેલી (P. B. Shelley) અને પ્રી-રાફેલાઈટ અંગ્રેજ કવિઓની અસર સ્પષ્ટ રીતે જોવા મળી આવે છે.

કવિ અને વ્યક્તિ વિશેષ તરીકે યીટ્સ બે મોરચે સક્રિય હતા. કવિ તરીકે તેમનો ઝુકાવ આયરીશ અભિવ્યક્તિને વાચા આપવા તરફ હતો. જ્યારે રાષ્ટ્રવાદી તરીકે તેઓ પ્રોટેસ્ટંટ indentity crisis સામે લડી રહ્યા હતા; કારણ કે વીસમી સદીની શરૂઆતમાં ગ્રેટ બ્રિટનમાં પ્રોટેસ્ટંટ (Protestant) સમુદાય ઉપર કૅથોલિક (Catholic) વિચારધારા અત્યંત હાવી થઈ ગઈ હતી.

આ સંજોગોમાં આયરીશ રાષ્ટ્રવાદી ચળવળને વેગ મળ્યો. જ્યારે ૧૮૮૦ના દશકમાં આયરીશ રાષ્ટ્રવાદી ચાર્લ્સ સ્ટુઅર્ટ પાર્નેલ (Charles Stuart Parnell) હોમરૂલ ચળવળ થકી બ્રિટનના હાઉસ ઑફ કૉમન્સ ખાતે સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ તમામ રાજકીય અને સામાજિક ઘટનાક્રમની ગહન અસર યીટ્સના લખાણોમાં જોવા મળી રહી છે.

૧૮૬૭માં યીટ્સના પરિવારે ઇંગ્લૅન્ડમાં સ્થાયી થવાના ઉદ્દેશથી સ્થળાંતર કર્યું, જ્યાં યીટ્સના પિતા જ્હોન ફાઇન આર્ટ્સ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવી ચૂક્યા હતા. ૧૮૮૪માં યીટ્સે મૅટ્રોપોલીટન સ્કૂલ ઑફ આર્ટમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું; અલબત્ત અભ્યાસમાં તેઓ એક સામાન્ય વિદ્યાર્થીની કક્ષામાં આવતા હતા. તેર વર્ષના વસવાટ બાદ ૧૮૮૦માં આર્થિક કારણોસર યીટ્સનું પરિવાર ડબ્લીન ખાતે પરત આવ્યું, જ્યાં તેમણે પોતાનો અધૂરો અભ્યાસ પૂર્ણ કર્યો. ડબ્લીન શહેરમાં જ યીટ્સના પિતાનો આર્ટ સ્ટુડિયો હતો જ્યાં શહેરના કલાકારો અને લેખકો કળા અને સાહિત્યની ચર્ચા કરતા હતા. આ ચર્ચા સભાઓમાં યીટ્સ પણ સંમિલિત થતા. આ સમયમાં યીટ્સે કવિતા લખવાની શરૂઆત કરી અને ૧૮૮૫માં ડબ્લીન યુનિવર્સિટી રિવ્યૂ (Dublin University Review)માં યીટ્સની કવિતાઓ પ્રકાશિત થઈ હતી. અલબત્ત, યીટ્સની શરૂઆતની કવિતાઓ ઇંગ્લૅન્ડના કવિઓની શૈલી અને વિષય-વસ્તુ ઉપર વધુ કેન્દ્રિત હતી. આ સંદર્ભમાં વિવેચક ચાર્લ્સ જ્હોનસ્ટન (Charles Johnston) યીટ્સની પ્રારંભિક કૃતિઓને 'બિન આયરીશ' ગણાવે છે; પરંતુ આ સાથે એ ન ભૂલવું જોઈએ કે ઍબે થિયેટર (જે અત્યારે નેશનલ થિયેટર ઑફ આયરલૅન્ડ તરીકે ઓળખાય છે)ની સ્થાપના થકી યીટ્સ અને અન્ય રાષ્ટ્રવાદી લેખકોએ આયરીશ સાહિત્યના પ્રસારને અકલ્પનીય વેગ આપ્યો. આ થિયએટર તે સમયના અંગ્રેજી ભાષા બોલતા રાષ્ટ્રોમાં સરકાર દ્વારા આર્થિક રીતે સહાયિત (subsidized) હોય એવું સૌ પ્રથમ થિયેટર હતું. આ સંસ્થાએ આવનારી ભવિષ્યની પેઢીના લેખકો જેવાં કે લેડી ગ્રેગરી (Lady Gregory) સીન ઑ કેસી (Sean O' Casey) અને જ્હોન મિલિન્ગટન સિન્જ (John Millington Synge) જેવા સારસ્વતો માટે બાલમંદિરની સેવા પૂરી પાડી. શરૂઆતના તબક્કામાં આ થિયેટરના નાટ્ય પ્રદર્શનો (Theatrical performances) આયરલૅન્ડ પૂરતા જ સીમિત હતા, પરંતુ સમય જતાં આ થિયેટર સાથે સંકળાયેલા નાટ્યકારો, કલાકારો અને અન્ય કસબીઓએ અમેરિકા અને યુરોપના અન્ય દેશોમાં પ્રવાસ કરીને નાટકો ભજવ્યાં. ૨૭મી ડિસેમ્બર, ૧૯૦૪ની સાંજે આ થિયેટરના લોકાર્પણ વખતે યીટ્સનું Cathleen Ni Houlihan અને ઍડવર્ડ માર્ટીન (Edward Martyn)નું The Heather Field નાટકો ભજવાયાં હતાં. આ બંને નાટકોને દર્શકો અને વિવેચકો તરફથી બહોળી પ્રશંસા પ્રાપ્ત થઈ હતી. કેટલાક સાહિત્ય રસિકોએ તો આ થિયેટરને 'દસકાની સૌથી મહત્ત્વની ઘટના' તરીકે બિરદાવી હતી. આગળ જતાં ૧૯૦૯માં આ થિયેટરમાં જ્યોર્જ બર્નાર્ડ શૉ (George Bernard Shaw)નું નાટક Blanco Posnet રજૂ થયું હતું. આ નાટક જ્યારે ઇંગ્લૅન્ડમાં ભજવાયું હતું ત્યારે તેનો ખૂબ વિરોધ થયો હતો. કારણ કે આ નાટકમાં બ્રિટિશ સત્તાધીશોની ટીકા કરવામાં આવી હતી. આ નાટકે શૉને બહોળી પ્રસિદ્ધિ અપાવી, એટલું જ નહીં ઍબૅ થિયેટર આયરલૅન્ડના સમાજ, સાહિત્ય અને રાજકારણના સાચા પ્રતિનિધિ તરીકે પણ પ્રસ્થાપિત કર્યું.

વર્ષ ૧૮૯૦માં મૉડ ગૉન (Mond Gonne) નામની યુવતીની મુલાકાત સાથે જ યીટ્સના વ્યક્તિગત જીવનમાં સૌથી મોટો બદલાવ આવ્યો. યીટ્સના જીવન અને હવે પછીની કૃતિઓ ઉપર મૉડ ગૉનનો પ્રભાવ એટલો ગહન હતો કે યીટ્સની તમામ કવિતાઓમાં સીધી કે આડકતરી રીતે તેનો ઉલ્લેખ જોવા મળે છે. મૉડ ગૉન પ્રત્યે યીટ્સનો ઉત્કટ પ્રેમ લગભગ અનુત્તર જ રહ્યો. ૧૮૯૧માં યીટ્સનો વિવાહ પ્રસ્તાવ ગૉને નામંજૂર કર્યો અને તે દિવસથી, યીટ્સના શબ્દોમાં, "the troubling of my life began." યીટ્સનો આ પ્રેમ નીચેના શબ્દોમાં સ્ફુટ થાય છે.

**I have spread my dreams under**
**Your feet;**
**Tread softly because you tread**
**on my dreams.**

એક તરફ જ્યાં ૧૮૮૯થી ૧૮૯૪ના વર્ષો યીટ્સના વ્યક્તિગત જીવન માટે નિરાશાજનક રહ્યાં; તો બીજી તરફ આ વર્ષો સાહિત્યિક નીપજની દૃષ્ટિએ નોંધપાત્ર પુરવાર થયાં. આ જ વર્ષમાં યીટ્સનું The Wanderings of Oisin and Other Poems પ્રકાશિત થયું અને તેની સાથે સાથે John Sherman and Dhoya (૧૮૯૨) શીર્ષકથી નવલિકા, The Countess Kathleen (૧૮૯૨) નામનો ટૂંકી વાર્તા-સંગ્રહ The Celtic Twilight (૧૮૯૩) નામનો નિબંધ-સંગ્રહ અને The Land of Heart's Desire (૧૮૯૪) શીર્ષકથી નાટક પ્રકાશિત થયું હતું. ૧૮૯૧થી ૧૯૦૧ની વચ્ચે યીટ્સના ચાર વિવાહ પ્રસ્તાવ મૉડ ગૉને અસ્વીકૃત કર્યાં. છેવટે ૧૯૧૭માં યીટ્સે ૫૨ વર્ષની ઉંમરે પોતાનાથી ૨૭ વર્ષ નાની જ્યોર્જીના હાઈડ લીસ (Georgina Hyde Lees) સાથે લગ્ન કર્યાં.

૧૯૧૯માં આયરલૅન્ડ આઝાદ દેશ તરીકે અસ્તિત્વમાં આવ્યો અને તેના ચાર વર્ષ બાદ યીટ્સને સાહિત્યનું નોબેલ પ્રાઇઝ મળ્યું. યીટ્સ માટે આ પુરસ્કારનું પ્રતીકાત્મક મહત્ત્વ એ હતું કે સમગ્ર વિશ્વ સમુદાયે આયરલૅન્ડની નોંધ એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે લીધી. રૉયલ ઍકેડેમી ઑફ સ્વિડન ખાતે આ પુરસ્કાર સ્વીકાર કરતી વખતે આપેલા વક્તવ્યમાં યીટ્સે પોતાને આયરીશ રાષ્ટ્રવાદ અને સાંસ્કૃતિક સ્વતંત્રતાના પ્રતિનિધિ તરીકે રજૂ કર્યા હતા.

યીટ્સની કવિતાઓ પ્રતીકો અને ગૂઢ કલ્પનાચિત્રો (allusive imagery)થી પ્રચૂર છે. એમની કવિતાઓમાં શબ્દોનું ચયન અને સંકલન અમૂર્ત વિભાવનાઓને વધુ પ્રભાવશાળી બનાવે છે. એક તરફ જ્યાં એમના સમકાલીન આધુનિક (modernist) કવિઓ free verseનો બહોળો ઉપયોગ કર્યો હતો. જ્યારે યીટ્સ પારંપરિક કાવ્ય રચના પદ્ધતિઓને જ વફાદાર રહ્યા હતા. જોકે યીટ્સની સાહિત્યયાત્રાને સમગ્રતયા મૂલવવામાં આવે તો જણાઈ આવે છે કે તેઓએ કોઈ એક કાવ્યશૈલી કે વિષય-વસ્તુને પ્રાધાન્ય આપ્યું નથી. તેમની કવિતાઓમાં આયરીશ દંતકથાઓ, લોકકથાઓ, પ્રેમ અને ગૂઢ વિષય-વસ્તુ, સામાજિક વ્યંગ કેન્દ્રસ્થાને જોવા મળે છે. કેટલાક વિવેચકો યીટ્સને ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના કાવ્ય સાહિત્યને વીસમી સદીમાં લઈ આવનાર અગ્રદૂત (harbinger)ની ભૂમિકામાં પણ મૂલવે છે. વીસમી સદીના કાવ્યજગતને નવીન બળ, વાચા અને સૌંદર્ય બક્ષવામાં The Green Helmet(૧૯૧૦), Responsibilities (૧૯૧૪) અને New Poems (૧૯૩૮) જેવાં કાવ્ય-સંગ્રહો કેન્દ્ર સ્થાને રહેલાં છે.

યીટ્સના કાવ્યજગતે માત્ર પાશ્ચાત્ય કવિઓને જ પ્રેરણા આપી છે એવું નથી; અપિતુ ભારતીય કવિઓ માટે પણ તેઓ એટલા જ સુલભ અને પ્રવર્તમાન છે. આ સંદર્ભમાં Indian Response to Yeats; A Study of Influence નામના સંશોધનપત્રમાં ડૉ. સંજય કુમાર દત્ત (Research Scholar An Inetenational Referred e-Journal of Literry Explorations, Vol. ૩ Issue II, pp. ૨૫૫-૨૫૯) નોંધે છે કે યીટ્સના વિચારો અને કાવ્ય રચનાની અસર ભારતની વિવિધ ભાષાઓમાં લખતા લેખકો ઉપર સ્પષ્ટ રીતે જોવા મળે છે. એમના મત પ્રમાણે આયરીશ સંસ્કૃતિ અને સાહિત્યિક પરંપરાનો સૌપ્રથમ ઉલ્લેખ ૧૯મી સદીમાં પ્રકાશિત થયેલ ઝવેરચંદ મેઘાણીની કૃતિઓ 'ચારણો અને ચારણી સાહિત્ય'માં જોવા મળે છે. જેમાં મેઘાણી આયરીશ કવિઓને 'યુરોપિયન ચારણો' કહી નવાજે છે. આ ઉપરાંત ૧૯૨૩માં પ્રકાશિત 'સળગતું આયરલૅન્ડ' પુસ્તકમાં મેઘાણીએ આયરલૅન્ડની ૭૦૦ વર્ષની ગુલામીથી માંડીને આઝાદી સુધીની લડતનો વિસ્તૃત ચિતાર આપ્યો છે. તેમના શબ્દોમાં :

> "પૃથ્વીના પડ ઉપર એક જ એવો મુલક છે કે જે આજે સાતસો વર્ષના અખંડ અને અવિરત પરિશ્રમ પછી પણ અથાક ઊભો છે, પોતાની સ્વાધીનતા પ્રાપ્ત કરવા માથા વગરનાં ધડ ઝૂઝે તેમ બસ ઝૂઝી રહ્યો છે અને દુનિયાની સપાટી ઉપર એક જ દેશ એવો છે કે જે સાતસો સાતસો વર્ષના એક પ્રજાનાં બલિદાનો, તેની તપશ્ચર્યા; તેના વીર્ય અને શૌર્ય સામે, અચળ, અસ્પૃશ્ય ઊભો છે....એ દુઃખી, તપસ્વી દેશ તે આયરલૅન્ડ.... આયરલૅન્ડનો ઇતિહાસ એ

નિઃસ્વાર્થ કર્મયોગનો ઇતિહાસ છે. એ નિર્દય સિદ્ધાંતભક્તિનો ઇતિહાસ છે. એ બલિદાનનો ઇતિહાસ છે. તપશ્ચર્યાનો ઇતિહાસ છે. વાંચનારને વાંચવાની કિંમત અનેકગણી વાળી આપનાર ઇતિહાસ છે.''

આયરલૅન્ડની સ્વતંત્રતા ચળવળની ટૂંકી પણ સચોટ છણાવટ દર્શાવે છે કે મેઘાણી અને અન્ય ગુજરાતી લેખકો અને વિવેચકોએ ભારત અને આયરલૅન્ડ વચ્ચે સાંસ્કૃતિક, રાજકીય અને સાહિત્યિક સામંજસ્ય કે તુલનાને યથાયોગ્ય રીતે ઉજાગર કરી છે. ૧૯૪૦માં હરિશચંદ્ર ભટ્ટ દ્વારા કવિ ઉમાશંકર જોશીને લખાયેલા પત્રમાં યુરોપિયન આધુનિકતાવાદ (modernism) અને તેમાં યીટ્સની ભૂમિકા વિશેની ચર્ચા કરતા જોવા મળે છે. આ ઉપરાંત કવિ શ્રી નિરંજન ભગતસાહેબ પણ તેમના પુસ્તક 'W. B. Yeats. પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ'માં યીટ્સની પ્રમુખ કૃતિઓની ચર્ચા કરતા જોવા મળે છે. ૧૯૭૦ના દસકામાં મહમદ રૂપાણીએ 'આંગ્લકાવ્ય-દર્પણ : ૧ અને ૨' પુસ્તકમાં ૨૧૬ અંગ્રેજી કવિતાઓનું ગુજરાતી ભાષાંતર કર્યું હતું. જેમાં યીટ્સની નીચેની કવિતાનું ભાષાંતર સાભાર રજૂ કરેલું છે :

## The Old Man Admiring Themselves in the Water

### (Pub. 1903)

I HEARD the old, old men say,
'Everything alters,
And one by one we drop away.'
They had hands like claws, and their kness
Were twisted like the old thorn-trees
By the waters.
'All that's beaufiful drifts away
Like the waters.' (W. B. Yeats)

## ઝરણાતીરે વૃદ્ધો

**વૃદ્ધોને આમ મેં બોલતા સાંભળ્યા,**
**''સકળ કંઈ વહ્યું જાય**
**એક પછી એક બસ જઈએ સર્વે.''**

**હાથ એમના સૂકલ હતા, જેમ નહોર,**
**ઢીંચણ અમળાયલાં, નીરને તીરે વયોવૃદ્ધ**
**જેમ કંટકવૃક્ષ.**
**ને આમ મેં વૃદ્ધોને બોલતા સાંભળ્યા**
**''સર્વ સૌંદર્ય દૂર સુદૂર વહ્યું જાય,**
**જેમ નીર નદીનાં.''**

**(મહમદ રૂપાણી, આંગ્લ-કાવ્ય-દર્પણ, ભાગ-૧, પૃષ્ઠ ૧૩૩)**

બીજી તરફ કવિ હરિવંશરાય બચ્ચનના કાવ્ય-સંગ્રહો યીટ્સની કવિતાઓના હિન્દી ભાષાંતરોથી સમૃદ્ધ જોવા મળે છે. યીટ્સની કવિતા 'O Do not Love Too Long'નો હિન્દી તરજુમો માણવા લાયક છે.

## ज्यादा दिन मत नेह लगाना

**प्राण-प्रियतमे, ज्यादा दिन मत नेह लगाना,**
**ज्यादा दिन तक नेह लगाकर मैंने सीखा है पछताना,**
**मैं ऐसा बे-फैशन का माना जाता हूँ**
**जैसे कोई गीत पुराना।**

**एक इस तरह थे हम यौवन के वर्षो में**
**हाय, कहाँ वह गया जमाना**
**क्या उसके मन, क्या मेरे मन,**
**इसे असम्भव था अलगाना।**

**लेकिन पल में बदल गई वह**
**ज्यादा दिन मत नेह लगाना,**
**वरना तुम भी हो जाओगे बे-फैशन के,**
**जैसे कोई गीत पुराना पुराना॥**

એક તરફ કવિ બચ્ચને હિન્દી કવિતાને યીટ્સના ભાષાંતરોથી નાવીન્ય બક્ષ્યું તો બીજી તરફ મહર્ષિ અરવિંદ સૌ પ્રથમ ભારતીય હતા જેમણે યીટ્સ અને આયરીશ સંસ્કૃતિ વિશે તેમના અંગ્રેજી પુસ્તક The

Future Poetryમાં ઉલ્લેખ કર્યો હતો. યીટ્સની જેમ શ્રી અરવિંદ માટે પણ ‘કાવ્ય’ની વિભાવના મંત્રને મળતી આવતી હતી. અર્થાત્, બંને માટે ગૂઢ (mystic) અને અધ્યાત્મ કાવ્યના કેન્દ્રસ્થાને રહેલા છે. ભારતની અન્ય ભાષામાં લખતા કવિઓ અને લેખકોની તુલનાએ બંગાળી ભાષામાં લખાયેલા સાહિત્યમાં યીટ્સની અસર સૌથી વધુ જોવા મળે છે. એનું કારણ એ છે કે કવિવર ટાગોર યીટ્સનાં લખાણોથી સૌથી વધુ પ્રભાવિત થનારા ભારતીય લેખક હતા. અને ટાગોરના સાહિત્યે બંગાળના લેખકોને દીર્ઘકાળ સુધી પ્રેરણા આપી છે. **યીટ્સ થકી જ ટાગોરની ગીતાંજલિ વિશ્વ સમુદાય સુધી પહોંચી શકી તે હકીકત નિર્વિવાદ છે.** જીવનના અંતિમ વર્ષોમાં યીટ્સ ઇટલી સ્થાયી થયાં જ્યાં તેમણે ‘The Tower (૧૯૨૮) અને The Winding Stair and Other Poems નામના કાવ્યસંગ્રહની રચના કરી. આ બંને કાવ્યસંગ્રહો યીટ્સની સાહિત્યસૃષ્ટિમાં સીમા-ચિહ્નરૂપ ગણવામાં આવે છે. વીસમી સદીના કાવ્યવિશ્વ ઉપર અમિટ છાપ છોડનાર વિલિયમ બટ્લર યીટસનું ફ્રાન્સ ખાતે ૨૮મી જાન્યુઆરી, ૧૯૩૯ના રોજ ૭૩ વર્ષની વયે નિધન થયું.

Further Reading :

(વિલિયમ બટ્લર યીટ્સ દ્વારા લખાયેલ કવિતાઓ Collected Poems શીર્ષક હેઠળ વિવિધ પ્રકાશકોએ પ્રકાશિત કરેલ છે. આમ છતાં અભ્યાસુ વાચકો માટે તેમની પ્રમુખ કાવ્યસંગ્રહોની સૂચી નીચે અલગથી આપવામાં આવી છે.)


Ellmann, Richard. The Identity of Yeats, Oxford University Press, 1964

Finneran, Richard J. W. B. Yeats : The Collected Poems. Wordsworth Edition, 1994

Foster, R.F.W.B. Yeats : A life. Vol. 1 : The Apprentice Mage, 1865-1914 Oxford University Press, 1997.

W.B.Yeats : Life, II : The Arch Poet 1915-1939. Oxford University Press, 2003

Graf, Susan Johnston, W.B.Yeats Twentieth Century Magus : An In-Depth Study of Yeat's Esoteric Practices and Belifes, Including Excepts from His Magical Diaries : Twntieth-century Magus. Red Wheel, 2000.

Howes, Marjorie and John Kelly (Eds.) The Cambridge Companion to W.B.Yeats. CUP, 2006

Mikhail, E. H. (Ed.) W.B.Yeats : Interviews and Recollections Vol. 1 & 2, Macmillan, 1977

Tagore, Rabindranath. '' A Hindu on the Celtic Spirit.'' *American Review of Reviews*, 49 (1914), 101-102

Yeats, W. B. The Lake Isle of Innistree, 1890 The Secret Rose, 1897

The Song of Wandering Aengus, 1899

The Wind Among the Reeds, 1899

In the Seven Woods, 1908

Never Give all the Heart, 1904

The Wild Swans at Coole, 1917

When You are Old, 1919

The Second Coming, 1920

Ester, 1916, 1921

A Prayer for My Daughter, 1921

A Vision, 1925

Sailing to Byzantium, 1928

The Tower, 1928

The Celtic Twilight. N. P. 2012

Fairy and Folk Tales of Ireland. Arcturus Slipcased Classics, 2019



**ડૉ. મનીષ વ્યાસ**

**એલ. ડી. આર. પી.**

**ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી & રિસર્ચ,**

**ગાંધીનગર**

**મો. ૯૪૨૮૦૪૭૪૬૩**

# સુનીતા વિલિયમ્સ

ગિરિમા ઘારેખાન

અમદાવાદથી ઉત્તર ગુજરાતના મહેસાણા તરફ જતી ગાડીમાં બેસીને તો રસ્તામાં ઝુલાસણ નામનું એક નાનકડું ગામ આવે છે. આમ તો આ ગામ અત્યારે પણ વર્ષો પહેલાં જેવું હતું એવું જ છે, એનો કોઈ ખાસ વિકાસ થયો નથી. થોડાં વર્ષો પહેલાં તો એ ગામનું નામ પણ કોઈએ બહુ સાંભળેલું ન હતું, પણ એક દિવસ અચાનક 'ઝુલાસણ'નું નામ બધા ભારતવાસીઓના હોઠ પર ઝૂલવા માંડ્યું, કારણ કે દીપક પંડ્યા નામના એક ડૉક્ટર, એક ન્યુરોએનાટોમિસ્ટનો જન્મ ત્યાં થયો હતો.

૧૯૩૨માં ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ઝુલાસણમાં જન્મેલા શ્રી દીપક પંડ્યાએ ૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીમાંથી પોતાનું એમ.ડી. પૂરું કર્યું, જૂનાગઢની હૉસ્પિટલમાં થોડો સમય કામ કર્યું અને પછી અમેરિકાના કલેવલૅન્ડ, ઓહાયો જઈને રેસિડેન્સી ચાલુ કરી. શ્રી દીપક પંડ્યાએ તબીબી ક્ષેત્રમાં ઘણું યોગદાન આપ્યું છે, પીએચ.ડી.ના ઘણા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું છે, યુરોપ અને ઉત્તર અમેરિકામાં અનેક પેપર્સ રજૂ કર્યાં છે. ખાસ કરીને સેરેબ્રલ કોર્ટેક્સ [મગજનું બાહ્ય આવરણ]માં એમણે કરેલી શોધોની નોંધ દુનિયાએ લીધી છે, પણ જો દીપક પંડ્યાને પૂછવામાં આવે કે દુનિયાને તમારું સહુથી નોંધપાત્ર યોગદાન કયું છે તો એ આનંદ અને ગર્વથી કહે છે – 'મારી પુત્રી સુનીતા, સુનીતા વિલિયમ્સ !

જી હા, આપણે એ જ સુનીતા વિલિયમ્સની વાત કરી રહ્યાં છીએ જેણે ભારતીય મૂળની હોવાથી સમગ્ર ભારતીઓને પોતાના કામથી ગૌરવ અપાવ્યું છે, જેના પપ્પા ગુજરાતના છે એમ કહેતાં બધા ગુજરાતીઓની છાતી છપ્પન ઇંચની થાય છે અને જેણે ચાર સ્પેસ વોકમાં ૨૯ કલાક અને ૧૭ મિનિટ વિતાવીને એક સ્ત્રી દ્વારા સ્પેસ વોકનો કેથરીન સી. થોર્નટનનો વિક્રમ વટાવ્યો હતો. તેઓ સ્ત્રી અવકાશયાત્રી તરીકે અવકાશની સૌથી લાંબી સફર [૧૯૫ દિવસ] કરવાનો વિક્રમ પણ ધરાવે છે.

અવકાશમાં જવાની ઇચ્છા કોને નથી હોતી ? નાસામાં જોડાઈને અવકાશયાત્રી તરીકે પસંદગી પામવાનું સ્વપ્ન લાખો યુવાનો/યુવતીઓ જોતાં હોય છે પણ આંગળીને વેઢે ગણી શકાય એટલાં નામ જ એ સ્વપ્ન ફળીભૂત કરી શકવા સદભાગી બની શકે છે. જોકે એમાં માત્ર નસીબ જ કામ નથી કરતું. સારું ભણતર, વર્ષોની અથાગ મહેનત અને ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ ધીરજ રાખીને કામ કરવાના ગુણ જેનામાં હોય એ જ અવકાશમાં જઈ શકે છે. સુનીતામાં આ બધા જ ગુણો ઠાંસીઠાંસીને ભરેલા છે. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫માં યુક્લીડ, ઓહાયોમાં જન્મેલી સુનીતાએ મેસાચ્યુસેટ્સના નીડહામ ખાતે નીડહામ હાઈસ્કૂલમાં શિક્ષણ લીધું હતું અને ૧૯૮૩માં સ્નાતક થયાં હતાં. ૧૯૮૭માં તેમણે યુ.એસ. નૌકાદળ તાલીમ કેન્દ્રમાંથી [યુ.એસ. નેવલ એકેડમી] શારીરિક વિજ્ઞાનમાં બેચરલ ઑફ સાયન્સની પદવી મેળવી હતી. પણ સુનીતાનું મુખ્ય ધ્યેય તો કંઈક બીજું જ હતું. એટલે એમણે એન્જિનિયરિંગનું ભણવાનું ચાલુ કર્યું અને ૧૯૯૫માં ફ્લોરીડા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજીમાંથી એન્જિનિયરિંગ મૅનેજમેન્ટ સાથે માસ્ટર ઑફ સાયન્સની પદવી મેળવી.

૧૯૮૩માં સુનીતા અમેરિકાની નેવલ એકેડેમીમાં દાખલ થયા. આ પછી સુનીતાની લશ્કરી કારકિર્દીનો કઠિન રસ્તો શરૂ થયો જેના ઉપર ચાલીને એમણે નાસા સુધી પહોંચવાનું હતું. ૧૯૮૭માં એમને યુ.એસ. નેવલ અકાદમી દ્વારા યુ.એસ. નૌકાદળની કામગીરી સોંપવામાં આવી. સુનીતાની વિચક્ષણ બુદ્ધિ અને તનતોડ મહેનત કરવાની કાબેલિયત એમના ઉપરીઓથી છાની ન રહી અને માત્ર છ મહિનાની હંગામી નિમણૂક પછી એમને

'બેઝિક ડાઇવિંગ ઑફિસર' બનાવી દેવામાં આવ્યાં. દીપકને ગમે ત્યાં મૂકવામાં આવે, એનો પ્રકાશ કોઈથી છાનો રહેતો નથી. આ દીપકપુત્રીની તેજસ્વિતા અહીં ઝળહળવા માંડી. યુ.એસ. નેવલ અકાદમીમાં જોડાયાના માત્ર પાંચ વર્ષ પછી, ૧૯૯૨માં સુનીતાને મીઆમીના 'હરિકેન એન્ડ્રુ રિલીફ ઑપરેશન' જેવી મોટી અને અગત્યની કામગીરીના 'ઇનચાર્જ' બનાવીને બધી જ જવાબદારી એમને સોંપી દેવામાં આવી. સુનીતાએ આ કામગીરી ખૂબ સરસ રીતે નિભાવીને ઉપરીઓનાં હૃદયમાં પોતાનું નામ કાયમ કરી દીધું. ૧૯૯૩માં એ નેવલ ટેસ્ટ પાઇલોટ સ્કૂલમાંથી પણ સ્નાતક થઈ ગયાં. સુનીતા વિલિયમ્સે અધધધ થઈ જવાય એટલા, કુલ ૩૦૦૦ કલાકોનું ઉડ્ડયન કરેલું છે અને ૩૦ પ્રકારના અલગ-અલગ એરક્રાફ્ટ [વિમાનો] ઉડાડેલાં છે.

નૌકાદળની આટલી સફળ, આવી ઉચ્ચ કારકિર્દી ધરાવતી આ સ્ત્રી નાસાના વૈજ્ઞાનિકોની નજરમાં આવી ગઈ અને જૂન, ૧૯૯૮માં એમની પસંદગી નાસામાં થઈ. તેત્રીસ વર્ષની સુનીતાનું એક એવું સ્વપ્ન પૂરું થયું જેને જોવાની હિંમત પણ બધા કરી નથી શકતા. પણ સ્વપ્નોને ક્યાં અંત હોય છે ? સફળતાનું એક પગથિયું ચડીએ એટલે આગળ બીજું દેખાવા માંડે છે. માણસ કાંચનજંગા સર કરે એટલે દૂર બેઠેલો એવરેસ્ટ સાદ કરવા માંડે છે. ઝુલાસણની વતની આ સ્ત્રીને તો અવકાશના ઝૂલે ઝૂલવું હતું, ચાંદ-તારા સાથે વાતો કરવી હતી અને ધરતીના ગુરુત્વાકર્ષણથી દૂર જઈને અવકાશના ખાલીપણાની અનુભૂતિ કરવી હતી પણ એને માટે ખૂબ સખત તાલીમની જરૂર હતી. અબજો ડૉલરના ખર્ચે નાસા જ્યારે સંશોધનયાન અવકાશમાં મોકલતું હોય ત્યારે એની સાથે જનાર માનવો [કે મહામાનવો ?]ની પસંદગીમાં ખૂબ જ ચોક્સાઈ રાખવામાં આવતી હોય એ સ્વાભાવિક છે. સંપૂર્ણ તાલીમ લીધા પછી પણ બધાને એ તક મળે જ એવું જરૂરી નથી હોતું.

પણ સુનીતાએ આ તાલીમ લેવા માટે બહુ રાહ ન જોવી પડી. જૂન, ૧૯૯૮માં નાસામાં પસંદગી પામેલા સુનીતાની તાલીમ માત્ર બે મહિના પછી, એટલે કે ઑગસ્ટ, ૧૯૯૮માં તો ચાલુ થઈ ગઈ. અવકાશક્ષેત્રની વિદ્યાર્થી તરીકેની તેમની તાલીમમાં વિષયની ઝીણવટભરી સમજ અને પ્રવાસ, પૂરેપૂરી વૈજ્ઞાનિક અને તકનીકી જાણકારી, શટલ અને આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની પદ્ધતિઓના વિસ્તૃત આલેખનો, અનિવાર્ય એવી શારીરિક અને માનસિક તાલીમ અને ટી-૩૮ ફ્લાઇટની તાલીમ માટેની તૈયારીનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત પાણી અને ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી પોતાની જાતને કેવી રીતે બચાવવી એ પણ શીખવાનું હતું. આ મૂલ્યાંકનના સમયગાળા દરમિયાન સુનીતાને આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન [આઈ.એસ.એસ] પર કામ કરી રહેલી રશિયન ફેડરલ સ્પેસ એજન્સી સાથે મોસ્કોમાં અને આઈ.એસ.એસ. પર મોકલવામાં આવેલી પ્રથમ ટુકડી સાથે કામ કરવાનો મોકો મળ્યો. ત્યાંની રોબોટિક શાખા સાથે પણ એમણે થોડો સમય કામ કર્યું. સુનીતાની હિંમત અને સાહસ કરવાની તૈયારીની કોઈ અંત ન હતો. તે ૨૦૦૨માં પાણીની અંદર એક્વેરિયસના નિવાસસ્થાનમાં નવ દિવસ સુધી રહેલી 'નીમો ૨'ની ટુકડીનાં પણ સભ્ય હતાં. સુનીતાની પ્રગતિ એટલી બધી સારી હતી કે એપ્રિલ, ૨૦૦૮માં એમને એસ્ટ્રોનેટ ઑફિસના ડેપ્યુટી વડા પણ નીમવામાં આવ્યાં. આ તાલીમ દરમિયાન જ સુનીતા વિલિયમ્સ રેડિયો ઑપરેશન પણ શીખ્યાં અને પરવાના ધરાવતા રેડિયો ઑપરેટર બની ગયાંય આઈ. એસ. એસ. અભિયાન સમયે એમણે બે વખત શાળાના વિદ્યાર્થીઓ સાથે વાત કરીને આ જ્ઞાનનો ઉપયોગ કર્યો હતો. વિલિયમ્સે અભિયાન-૧૪ની ટુકડી સાથે જોડાવા માટે ડિસ્કવરી શટલને લઈ જઈ રહેલા એસ.ટી.એસ.-૧૧૬ સાથે ૯.૧૨.૨૦૧૬ના દિવસે આંતરરાષ્ટ્રીય પ્રવાસની શરૂઆત કરી. એ સાથે સુનીતાના ધ્યેયનું, સ્વપ્નું પણ એક અભિયાન પૂરું થયું હતું. પણ હજુ તો આગળ એમણે ઘણું ઘણું કરવાનું બાકી હતું. અવકાશ તો એની દસેય ભુજાઓ પ્રસારીને આ ભારતીય-અમેરિકન સ્ત્રીનું સ્વાગત કરવા તૈયાર જ હતું. જોકે પોતાની સાથે સુનીતા જે ખાસ અંગત વસ્તુઓ એ લઈ ગયાં હતાં એણે સાબિત કરી દીધું કે ભલે અમેરિકામાં જન્મીને ત્યાં જ મોટાં થયાં હોય, પણ સુનીતા હૃદયથી અને સંસ્કારથી પૂરેપૂરાં ભારતીય છે. એ પોતાની સાથે ભગવદ ગીતા, ગણેશ ભગવાનની નાની મૂર્તિ અને સમોસાં લઈને ગયાં હતાં. એમના ભારતીય, ખાસ કરીને ગુજરાતી હૃદયની બીજી પણ એક સાબિતી છે. પોતાના અવકાશના રોકાણ

દરમિયાન ફિક્કું ભોજન ખાઈને કંટાળી ગયેલાં સુનીતાએ માર્ચ ૨૦૦૭માં મસાલેદાર ભોજનની માગણી કરી હતી. એ વિનંતીના પ્રતિભાવ રૂપે પ્રોગ્રેસ અવકાશયાનના રીસપ્લાય મિશનમાં એમને માટે ચટાકેદાર વાનગી મોકલવામાં પણ આવી હતી ! છે ને મજાની વાત !

સુનીતાએ એસ.ટી.એસ. અભિયાનના આઠમા દિવસે પ્રથમ વખત એકસ્ટ્રા-વેહીક્યુલર એક્ટિવિટી કરી. ૩૧ જાન્યુઆરી, ૪ ફેબ્રુઆરી અને ૯ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ આઈ. એસ. એસ.થી માઈકલ લોપેઝ એલેગ્રીયા સાથે ત્રણ સ્પેકવોક પૂરા કર્યાં. ત્રીજા સ્પેસવોક વખતે એ સ્ટેશનની બહાર છ કલાક અને ચાલીસ મિનિટ રહ્યાં અને નવ દિવસમાં જ ત્રણ સ્પેસવોક પૂરા કર્યાં. આ સાહસિક સ્ત્રીએ ચાર સ્પેસવોકમાં ૨૯ કલાક અને ૧૭ મિનિટ વિતાવ્યાં અને એક સ્ત્રી દ્વારા સૌથી વધુ સ્પેસવોકનો કેથરીન થોર્નટનનો વિક્રમ વટાવ્યો. અત્યારે એક સ્ત્રીએ કરેલા સૌથી લાંબા સમયનો કુલ સ્પેસવોકનો રેકોર્ડ એમના નામે છે જે છે ૫૦ કલાક અને ૪૦ મિનિટ.

વિક્રમ સ્થાપવાની આ તો શરૂઆત હતી. ૧૬ એપ્રિલ, ૨૦૦૭ના દિવસે સુનીતા વિલિયમ્સ અવકાશમાં મેરેથોન લગાવનારી પહેલી મહિલા બની. એમણે સ્પેસ સ્ટેશનની ટ્રેડમિલ ઉપર ૪૨.૨ કિલોમીટર ચાલીને ચાર કલાક અને ચોવીસ મિનિટમાં ૨૦૦૭ બોસ્ટન મેરેથોન પૂરી કરી. એમની બહેન દીના પંડ્યા અને સાથી અવકાશયાત્રી કેરેન પૃથ્વી પરની મેરેથોનમાં દોડ્યાં હતાં. આશ્ચર્યની વાત એ છે કે સુનીતાએ મિશન કંટ્રોલ ઉપરથી આ બંનેની દોડમાં કેટલી પ્રગતિ છે એની માહિતી પણ મેળવી હતી. અવકાશવિજ્ઞાન પણ કેટલી હદે આગળ વધ્યું છે એનો પુરાવો છે.

૨૦૦૭ના એપ્રિલમાં એસ.ટી.એસ.–૧૧૭ના મિશન એટલાન્ટીસ પરથી વિલિયમ્સને પૃથ્વી પર પાછા બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો અને બાવીસ જૂનના દિવસે સુનીતા વહાલી ધરતીમાતા ઉપર પાછાં ફર્યાં. એમણે એક દિવસ અવકાશમાં જઈશ એવું સ્વપ્ન જોયું હતું, એ ૧૯૫ ગણું વધારે થઈને એમને ફળ્યું. હા, સુનીતાએ સવારે ૩.૪૯ કલાકે જ્યારે કેલિફોર્નિયામાં એડવર્ડ એરફોર્સ બેઝ ઉપર ઉતરાણ કર્યું ત્યારે એમનું અવકાશમાં ૧૯૫ દિવસનું વિક્રમ રોકાણ થયું હતું. અવકાશ સંશોધનો કરીને માનવોને ભવિષ્યમાં ઉપયોગી થાય એવા મહાન કાર્ય માટે જીવને જોખમમાં મૂકી દેનારી આ સ્ત્રીના હૃદયમાં માનવતા એટલી છલોછલ ભરેલી છે કે એમણે ચેરિટી કરવા માટે અવકાશમાં સાથી અવકાશયાત્રી પાસે પોતાના વાળ કપાવીને એને પૃથ્વી ઉપર દાન કરવા માટે મોકલ્યા હતા.

એક વાર અવકાશમાં જવા મળે એને જ અવકાશયાત્રીઓ બહુ મોટું ભાગ્ય માનતા હોય છે. પણ આ તો આપણી સુનીતા વિલિયમ્સ હતી. ૨૦૧૨ની ૧૫મી જુલાઈએ સુનીતા તો ઊપડ્યાં પાછાં અવકાશની સફરે, ચાંદ-તારા સાથે ઓળખાણ તાજી કરવા. એક્સ્પેડીશન ૩૨માં એ ફ્લાઇટ એન્જિનિયર હતાં અને એ પછીના એક્સ્પેડીશનમાં, માત્ર બે મહિના પછી એમને કમાન્ડર બનાવી દેવામાં આવ્યાં. ફરીથી ત્રણ વખત એ અવકાશમાં ચાલ્યાં, આ વખતે ૨૧ કલાકથી વધારે – કુલ સ્પેસવોક ૫૦ કલાકથી પણ વધુ. દર વખતે દરેક વસ્તુમાં આ મહત્ત્વાકાંક્ષી સ્ત્રીને હતં કે ‘યે દિલ માંગે મોર’. એટલે આ વખતે ટ્રેડમિલ, સાઇકલ અને વેઇટલીફ્ટિંગ મશીન પર એમણે ‘ટ્રાઈથ્લોન’ પૂરી કરી. ૧૧ નવેમ્બરના એ પૃથ્વી ઉપર પાછાં ફર્યાં ત્યારે એમના અવકાશમાં કુલ ૩૨૧ કલાક પૂરા થયા હતા. આવી સિદ્ધિ હાંસલ કરનાર એ દુનિયાની બીજી સ્ત્રી છે.

આટલી સિદ્ધિઓ મેળવવા છતાં, અવકાશને આલિંગન આપ્યા છતાં, સુનીતાના પગ તો જમીન ઉપર જ છે. ૨૦૦૭માં એ પોતાના કુટુંબીજનોને મળવા માટે ભારત આવ્યાં, સાબરમતી આશ્રમ અને પોતાના નાનકડા ગામ ઝુલાસણની પણ મુલાકાત લીધી. ત્યાંથી નજીક કડી ગામની સર્વ વિદ્યાલય હાઈસ્કૂલની અને કન્યા છાત્રાલયની મુલાકાત લીધી અને આ નાના ગામની છોકરીઓની પાંખોમાં આત્મવિશ્વાસની હવા ભરી. ભારતમાં બાળકીઓની ગર્ભમાં જ કરવામાં આવતી હત્યાની વાત જાણીને એમનું મન વિચલિત થઈ ગયું. એમણે કહ્યું કે ‘સ્ત્રીઓ અમુક કામ ન કરી શકે એમ માનવું એ માત્ર એક માનસિક મર્યાદા છે. અમદાવાદમાં રહેતા એમના પિતરાઈ દિનેશ રાવલના કહેવા પ્રમાણે સુનીતાએ ગુજરાતમાંથી જ એક બાળકીને દત્તક લેવાનું નક્કી કરી લીધું છે અને એમની બહેન દીનાએ એ માટેની કાર્યવાહી પણ ચાલુ કરી દીધી છે. એમને વિશ્વ ગુજરાતી

**અનુસંધાન પૃષ્ઠ ૪૦ ૫ર**

# પરવલયી (Parabolic) અને અતિવલયી (Hyperbolic) ભ્રમણકક્ષાઓ

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**


આપણે ઉપવલયી (Elliptic) ભ્રમણકક્ષાઓ માટે જો કેન્દ્રગામી બળનું કેન્દ્ર નાભિ (Focus) હોય તો કેન્દ્રગામીબળ વ્યસ્ત-વર્ગ (Inverse Square)ના નિયમ પ્રમાણે છે. હવે આપણે ભ્રમણકક્ષા પરવલયી હોય અને કેન્દ્રગામીબળનું કેન્દ્ર પરવલયનું નાભિ હોય તો કેન્દ્રગામીબળનો નિયમ મેળવીએ.

**પરવલયના જરૂરી ગુણધર્મો**

આકૃતિ 1માં આપેલા પરવલયનું શિરોબિંદુ (Vertex) A છે અને નાભિ S છે, જેનું સમીકરણ

$$y^2 = 4ax,$$

જ્યાં, AS = $a$ છે. A યામપદ્ધતિનું ઉગમબિંદુ પણ છે.




આકૃતિ 1

XD નિયામિકા (Directrix) છે. પરવલય ઉપર P કોઈ એક બિંદુ છે અને PD ⊥ DX. પરવલયની વ્યાખ્યાથી PD = SP = OX છે.

P બિંદુએ સ્પર્શક PM છે અને SN ⊥ PM.

નાભિ S માંથી y–અક્ષને સમાંતર રેખા પરવલયને L બિંદુએ છેદે છે. SL = SX = 2$a$ છે. આથી અર્ધ નાભિલંબ = 2$a$ છે અને નાભિલંબ (Latus Rectum) L = 4$a$ છે.

આ પરવલયનું પ્રાચલ (parametric) સમીકરણ

$$x = a\mu^2 \text{ અને } y = 2a\mu \text{ છે.}$$

સ્પર્શક PM નો ઢાળ

$$m = y'\Big|_{(a\mu^2,\, 2a\mu)} = \frac{2a}{y}\Big|_{(a\mu^2,\, 2a\mu)} = \frac{1}{\mu} \text{ છે.}$$

આથી, સ્પર્શક PM નું સમીકરણ

$$y - 2a\mu = \frac{1}{\mu}(x - a\mu^2)$$

$$\therefore \quad y = \frac{x}{\mu} + a\mu \text{ છે.}$$

આથી, $AM = |-a\mu^2| = a\mu^2 = AO.$

$$SP^2 = (a - a\mu^2)^2 + (o - 2a\mu^2)^2$$

$$= a^2 [(1 - \mu^2)^2 + 4\mu^2] = a^2 (1 + \mu^2)^2$$

$$\therefore \quad SP = a(1 + \mu^2) = a + a\mu^2 = AS + AM = MS.$$

$\therefore$ NS વિભાજક છે, આથી MN = NP.

$\Delta$ SAN અને $\Delta$ SNPમાં

$\angle NAS = \angle SNP = 90^o$

NS વિભાજક હોઈને $\angle NSA = \angle NSP$ છે.

$\therefore \quad \Delta SAN \equiv \Delta SNP$

$$\therefore \quad \frac{SN}{AS} = \frac{PS}{SN}$$


$$\therefore \quad SN^2 = AS \cdot PS = aPS.$$

$$\therefore \quad \frac{SN^2}{SP} = a = AS.$$

અને $\frac{SP^2}{SN^2} = \frac{SP^2}{SP \times AS} = \frac{SP}{AS}$

**પ્રમેય 13 :** જો કોઈ પદાર્થ પરવલયની પરિમિતિ પર ફરતો હોય, તો પરવલયના નાભિ તરફ આકર્ષાતા કેન્દ્રગામીબળનો નિયમ શોધો.

આકૃતિ 2માં બતાવેલા પરવલયનું શિરોબિંદુ (Vertex) A છે અને નાભિ S છે. P અને Q પરવલય પરનાં નજીકનાં બિંદુઓ છે.




આકૃતિ 2

P બિંદુએ સ્પર્શક RPZ છે જેને લંબાવતાં $x$–અક્ષને M બિંદુએ છેદે છે. SN ⊥ સ્પર્શક MRPZ. Pના નજીકના Q બિંદુથી QT ⊥ SP અને QR ∥ SP દોરો. PG ∥ MS દોરો. Q બિંદુએ $Qv$ ∥ સ્પર્શક RPZ છે અને PG ને $v$ બિંદુએ છેદે છે. $Qv$, SP ને $x$ બિંદુએ છેદે છે.

આપણે અગાઉ SP = SM સાબિત કર્યું છે અને આથી $\angle SMP = \angle SPM = \angle ZPG = \omega$ છે.

આ ખૂણો $\omega$ પ્રાચલ $\mu$ જોડે જોડાયેલો છે.


$tan\,\omega = \frac{1}{\mu} = m$ છે, આથી $\mu = cot\,\omega$ છે.

તિર્યક અક્ષો PG ($x$–અક્ષ) અને PM (y–અક્ષ) લઈને પરવલયનું સમીકરણ મેળવીએ.

$$x' = x, \quad y' = \frac{y}{sin\,\omega}.$$

પરવલય $y^2 = 4ax$ નવા તિર્યક અક્ષોમાં,

$$y'^2\, sin^2\,\omega = 4ax'$$




$$\therefore \quad y'^2 = 4a\, csc^2\,\omega\; x'$$
$$= 4a\,(1 + cot^2\omega)\; x'$$
$$= 4a\,(1 + \mu^2)\; x'$$

આથી તિર્યક અક્ષો PG અને PM માં પરવલયનું સમીકરણ

$y^2 = 4a\,(1 + \mu^2)\,x$ છે. આપણે અગાઉ સાબિત કરેલું $SP = a\,(1 + \mu^2)$, આથી તિર્યક અક્ષોમાં પરવલયનું સમીકરણ $y^2 = 4\,SP\,x$ છે.

તિર્યક અક્ષો લેતાં P(0, 0) અને Q(P$v$, Q$v$) હોઈને,

$$(Qv)^2 = 4\,SP \times Pv = 4\,SP \times QR.$$

જ્યારે બીજી બાજુ $\Delta\, QxT$ અને $\Delta$ SPNમાં

$$\angle QTP = \angle SNP = 90^o$$

$\angle QxT = \angle NPS$ (સંગત (corresponding) ખૂણાઓ)

$$\therefore \quad \Delta\, QxT \equiv \Delta\, SPN$$

$\therefore \quad \frac{Qx^2}{QT^2} = \frac{SP^2}{SN^2} = \frac{SP}{AS}$ (અગાઉ સાબિત કરેલું)

$$= \frac{4\,SP \times QR}{4\,AS \times QR} = \frac{Qv^2}{4\,AS \times QR} \approx \frac{Qx^2}{4\,SA \times QR}$$


$$\therefore \quad QT^2 \approx 4\,A^5 \times QR = L \times QR$$

$$\therefore \quad L\frac{QR}{QT^2} \times \frac{1}{SP^2} \approx \frac{1}{SP^2}$$

$\therefore$ Centrifual Force $\approx \frac{QR}{QT^2 \times SP^2} \approx \frac{L}{SP^2}$.

Hence the rule.

આપણે પરવલયી અને ઉપવલયી ભ્રમણકક્ષાઓ માટે જો કેન્દ્રગામીબળનું કેન્દ્ર નાભિ હોય તો કેન્દ્રગામીબળ વ્યસ્ત-વર્ગના નિયમ પ્રમાણે છે. હવે આપણે ભ્રમમકક્ષા અતિવલયી હોય અને કેન્દ્રગામીબળનું કેન્દ્ર નાભિ હોય તો કેન્દ્રગામીબળનો નિયમ મેળવીએ.




આકૃતિ 3

CA અને CB અતિવલયના અર્ધાક્ષો છે. પ્રિન્સિપિયામાં ઉપવલયી ભ્રમણકક્ષા માટેના આકૃતિમાં વાપરેલા અક્ષરો ન્યૂટને ખૂબ જ કાળજીપૂર્વક અતિવલયી ભ્રમણકક્ષા માટે બતાવેલી આકૃતિ ૩માં વાપર્યા છે. $t$ સમયે અતિવલયી ભ્રમણકક્ષા ઉપર P બિંદુએ ગ્રહ આવેલો છે. PG અને KD અનુબદ્ધ (Congugate diameters) વ્યાસો છે. $y = m_1x$ અને $y = m_2x$ અતિવલયી $\frac{x^2}{a^2} - \frac{y^2}{b^2} = 1$ ના અનુબદ્ધ વ્યાસો છે જો $m_1m_2 = \frac{b^2}{a^2}$ હોય તો.

(1) ઉપવલયમાં HP + PS = $2a$ છે, જ્યારે અતિવલયમાં HP – PS = $2a$ છે, તે સરળતાથી સાબિત કરી શકાય.

C(0, 0), H($-ae$, 0), S($ae$, 0) અને P($x$, $y$) અતિવલય ઉપરનું કોઈ પણ બિંદુ છે.

HP – PS = $2a$ એટલે કે,

$$\sqrt{(x+ae)^2 + xy^{\overline{2}}} - \sqrt{(x-ae)^2 + y^2} = 2a$$

$$\sqrt{(x+ae)^2 + y^2} = 2a + \sqrt{(x-ae)^2 + y^2}$$

બંને બાજુએ વર્ગ કરતાં,

$$x^2 + 2aex + y^2 = 4a^2 + 4a\sqrt{(x-ae) + y^2} + (x - ae)^2 + y^2$$

$$\therefore \quad 4xae = 4a^2 + 4a\sqrt{(x-ae)^2 + y^2}$$

બંને બાજુએ $4a$ થી ભાગતાં,

$$xe = a + \sqrt{(x-ae)^2 + y^2}$$

$\therefore \quad (xe - a)^2 = (x - ae)^2 + y^2$

$\therefore \quad x^2(e^2 - 1) - y^2 = a^2(e^2 - 1)$

$\therefore \quad \frac{x^2}{a^2} - \frac{y^2}{a^2(e^2-1)} = 1.$ $b^2 = a^2(e^2 - 1)$ મૂકતાં,

$\frac{x^2}{a^2} - \frac{y^2}{b^2} = 1$ છે.

| ઉપવલય | અતિવલય |
|---|---|
| (1) HP + PS = 2$a$ | (1*) HP − PS = 2$a$ |
| (2) નાભિલંબ $L = \frac{2b^2}{a} = \frac{2BC^2}{CA}$ | (2*) $L = \frac{2b^2}{a}$ |
| (3) $PE = \frac{1}{2}(PS + PI)$ | (3*) $PE = \frac{1}{2}(PI - PS)$ |
| (4) PE (= CZ) = $a$ = AC | (4*) PE = $a$ = AC |

**(2*)** નાભિબિંદુ S($ae$, 0) માંથી લંબ દોરીએ, જે અતિવલયને બે બિંદુઓમાં છેદે છે. આ બંને બિંદુઓ વચ્ચેના અંતરને નાભિલંબ L થી દર્શાવાય છે.

S માંથી દોરેલો લંબ અતિવલયને P બિંદુએ છેદે છે.

$\frac{x^2}{a^2} - \frac{y^2}{b^2} = 1$ માં $x = ae$ મૂકતાં,

$\frac{y^2}{b^2} = \frac{x^2}{a^2} - 1 = e^2 - 1$ જ્યાં $e^2 = 1 + \frac{b^2}{a^2}$ છે.

$\therefore \quad y^2 = b^2(e^2 - 1) = b^2\left(1 + \frac{b^2}{a^2} - 1\right)$

$\therefore \quad y^2 = \frac{b^4}{a^2} \qquad \therefore\ y = \pm\frac{b^2}{a}$

$\therefore \quad L = \frac{2b^2}{a}$

આથી, નાભિલંબ $L = \frac{2b^2}{a} = \frac{2BC^2}{CA}$ છે.

**(3*)** HI // KD છે અને C, HS નું મધ્યબિંદુ છે. આથી $\Delta$ HSIમાં CD // HI અને C, HSનું મધ્યબિંદુ છે. આથી, E પણ IS નું મધ્યબિંદુ છે.

$\therefore \quad IE = ES$

$2PE = 2(ES - SP) = IS - 2SP$

$\quad = ES - SP + ES - SP = PI - SP$

$\therefore \quad PE = \frac{1}{2}(IP - SP)$

**(4*)** $2a = HP - PS = IP - PS = IE + EP - PS$

$$= ES - PS + EP = 2EP$$

$\therefore \quad EP = a$

QRP$x$ સમાંતરબાજુ ચતુષ્કોણ છે.

$$\therefore \quad \frac{QR}{Px} = \frac{Px}{Pv}$$

$\Delta\, Pxv \equiv \Delta\, PEC$

$\angle\, xPv = \angle\, EPC$

$\angle\, Pxv = \Delta\, CEP$ (વ્યુત્ક્રમ ખૂણાઓ)

$$\therefore \quad \frac{Px}{Pv} = \frac{PE}{PC}$$

$$\therefore \quad \frac{QR}{Pv} = \frac{AC}{PC} \quad ...(a)$$

આપણે જાણીએ છીએ કે,

$$\frac{Pv \times vG}{(Qv)^2} = \frac{CP^2}{CD^2} \qquad \therefore \frac{Pv}{Qv^2} = \frac{CP^2}{CD^2 \times vG} \qquad ...(b)$$

(a) અને (b)નો ગુણાકાર,

$$\frac{QR}{Qv^2} = \frac{AC \times CP}{CD^2 \times vG}$$

$\Delta\, QxT \equiv \Delta\, PEF$

$\angle\, PFE = \angle\, xTR = 90^o, \quad \angle\, QxT = \angle\, FEP$ (સંગત ખૂણાઓ)

$$\therefore \quad \frac{Qx}{QT} = \frac{PE}{PF}$$

આપણે જાણીએ છીએ કે, $PF^2 \times CD^2 = CB^2 \times CA^2$.

$$\therefore \quad \frac{AC^2}{PF^2} = \frac{CD^2}{CB^2}$$

પણ $\frac{Qv^2}{QT^2} \approx \frac{Qx^2}{QT^2} = \frac{PE^2}{PF^2} = \frac{CD^2}{CB^2}$.

$$\frac{QR}{Qv^2} = \frac{AC \times CP}{CD^2 \times vG} \qquad ...(c)$$

$$\frac{Qv^2}{QT^2} \approx \frac{CD^2}{CB^2} \qquad ...(d)$$

(c) અને (d)નો ગુણાકાર કરતાં,

$$\frac{QR}{QT^2} \approx \frac{AC \times CP}{CB^2 \times vG} = \frac{2}{L}\frac{PC}{vG} \qquad 2PC \approx vG$$

$$\therefore \quad \frac{QR}{QT^2 \times SP^2} \approx \frac{1}{L} \times \frac{1}{SP^2}$$

$\therefore$ (Centripetal Force) કે. ગા. બળ $\propto \frac{1}{SP^2}$ છે.

ન્યૂટને શંકુચ્છેદને (Conic Section) ભ્રમણકક્ષા બનાવીને ફરતા ગ્રહોના ઉપર લાગતા કેન્દ્રગામી બળ જેનું કેન્દ્ર ભ્રમણકક્ષાના નાભિ ઉપર રહેલું છે તે કેન્દ્રગામીબળ વ્યસ્ત-વર્ગના (Inverse - Square) નિયમ પ્રમાણે છે. આ સાબિત કર્યા પછી ન્યૂટન કેપ્લરના (Kepler) ત્રીજા નિયમની સાબિતી આપે છે. ન્યૂટન કોઈ જગ્યાએ કેપ્લરનું નામ પણ દેતા નથી. પણ આપણે કેપ્લરના નિયમો તરીકે ઓળખતા હોઈને આપણે તે ત્રણે નિયમો જોઈએ.

**નિયમ 1** : દરેક ગ્રહની ભ્રમણકક્ષાનો આકાર ઉપવલયી (elliptic) છે, જેની એક નાભિએ (Focuo) સૂર્ય છે.

**નિયમ 2** : ગ્રહથી સૂર્યને જોડતી રેખા કોઈ પણ સરખા સમયના અંતરાલમાં સરખું ક્ષેત્રફળ પ્રસારે છે.


**નિયમ 3** : સૂર્યની આસપાસ ભ્રમણ કરતા ગ્રહના આવર્તકાળનો વર્ગ ગ્રહના સૂર્યથી સરેરાશ અંતરના ઘનના પ્રમાણસર છે.

Kepler's Third Law : Proposition XIV

If several bodies revolve about one common center, and the centripatal force is inversely as the square of the distance of places from the centre : I say, that the principal latera recta of their orbits are as the squares of the areas, which the bodies by radii drawn to the centre describe in the same time.

જો ઘણા પદાર્થો એક સામાન્ય કેન્દ્રની આસપાસ ફરતા હોય, અને કેન્દ્રગામીબળ જે કેન્દ્રથી અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે; હું કહું છું કે તેમની ભ્રમણકક્ષાની જમણીબાજુના વિસ્તારોના ચોરસો જે કેન્દ્રથી પદાર્થ સુધી દોરેલી ત્રિજ્યાથી આપેલા સરખા સમયમાં દોરેલા છે.

પ્રિન્સિપિયાની ખૂબ જ જાણીતી આકૃતિ 4 લઈએ. P બિંદુએ આવેલા પદાર્થને કેન્દ્રગામીબળ કેન્દ્ર Sની દિશામાં લાગે છે. ન્યૂટનના ગતિના પહેલા નિયમ પ્રમાણે આકૃતિ 4માં આપેલા વક્ર ઉપરના P બિંદુથી સ્પર્શકની દિશામાં PR અંતર એકધારી ગતિથી કાપે છે અને R બિંદુએ કેન્દ્રગામીબળ પદાર્થ ઉપર લાગતાં સીધી દિશામાં ગતિ કરવાને બદલે RQ દિશામાં પદાર્થ Q બિંદુએ આવશે. કેન્દ્રગામીબળ F, $\delta t$ સમય માટે




**આકૃતિ 4**

પદાર્થને લાગતું હોઈને પદાર્થ R થી Q બિંદુએ આવશે. કેન્દ્રગામીબળ Fનો પરિમેય (Magnitude) આપેલા સમય $\delta t$ માં R થી Q ના વિચલનથી (Defletion) માપી શકાય. SP ને સમાંતર સુરેખા RQ વક્રને Q બિંદુએ છેદે છે. આથી,

$$RQ = \frac{1}{2}(\text{કેન્દ્રીયબળ } F)(\delta t)^2$$

$$\therefore \quad (\delta t)^2 = \frac{2RQ}{F}$$

પ્રમેય 1થી ક્ષેત્રફળ SPQ, $\delta t$ ના પ્રમાણસર છે.

આપણે ક્ષેત્રફળ SPQ $\approx$ ક્ષેત્રફળ $\Delta$ SPQ લઈએ તો ખૂબ જ નાની ભૂલ રહેશે.

$$\Delta \text{ SPQ ના ક્ષેત્રફળ} = \frac{1}{2}\, QT \times SP = \frac{dA}{dt}\delta t$$

જ્યાં, $\frac{dA}{dt}$ અચળ છે.

$$\therefore \quad QT \times SP = 2\frac{dA}{dt}\delta t.$$

નાભિલંબ $L = \frac{2b^2}{a} = 2\frac{CB^2}{CA}$ છે. અગાઉ આપણે સાબિત કર્યું છે કે $L = \frac{QT^2}{QR}$ છે.

$$\therefore \quad L = \frac{QT^2}{QR} = \frac{4\left(\frac{dA}{dt}\right)^2(\delta t)^2}{\frac{1}{2}(\text{કેન્દ્રીય બળ F})\ (\delta t)^2(SP)^2} = \frac{8\left(\frac{dA}{dt}\right)^2}{F(SP)^2}$$

$$\therefore \quad F = \frac{8\left(\frac{dA}{dt}\right)^2}{L(SP)^2}$$

**પ્રમેય 7** : The same things being supposed, I say, that the periodic times in ellipse are as the $\frac{3}{2}$th A power of their greater ares.

અગાઉ ધારેલું ચાલુ છે, હું કહું છું કે ઉપવલયનો આવર્તકાળ તેના મોટા અક્ષના $3/2$ ઘાતના પ્રમાણસર છે.

નાભિલંબ $L = \frac{2b^2}{a}$ છે, આથી $b = \sqrt{\frac{aL}{2}}$ છે.

ઉપવલયના ક્ષેત્રફળ $= \pi ab = \pi a\sqrt{\frac{aL}{2}}$ છે.

$$\text{આવર્તકાળ} = \frac{\text{ક્ષેત્રફળ}}{\text{વર્ણન કરેલા વિસ્તારનો દર}}$$

$$= \frac{\pi ab}{dA/dt} = \frac{\pi a\sqrt{\frac{ac}{2}}}{dA/dt} = \frac{\pi\, a^{3/2}\sqrt{L}}{\sqrt{2}\, dA/dt}$$

$$\therefore \quad \text{આવર્તકાળ} = \frac{\pi a^{3/2}}{\sqrt{2}\, dA/dt}$$

$$\therefore \quad \text{આવર્તકાળ} \propto a^{3/2}$$

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે :


(1) Chandrasekhar S. Newton's Principia for the common Reader. Oxford Clarendon Press, 1995.

(2) Cohen I. A guide to Newton's Principia. Berkeley, University of California Press, 1999.

(3) Newton I. The Prinicipia Translated by Andrew Motte. Prometheus Books, 1995.



**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ, મુ.પો. શેરથા, તા. જિ. ગાંધીનગર.

મો. ૯૪૨૮૦૧૯૦૪૨


---


**અનુસંધાન પૃષ્ઠ ૩૧નું ચાલુ**


સોસાયટી દ્વારા 'સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા' અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે એમાં કંઈ જ આશ્ચર્ય નથી. ભારતીય નાગરિકત્વ નહીં ધરાવતી ભારતીય મૂળની વ્યક્તિને પ્રથમવાર આ અવૉર્ડ આપવામાં આવ્યો છે.

સ્લોવેનીઝ વંશની માતા બોની પંડ્યાની પુત્રી અને વિલિયમ્સ માઈકલની પત્ની સુનીતાને આ ઉપરાંત 'નેવી ઍન્ડ મરીન કોર્પ્સ એચિવમેન્ટ અવૉર્ડ', 'માનવતાવાદી સેવા મૅડલ' અને બે વાર 'નેવી કમેનડેશન મૅડલ મળી ચૂક્યાં છે. યાદી તો હજુ લાંબી છે. એમને 'કોન્ગ્રેશનલ સ્પેસ મૅડલ ઑફ ઓનર', 'મેરિટ ઇન સ્પેસ એક્સપ્લોરેશન અવૉર્ડ' અને આપણા દેશ તરફથી 'પદ્મભૂષણ'થી નવાજવામાં આવ્યાં છે.

ભારતીય મૂળની સુનિતાએ લગભગ ૨૦ કરતાં વધારે વર્ષો પહેલાં માઇકલ જે. વિલિયમ્સ સાથે લગ્ન કર્યાં અને સુનિતા વિલિયમ્સ બન્યાં. એમના પતિ oreganમાં ફેડરલ પોલીસ ઑફિસર તરીકેની સેવાઓ આપી રહ્યા છે. પોતાની કરિયરની શરૂઆતમાં હેલિકોપ્ટર ઉડાડતું આ દંપતી અમેરિકાના ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટનમાં આનંદથી સાથે રહીને એકબીજાની પ્રગતિમાં સાથ આપી રહ્યું છે. બંનેનો પ્રેમ સુનિતાના એક નાના વિધાન ઉપરથી જાણી શકાય છે. અવકાશમાં લાંબો સમય વિતાવીને આવ્યા પછી એમને પૂછવામાં આવ્યું કે તમને ત્યાં કોની ખોટ સહુથી વધુ સાલતી હતી, ત્યારે એમણે જવાબ આપ્યો હતો કે 'હું મારા પિતાને ખૂબ પ્રેમ કરું છું પણ મારા પતિને સહુથી વધુ મિસ કરતી હતી.'

માત્ર ભારતનું નહીં, સમગ્ર સ્ત્રીજાતિનું ભૂષણ એવાં સુનીતા ત્રીજી વાર પણ અવકાશને આંબવા માટે તૈયાર છે. છેલ્લા કેટલાક સમયથી વિરામ કરતી અમેરિકાની અવકાશ યાત્રાઓ નવા ચૂંટાયેલા પ્રમુખના ઉત્સાહથી ફરીથી ચાલુ થઈ રહી છે. હવે પછીની અવકાશમાં જનારી ટુકડીમાં ફરી એક વાર સુનીતા વિલિયમ્સની પસંદગી થઈ ગઈ છે. હવે ત્રીજી વાર એ કેટકેટલા વિક્રમ પ્રસ્થાપિત કરીને આવે છે એની રાહ જોઈએ. હવે એમની પાંખો કલ્પનાની નથી, હકીકતની છે અને એમાં આશા અને ઉત્સાહનું ઇંધણ ભરપૂર ભરેલું છે.


M. ૮૯૮૦૨૦૫૯૦૯

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**ચિંતન / શરદભાઈ પી. શાહ. તૃતીય આવૃત્તિ. મહેસાણા : લેખક (૫-૬, અણમોલ વિલા-૨, રામોસણા રોડ, મહેસાણા-૩૮૪૦૦૨), ૨૦૧૫. ૮૦ પૃ. કિં. રૂ. ૨૦૦.**

અહીં પ્રાયઃ પાશ્ચાત્ય અને કેટલાક પૌર્વાત્ય ચિંતકોની ૭૬ ચિંતનકણિકાઓમાં સંગોપિત ચિંતન અને તેના ફલિતાર્થોને તેના લેખક – ભાષ્યકાર કાનૂનવિદ શ્રી શરદભાઈ શાહે તર્કબદ્ધ છતાં સંવેદના અને લાઘવ સાથે બોધગમ્ય ભાષા-શૈલીમાં ઉજાગર કરી આપ્યાં છે, જેમાં તેના ભાષ્યકારનાં વ્યાપક અને ગહન વાંચન-ચિંતનનાં સહજમાં દર્શન થાય છે. આ બધાં વિચારમૌકિતકો સૂત્રશૈલી (આપણા દાર્શનિક ગ્રંથો, જેમ કે 'બ્રહ્મસૂત્ર', 'તંત્રાલોક', 'પાતંજલ યોગસૂત્ર' વગેરેની માફક)માં રચાયેલાં હોવાથી તેના હાર્દ - કથયિતવ્યને સમજવા માટે ખાસ દૃષ્ટિ અને અભ્યાસ આવશ્યક બની રહે છે, જેની પૂર્તિ પ્રસ્તુત ગ્રંથના લેખકે કરી આપી છે. અર્થાત્ લેખકે વાંચન દરમિયાન પોતાને સ્પર્શી ગયેલાં આર્ષવિધાનો/ સૂકિતવચનોના હાર્દને અહીં એક શિક્ષકની નિષ્ઠાથી સમજાવીને તેની રસલહાણ કરીને સ્વસ્થ અને સમરસ સમાજ ઘડતરનો માર્ગ ચીંધી આપ્યો છે. લેખકે પોતાના ચિંતનને પ્રતીતિકારક કરવા હેતુ આવશ્યકતાનુસાર પ્રસંગોપાત્ત બોધકથાઓ, પોતાના અનુભવો અને અન્ય કવિઓ / ચિંતકોનાં કાવ્યપંક્તિઓ / વિધાનોની રસપ્રદ ગૂંથણી, સૂક્તિઓના કર્તાઓનો ક્વચિત્ત સંક્ષેપમાં પરિચય, જેમકે શૂન્ય પાલનપુરી, રાજાજી, શિવ ખેરા, માઈકલ એન્જેલો, શેકસપિયર વગેરે, કોઈ સર્જક, જેમ કે સ્ટીફન કોવીના પુસ્તક 'Habits of Highly Effective People'ની દોઢ કરોડ નકલો વેચાવી વગેરે બાબતોને કુશળતાપૂર્વક આવરી લીધી છે, જે ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ કોઈ સૂક્તિના ભાષ્યની સાથે જ પ્રવર્તમાન સમયમાં તેની સ્થિતિ વિશે આક્રોશ સાથે પોતાનો અભિપ્રાય આપતા પણ જોવા મળે છે, જેમ કે 'Teaching is not the profession, it is a passion'ની સમજૂતીના પ્રારંભમાં જ લેખકનું વિધાન 'આજે આપણે શિક્ષણને ધંધો બનાવી દીધો છે. ઠેરઠેર હાટડીઓ ખોલી દીધી છે. દાવો કરીએ છીએ – અમૃત વેચીએ છીએ, છાશ આપતા હોઈએ તો પણ સારું, ઝેર પિવડાવીએ છીએ' જે એક જાગરૂક નાગરિક અને શિક્ષણવિદનો દ્યોતક બની રહે છે. આ ઉપરાંત ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે અંગ્રેજી સૂક્તિઓનું ગુજરાતીમાં ભાષાંતર માત્ર ભાષાંતર – અનુવાદ ન બની રહેતાં અનુસર્જન બની રહે છે. લેખકનું ભાષાકૌશલ્ય શ્લાઘનીય છે.

અહીં સંગૃહીત વિચારકણિકાઓ અને તેનું રહસ્યોદ્ઘાટન કરતી ચિંતનગર્ભ નિબંધિકાઓમાંથી પસાર થતાં જોવા મળે છે કે અહીં માનવજીવનને ડગલે ને પગલે સ્પર્શતી અનેકવિધ બાબતો, જેમ કે, પુરુષાર્થ, સુખ-દુઃખ, ક્ષમા, ઉપકાર, આત્મવિશ્વાસ, સિદ્ધાંત, ધર્મ, સ્વભાવ, પ્રેમ, આત્મખુમારી, સફળતા, વ્યકિતત્વની પારાશીશી, શીખતા રહેવું, સંપત્તિ, ભૂલ, પ્રાર્થના, શંકા, સદ્ભાવ, સંતોષ, ધ્યેય વગેરે વિશે વિચાર-વિમર્શ કરીને કયો માર્ગ શ્રેયસ્કર રહેશે તે સમજાવ્યું છે. આજના ભૌતિકવાદીયુગમાં આજનો માણસ કવિ આદમ ટંકારવીના શબ્દોમાં 'ધ્યાન, ભકિત, પાપપુણ્ય, કર્મફળ / બંધ કર તુ આ બધો બકવાસ છે' સ્વધર્મ ભૂલીને સંપત્તિ એકઠી કરવાની દોડમાં વ્યસ્ત છે ત્યારે માનવજીવન ઊર્ધ્વીકરણ માટે સંતર્પક ચિંતનભાથું પૂરું પાડતું આ 'ચિંતન' સૌએ વાંચવું - મમળાવવું રહ્યું અને ખાસ તો આ ચિંતન કોઈ સ્થળ, કાળ કે વય વિશેષની વ્યકિતથી નિરપેક્ષ છે, અર્થાત્ સનાતન અને શાશ્વત છે,

જે વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના લેખક - ભાષ્યકાર શ્રી શરદભાઈ શાહ (૧૯૩૯) એક ઉમદા માનવ, Voracious reader - ચિંતક, શિક્ષક અને મૂઠી ઊંચેરા રોટેરિઅન છે. વ્યવસાયે તેઓશ્રી મહેસાણાની લૉ કૉલેજના અધ્યાપક – સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ છે. આ કાર્યકાળ દરમિયાન તેમણે પાટણ યુનિવર્સિટીની લૉ ફેકલ્ટીના પ્રથમ ડીન તરીકે પણ સેવાઓ આપી હતી. 'રોટરી' વગેરે વિવિધ સામાજિક સંગઠનો સાથે જોડાયેલા રહીને 'રોટરી'ના 'The Four-Way Test'ને ખરા અર્થમાં આત્મસાત કરીને સેવાઓ આપી રહ્યા છે. તેમના ઉમદા અને પ્રેરણાદાયી વ્યકિતત્વ સંબંધી ખાસ નોંધપાત્ર બાબત એ છે કે પ્રસ્તુત પુસ્તકની અગાઉની આવૃત્તિનો મુદ્રણ અને વેચાણ ખર્ચ બાદ કરતાં બચેલ રકમ રૂપિયા એક લાખથી અધિકનું દાન રોટરી ફાઉન્ડેશનને કર્યું હતું અને પ્રસ્તુત આવૃત્તિ સંબંધી પણ આવો જ ઉમદા સંકલ્પ ધરાવે છે. તેમણે વર્ષ ૧૯૯૮-૯૯ દરમિયાન ગુજરાત – રાજસ્થાન – મધ્યપ્રદેશને આવરી લેતા 'રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૫૦'ના ગર્વનર તરીકે પણ દીપસ્તંભ સમાન સેવાઓ આપી હતી. હાલમાં તેઓશ્રી મહેસાણા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં  ઍડ્વોકેટ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

※

**પ્રાર્થનાભીનાં પત્રો : કોરોના - કાળનું પત્રચિંતન / વિજય શીલચન્દ્રસૂરિ. ગોધરા : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ૨૦૨૧. ૪૦ + ૩૧૨ પૃ. કિં. રૂ. ૧૫૦.૦૦**

પૌર્વાત્યવિદ્યાવિદ અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસી મુનિભગવંત પૂ. વિજય શીલચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ તેમના દ્વારા સંપાદિત પત્રિકા **'અનુસન્ધાન'**, વિદ્વત્તગ્રંથો, સાહિત્યિક પ્રવૃત્તિઓ વગેરેથી જૈનસમાજ ઉપરાંત વિદ્યાજગતમાં આદરણીય સ્થાન ધરાવે છે. તાજેતરના દિવસોમાં પ્રકાશિત તેમનો ગ્રંથ 'પ્રાર્થનાભીનાં પત્રો...' એ તેમની પરંપરાગત લેખનપ્રવૃત્તિથી અલગ તરાહનો છે. અર્થાત્ પ્રવર્તમાનકાળમાં પ્રચલિત કોરોનાની મહામારીની ભયાનકતામાંથી ઉગરવા માટે સમગ્ર વિશ્વ – વ્યકિતથી સમષ્ટિ સુધી – વૈમનસ્ય ભૂલીને 'હું માનવી માનવ થાઉં'ની ભાવનાને ચરિતાર્થ કરવા (અપવાદો બાદ કરતાં) એક જૂટ થઈને કાર્યરત છે તેવા સમયે આચાર્યશ્રીએ કોરાનાકાળ સંબંધી જે જોયું, સાંભળ્યું, વાંચ્યું અને તત્સંબંધી અંતર્દષ્ટિથી જે અનુભવ્યું – ચિંતન કર્યું તે અહીં પ્રસ્તુત કર્યું છે. તેમણે આ ચિંતન એક જાગરૂક સંત તરીકે આ મહામારીમાંથી માનવજાતને ઉગારવા સ્વધર્મનો માર્ગ ચીધવા કર્યું છે અને તે પણ 'અદીન', 'નિઃસ્પૃહી' - 'લોકેષણા'થી પર થઈને પ્રાર્થનાભીના શબ્દોમાં. અહીં કયાંય કોઈ સીધો આદેશ કે ઉપદેશ નથી. આ સંદર્ભે આચાર્યશ્રીએ નોંધેલ શબ્દો ''પત્રો લખવાનું નિમિત્ત જ આખા દેશમાં ને વિશ્વમાં વ્યાપેલી પીડા હતી, પણ સાથે જ, એ વેદનાથી માનવસમાજ ઝટ મુકત થાય તે માટેની અંતરની આરત અને તેમાંથી સહજ ઊગતી રહેલી પ્રાર્થના પણ પત્રોમાં નીતરતી હોવાનું અનુભવાશે... તેથી જ આ પત્રોનો પ્રધાન સૂર પ્રાર્થનાનો રહ્યો છે એમ કહી શકું'' ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે ખાસ ધ્યાનપાત્ર બાબત એ છે કે પોતે જૈનાચાર્ય હોવા છતાં ધર્મનિરપેક્ષ બની રહીને સમાજ માનવતાનિષ્ઠ બને તે ઉદાત્ત ભાવનાને કેન્દ્રમાં રાખીને કોઈ એક ધર્મ કે સમ્પ્રદાય આધારિત વાત ન કરતાં ભારતીય આર્યસંસ્કૃતિ – હિંદુ સંસ્કૃતિના પ્રતિનિધિ તરીકે વિચાર-વિમર્શ કર્યો છે. તેમણે 'વાયરસથી વૈરાગ્ય' સુધીની આ ચિંતન યાત્રામાં માનવજીવન વ્યવહારનાં અનેકવિધ પાસાંઓ વિશે પોતાનાં મંતવ્યો અસંદિગ્ધ શબ્દોમાં રોકડાં રજૂ કર્યાં છે, જેમાં તેમની નિર્ભીકતા દ્રષ્ટવ્ય બની રહે છે. આ 'ચિંતન' વાંચતાં અહીં ચર્ચિત કેટલીક બાબતો વિશે મનોજગતમાં કવચિત પ્રશ્નો પણ ઉદ્ભવે છે કે જેનો કોઈ હકારાત્મક પ્રતિભાવ જ સાંપડવાનો ન હોય તેની ચર્ચાનો કોઈ અર્થ ખરો ? આમ છતાં આ સાથે જ મન પોકારી  ઊઠે છે કે સ્વસ્થ સમાજઘડતર અને તંદુરસ્ત પ્રણાલી માટે આ ઊહાપોહ યથાયોગ્ય અને સમયોચિત છે, જેમાં એક સાચા સંતની ભૂમિકાનાં દર્શન થાય છે. આ પત્રલેખન સંદર્ભે સ્પષ્ટતા કરવી રહી કે મહારાજ સાહેબ અને તેમનો શિષ્ય પરિવાર વર્ષ ૨૦૨૦માં પોતાની વિહારયાત્રા દરમિયાન શેરીસાતીર્થ

પહોંચ્યો તે દિવસોમાં કોરોના પ્રસરતાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નીતિ-નિયમોને આધીન તેમને આગળની વિહારયાત્રા અટકાવીને શેરીસાદાદાના સાંનિધ્યમાં રહેવાની ફરજ પડી હતી. અહીંના નિવાસ દરમિયાન આચાર્યશ્રીએ પોતાના અનુયાયીઓ વગેરે માટે ચૈત્ર સુદિ ૪, ૨૦૭૬થી દ્વિતીય આસો સુદિ ૧, સંવત ૨૦૭૬ એટલે કે તા. ૨૫ માર્ચ થી ૧૭ ઑક્ટોબર, ૨૦૨૦ના સમયગાળામાં આ ૪૦ પત્રો લખ્યા હતા.

ગ્રંથસ્થ ૪૦ પત્રો પૈકી કેટલાક પત્રો (અ.નં. ૫,૧૩, ૧૭, ૧૮, ૨૦, ૨૭, ૨૮ અને ૩૬) બાદ કરતાં બાકીના પત્રોમાં કોરોના અને તદ્જન્ય આનુસંગિક બાબતો સંદર્ભે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. જેમાં આચાર્યશ્રીએ કોરોનાથી બચવા માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નીતિ-નિયમોનું પાલન કરવા જણાવવા ઉપરાંત જરૂરતમંદો પ્રતિ પૂર્ણ સદ્ભાવના સાથે મદદરૂપ થવા, પ્રાપ્ત નવરાશના સમયને વેડફી ન નાખતાં સદ્વાંચન, જીવન, ધર્મ કે તત્ત્વ વિશે પરિવારજનોમાં ગોઠડી કરવા, પૂર્ણ શરણાગતિ સાથે પ્રાર્થના કરવા તથા હિંમત રાખવા જણાવ્યું છે. આ સાથે જ ધર્મની સરળતમ વ્યાખ્યા કરી આપી છે ''બીજાનું ભલું ચાહવું, વિચારવું અને કરવું એ જ સૌથી મોટો/સાચો ધર્મ છે.'' (પૃ. ૬), તેમજ સમયાન્તરે લખાયેલા પત્રોમાં પરોપકાર, આત્મચિંતન, જાત સાથે સંવાદ, ક્ષમાપના, કરુણા, અનુકંપા, જીવનની ધન્યતા, માનવતા, ત્યાગ, હિન્દુત્વ, સ્વીકાર, જાગૃતાવસ્થા વગેરે માનવીયગુણોનું જીવનમાં માહાત્મ્ય પ્રસંગાનુસારની કથાઓના માધ્યમથી તેમજ ઉમદા ચરિત્રો, જેમ કે મધ્યકાળના ભામાશાહ, જગડૂશાહ, ખેમો દેદરાણો-હડાલિયો, વસ્તુપાળ, પેથડશાહ, વગેરે અને પ્રવર્તમાન સમયના રતન ટાટા, ગોધરાના જયંતીભાઈ શેઠ અને તેમના સુપુત્ર ડૉ. નિશાન્ત વગેરેનાં ઉમદા અને ઉદાહરણસ્વરૂપ કાર્યો થકી સમજાવ્યું છે. આ સાથે જ આર્ષદષ્ટા આચાર્યશ્રીએ જોયું કે કોરોનાના ખોફના કારણે સમગ્ર વિશ્વમાં પરસ્પરને મદદરૂપ થવાની ભાવના પેદા થઈ અને મૃત્યુનો ડર ઘર કરી જતાં જાતિવાદ, કોમવાદ, પ્રદેશવાદ, વગેરે સંકીર્ણતાઓ આપોઆપ દૂર થઈ તેને ધ્યાને લઈ આચાર્યશ્રી વિશ્વશાંતિની પ્રસ્થાપના હેતુ અભિલાષા સેવતાં નોંધે છે કે 'આ અનુકંપા જો આપણો – માનવજાતનો સ્થાયીભાવ, કાયમી સ્વભાવ બની જાય તો કેવી મજા પડે ! .... હવે ક્યારેય યુદ્ધ નહિ – ની સમજૂતી કરી લે, અને હથિયારોનો ઉપયોગ ન કરવાનો નિર્ણય જાહેર કરે, તો આપણી માનવજાતને ઈશ્વરીય દિવ્યતાની દિશામાં એક મોટામાં મોટું પગલું માંડ્યું ગણાશે.'' (પૃ. ૮-૯). જો આ આર્ષવાણી સાર્થક થાય તો કોરોનાનું મહામૂલું વરદાન બની રહે.

કોરોના એક કુદરતી આફત, માનવીય ષડ્યંત્ર, આંતરરાષ્ટ્રીય કાવતરું કે ચીન દેશ દ્વારા તેનો ફેલાવો કરવા સંદર્ભે WHO, UNESCO વગેરેના અહેવાલો, વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા સમાચારો, સોશિયલ મીડિયા, વહેતી વાતો વગેરેના આધારે એકાધિક-પત્રોમાં ચર્ચા કરવામાં આવી છે. એકાદ પત્રમાં વિખ્યાત ડૉક્ટરોના કથનનો હવાલો આપીને 'આવો કોઈ વાયરસ ક્યારે પણ પ્રયોગશાળામાં ઉત્પન્ન કરી શકાતો નથી.' (પૃ. ૨૧) તો અંતિમ પત્રમાં આચાર્યશ્રીએ જર્મની અને સ્પેનના ડૉક્ટરોના જૂથે 'આ એક આંતરરાષ્ટ્રીય કાવતરું છે' તેનો ઉલ્લેખ કરીને 'કોઈ વિચિત્ર આયોજનની બદબૂ તરફ આપણા નાકને તાણી જાય તેવું છે' તેવી આશંકા દર્શાવી છે. આ સાથે જ આ પ્રકારના રોગો થવા પાછળનું કારણ સંયુકત રાષ્ટ્રસંઘના ૭ જુલાઈ, ૨૦૨૦ના અહેવાલમાં પર્યાવરણીય અસમતુલા જળવાવી – જંગલો કાપવાં અને પ્રાણીઓની હિંસા કરવી સંબંધી મતોના અનુસંધાનમાં નોંધેલ મંતવ્ય 'ખિસકોલીને ચૂંથી નાખતા અહીંના કૂતરામાં અને સર્વભક્ષી નૃશંસ મનુષ્યોમાં કોઈ તફાવત હોય તેમ માનવાનું મન નથી થતું' (પૃ. ૨૧૬) તેમજ 'આજે પ્રકૃતિ આપણાથી રૂઠી છે, નારાજ છે, અને તેનું વલણ હવે માનવજાતને પદાર્થપાઠ આપવાનું છે. એને શાંત પાડવી હશે તો આપણે પરમાત્મતત્વના શરણે જ જવું પડશે' (પૃ. ૧૯૪), 'કર્યું તેવું ભોગવવાનું' (પૃ. ૧૯૪) માણસમાત્રને વિચારવા બાધ્ય કરે છે.

આ સાથે જ મહારાષ્ટ્ર અને તામિલનાડુ રાજ્યો દ્વારા ધાર્મિક ફંડો હસ્તગત કરવા હાથ ધરેલ હિલચાલ કાયદાનું સ્વરૂપ ધારણ કરે તો વિવિધ ધાર્મિક ટ્રસ્ટોએ વેઠવાનું આવે. આ સંભવિત પગલા સંદર્ભે આચાર્યશ્રીએ ધર્મ અને રાજ્યની ફરજો વગેરે સંદર્ભે ગહન ચિંતન કર્યું

છે, જે ધ્યાનાર્હ બની રહે છે. જૈન સમાજના 'દ્રેવદ્રવ્ય' સંદર્ભે તેના ઉપયોગ સંબંધી વર્ષોથી અમલમાં મુકાયેલા નીતિ-નિયમો અને તેની પ્રવર્તમાન સમયમાં કેટલી પ્રસ્તુતતા, તેના ઉપયોગ માટે ઉદારતા અને વ્યવહારિક અભિગમ અપનાવવા, દેવદ્રવ્યની વૃદ્ધિમાં જ ધર્મ છે અને અન્યત્ર નહીં તેવી માન્યતા વિશે ફેરવિચારણા કરવા, દેવદ્રવ્ય જેટલું માહાત્મ્ય સાધારણ દ્રવ્યનું લેખાવું જોઈએ વગેરે અને આનુસંગિક બાબતો સંદર્ભે આચાર્યશ્રીએ **'રમતા મૂકેલા વિચારો'** જૈન સમાજ માટે ધ્યાનાર્હ બની રહે છે.

કોરાનાકાળમાં માનવતાને ગૌરવ અપાવે તેવી પ્રવૃત્તિઓથી આચાર્યશ્રી હૃદયોલ્લાસ વ્યકત કરતા જોવા મળે છે; પરંતુ સમયાન્તરે જેમ કે, કોરાનાના મૃતકોનાં કિડની વગેરે અંગો કાઢી લેવાં, નકલી દવાઓનું ઉત્પાદન, આવશ્યક દવાઓની કાળાબજારી, સ્ટિંગ ઑપરેશનો અને ખોટા અહેવાલોનો ધંધો, મીડિયા-ચેનલો દ્વારા ભડકામણા શબ્દપ્રયોગો કરવા, કોરોનાનું નામ પડતાં જ સ્વજનો દ્વારા મુખ ફેરવી લેવું વગેરે સાંભળતાં આચાર્યશ્રી ભારે ગ્લાનિ અનુભવે છે. અને આ સાથે જ મેડિકલ ક્ષેત્રનાં ષડયંત્રોને ઉજાગર કરતી ડૉ. પ્રદીપ પંડ્યા કૃત બે નવલકથાઓ 'ધ હૉસ્પિટલ' અને 'ધ ડૉક્ટર'ની અનાયાસ સ્મૃતિ તાજી કરે છે. નોંધવું રહ્યું કે કોરોનાકાળની મનોવૈજ્ઞાનિક અસરો વિશે આચાર્યશ્રીએ પત્ર નં. ૨૨ (પૃ. ૧૫૮-૧૬૪)માં આધુનિક મનોવિજ્ઞાન અને જૈનદર્શન સંદર્ભે સુચિંતનીય અભ્યાસ રજૂ કર્યો છે, જ્યારે પત્ર નં. ૩૦માં જીવન અને મૃત્યુ વિશેનું તાત્ત્વિક ચિંતન પ્રસ્તુત કરવાની સાથે 'મૃત્યુ ઉપર વિશદ અજવાળાં પાથરતા બે ગ્રંથો' પ્રો. દાવરસાહેબ કૃત 'મોત ઉપર મનન' અને કાકાસાહેબ કાલેલકર કૃત 'પરમ સખા મૃત્યુ'ની સાદર નોંધ લેતા જોવા મળે છે. ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે કોરાનાકાળના ચિંતનની સાથે સાથે દિનપ્રતિદિન ગુજરાતી ભાષાના અભ્યાસ અને વાચન પ્રતિ સેવાતા દુર્લક્ષ્ય અને લેખનમાં અણછાજતા શબ્દપ્રયોગો ને **'ભાષાકીય અધોગતિ'** ગણાવીને પોતાની નારાજગી વ્યકત કરે છે. આચાર્યશ્રીની આ ચિંતા સંબંધિતોએ હૈયે ધરવા જેવી છે.

પત્રલેખક પરમ શ્રદ્ધેય જૈનાચાર્ય છે, તેથી કોરોના સંબંધી ચર્ચા કરતા પત્રોમાં પ્રસંગોપાત્ત જૈન ધર્મ - દર્શન - સમાજ વિશે કેટલીક બાબતો, જેમ કે જૈન સમાજની ઉદારચેતા દાનભાવના, જૈનો માટે પ્રચલિત છાપ કે જૈનો પોતાના ધર્મ માટે જ પૈસા ખર્ચે છે અને તેમને અજૈનો પ્રતિ કોઈ ઝાઝો રસ નથી તેનું સોદાહરણ નિરસન, ભૂતકાળમાં મહાજનોનો શાસકો અને સમાજ ઉપર પ્રભાવ અને વર્તમાનમાં પ્રાયઃ વિસરાઈ ગયેલી મહાજનપ્રથા, સંઘની મહત્તા, સાધર્મિકો પ્રતિ કાળજીપૂર્વક અનુકંપા રાખવી, સાધુ / સાધ્વીઓને કોરોના લાગે તો તેના ઉપચાર અંગે સુયોગ્ય આયોજન કરવા, Think Tankનું ગઠન, સમ્યકત્વ અને સમત્વની વિભાવના, શેરીસાતીર્થમાં પર્યુષણપર્વ અને ચાતુર્માસની પ્રવૃત્તિઓ વગેરે વણી લઈને આ વિશે ખુલ્લા મને વિચાર-વિનિમય કર્યો છે.

આ ઉપરાંત કોરોના સંદર્ભે કોઈ બાબતના ઉલ્લેખ સિવાય વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જૈન ધર્મ-દર્શન સંબંધી નીચે દર્શાવેલા ૫ નિબંધો તેનાં વિષયવસ્તુ, અભિવ્યકિત કલા કે પ્રયોજેલ સાહિત્યસ્વરૂપ – નિબંધની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે, જેમાં આચાર્યશ્રીની અધ્યયનશીલતા સ્વતઃ ઊપસી આવે છે. પત્ર નં. ૫માં મહાવીરસ્વામીનો એક તીર્થંકર કે કેવલજ્ઞાની તરીકે નહિ, પરંતુ તેઓશ્રી ગરુ તરીકે કેવા હતા – 'ગુરુપદ' કેવું નિભાવ્યું હતું તે વિશે સમજાવ્યું છે. 'ગોશાલ – ગોશાળો' એક પ્રથમ શિષ્ય એવો કે જેણે અનેકવિધ અસહનીય ઉપદ્રવો કર્યા હતા, જે વીરપ્રભુએ મૌનભાવે સહન કર્યા, જેને આચાર્યશ્રી ''ગુરુ' બનવાની શિક્ષા મેળવી, ભોગવી'' તરીકે ઓળખાવે છે. આ બંને વચ્ચે ભવાંતરનો અનુબંધ શોધવા આચાર્યશ્રીએ પ્રયાસ કર્યો, પરંતુ 'કયાંય તેવું પગેરું ન જડ્યું. દૂર - સુદૂર... ૨૭ ભવોમાં નજર કરી, પણ કયાંયે આ બે ગુરુ-શિષ્યનો સંબંધ... હોય તેમ જાણવા મળ્યું નથી.... સાવ અજાણ્યાનો જ સથવારો લીધો છે'' (પૃ. ૩૦). બીજા શિષ્યરત્ન ગૌતમ ગણધર કે જેણે સમગ્ર જીવન ગુરુના ચરણે જ ધર્યું હતું આમ છતાં પ્રભુએ સુધર્મા ગણધરને પોતાના ઉત્તરાધિકારી જાહેર કર્યા હોવા છતાં 'આ મહાત્માનું રૂવાંડુંય ના ફરકયું'. પરંતુ, આ ગુરુ પોતાનું જ્ઞાન આ શિષ્યને પાઠવતા ગયા હતા. આ શિષ્યે અનન્ય ગુરુભકિત થકી ગુરુનું વાત્સલ્ય મેળવ્યું. ગુરુ-શિષ્યના

સંબંધોની પરંપરામાં પત્ર નં. ૧૮ માં ગુરુ વિજયનેમિસૂરિ અને શિષ્યપ્રવર વિજયઉદયસૂરિ મહારાજ વચ્ચેના સંબંધો અને ઉદયસૂરિજીની પ્રતિભાનો ભકિતભાવપૂર્વક પરિચય કરાવ્યો છે. આ સાથે જ આચાર્યશ્રીએ પોતાની બાલ્યવયમાં ઉદયસૂરિજી સાથેનાં સંસ્મરણો પણ વણી લીધાં છે. પત્ર નં. ૧૩માં શેરીસા તીર્થનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં દસ્તાવેજી અને સ-રસ પરિચય કરાવ્યો છે. આ સાથે જ શેરીસા પાસેના વામજ તીર્થનો પણ સંક્ષેપમાં પરિચય આપ્યો છે, જ્યારે પત્ર નં. ૨૦ માં શેરીસા તીર્થની વનરાજિ અને પક્ષી તથા પ્રાણી જગતની આગવી ખાસિયતો ઉજાગર કરી આપતું સજીવ વર્ણન એક પ્રકૃતિવિદ્ અને પક્ષીવિદ્ દ્વારા કરવામાં આવ્યું હોય તેમ દીપી રહ્યું છે. આવું અભ્યાસી આલેખન થવા પાછળ આચાર્યશ્રી દ્વારા સલીમ અલી, હરિનારાયણ આચાર્ય, પ્રદ્યુમન દેસાઈના ગ્રંથો અને સુરતની સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ ૪૦૦ પક્ષીઓ વિશેની સીડીનો અભ્યાસ કારણભૂત બની રહે છે. જૈન દાર્શનિક ગ્રંથો ઉપરાંત આવા વિશિષ્ટ ગ્રંથોનો અભ્યાસ અને તેમાં રસરુચિ આચાર્યશ્રીનાં બહુમુખી પ્રતિભાનાં દ્યોતક બની રહે છે. પત્ર નં. ૨૭માં જૈનધર્માવલમ્બી, કવિ અને કવિઓનો આશ્રયદાતા અને મહામાત્ય – સેનાપતિની ત્રિવેણીસંગમ ગુણરાશિથી સંપન્ન વસ્તુપાલનું ચરિત્રચિત્રણ હૃદયસ્પર્શી છે. આચાર્યશ્રીએ વસ્તુપાલના વ્યકિતત્વનાં બહુવિધ પાસાં વિશે આધિકારિક રીતે ઉજાગર કરવાની સાથે ભકત-કવિ વસ્તુપાલના સ્પર્શી ગયેલા આરતભર્યા પદ-'ત્વત્પ્રાસાદકૃતે નીડે... વિહગોડપ્પહમ્'–નો ઉત્તરકાલીન ગુર્જર કવિઓ, જેમ કે ઋષભદાસ, પરમાણંદદાસ અને સમયસુંદર ગણિએ કેવો પ્રભાવ ઝીલ્યો છે તેનો અધ્યયનશીલ તુલનાત્મક રસાસ્વાદ કરાવ્યો છે. પત્ર નં. ૩૩- ૩૫માં પર્યુષણ પર્વનું મહાત્મ્ય સોદાહરણ સમજાવીને આત્મચિંતન - સ્વચિંતન કરવાની પૂરી પાડેલી પ્રેરણા સુચિંતનીય બની રહે છે.

અંતિમ પત્ર નં. ૪૦માં આચાર્યશ્રીએ કોરાનાકાળને 'જાગરણકાળ' ગણાવીને પોતાના વિશે નોંધ્યું છે કે 'લક્ષ્ય તો હતું જાગૃતિનું – જાગવાનું. પરંતુ જાગી શકાયું નથી' અને આ પૂર્વે પત્ર નં. ૧૭માં વહેલી સવારના સ્વપ્નમાં આવીને યોગીરાજ આનંદઘન પોતાને અવધૂ... અવધૂ... સાદ દઈને જગાડે છે, 'કયા સોવે ઊઠ જાગ બાઉરે ?' છતાં 'આપણા રામ ગાયબ' તેમ જણાવ્યું છે. આપણને તેમણે આ વાત ભલે કહી. પરંતુ આ વાત જ તેમની જાગૃતાવસ્થાની દ્યોતક બની રહે છે. આ ચિંતન થકી આપણને આત્મચિંતન – આત્મસાધનાની – આપણા અજ્ઞાનની, મોહની, કષાયોની, રાગ-દ્વેષની ગાંઠો તોડીને જાગવાની, વ્યાકુળ થવાની પ્રેરણા પૂરી પાડી છે તેમજ જાગૃતાવસ્થાની લાક્ષણિકતાઓ પણ ચીંધી આપી છે, જે દ્રષ્ટવ્ય છે.

આ વિચારોત્તેજક ગ્રંથને 'વાઈરસથી વૈરાગ્ય સુધીની ચિંતનયાત્રા' ગણાવીને તેને આવકારતાં આપણા પ્રબુદ્ધ ચિંતક ગુણવંત શાહે નોંધેલ શબ્દો ''જૈન મુનિ હોવાના કારણે લેખકે 'ઉપદેશહિંસા' પણ ટાળીને જે લખ્યું છે તેમાં એમનું 'સ્વચ્છ મન' પ્રગટ થયું છે. ધર્મની વાત થઈ હોય ત્યાં પણ ધર્મને નામે માનવતાને આગળ કરવાની કાળજી રાખી છે. વાચકની શ્રદ્ધાને ગોબો ન પડે તેવા વિચારોમાં અભય અને અહિંસાની આરાધનાનો સમન્વય પાને પાને વરતાય છે. મુનિશ્રી બહુશ્રુત છે અને વિદ્વાન પણ છે. આમ છતાં ભાષા સરળ છે'', જ્યારે રાજેશ પંડ્યાએ આ ગ્રંથને 'આત્મચિંતન અને જગત્ચિંતનનું પરિણામ', તેમજ મનોજ રાવલે 'આ પત્રોને કોરાનાકાળનું પ્રાસંગિક સાહિત્ય ગણીશું તો ગુમાવ્યાનું આપણા પક્ષે જ રહેશે' તેમ ચેતવીને વધુમાં 'આ પત્રો સંસાર-સાગરમાં તરવાના તુંબડા સમાન છે.... આ પત્રો આપી સામાન્ય માણસને આચારશુદ્ધિ તરફ દોર્યો છે અને આપે કોરાનાકાળમાં આચાર્યધર્મ બજાવ્યો છે.' ગ્રંથના માહાત્મ્યને ઉજાગર કરી આપે છે.

પ્રસ્તુત ગ્રંથની આગવી સમૃદ્ધિ અને વિશેષતા છે ઠેર ઠેર પથરાયેલાં ચિંતન મૌકિતકો, જેમ કે, 'સાધુપણું એટલે સહુના કલ્યાણની ભરોસાપાત્ર બૅન્ક' (પૃ. ૬૮), 'બીજાનું ભલું ચાહવું, વિચારવું અને કરવું, એ જ સૌથી મોટો / સાચો ધર્મ છે.' (પૃ. ૫), 'અહિંસા વૈયકિતક સત્ય છે, અને હિંસા સામૂહિક અસત્ય છે' (પૃ. ૨૮૦). 'સ્વદોષદર્શન એ સમ્યકત્વનું આરંભ બિંદુ છે. પરદોષદર્શન અને મિથ્યાત્વની ભૂમિકા છે' (પૃ. ૨૭૩), ક્રિયા અથવા કર્મકાંડ મૂર્તિની નજીક લઈ જાય, જ્યારે પ્રાર્થના આપણને પ્રભુની પાસે પહોંચાડે (પૃ. ૧૫૦)

વગેરે. આ સાથે જ આચાર્યશ્રીનાં વિચારોત્તેજક (thought provoking) વિધાનો/અવલોકનો પણ આપણને વિચારતા કરી મૂકે તેવાં અહીં ગૂંથાયેલાં જોવા મળે છે. આ પૈકી આ રહ્યાં કેટલાંક :

'રાજકારણી દેવસ્થાન તરફ નજર નાખે તો એને સંપત્તિ જ દેખાય' (પૃ. ૮૪), 'જે રાજ્ય-રાષ્ટ્રનો શાસક ધર્મના ધન ઉપર નજર નાખે છે અથવા દેશ-હિતના બહાને પડાવી લેવાની પેરવી કરે છે, તે રાજ્ય સુખ-શાંતિ પામતું નથી, તેની પ્રજા પણ નમાલી જ થાય છે.' (પૃ. ૮૪), 'ઉદ્યોગો જ વિકાસ છે, ઉદ્યોગો માટે ઈન્ફ્રા સગવડો ઊભી કરવામાં જ વિકાસ છે, આ વિચારધારા વિશે નવેસરથી વિચારવું જરૂરી છે. વિસર્જનના ચાલતા માહોલમાં જૂના વિચારોનું પણ વિસર્જન થવું ઘટે' (પૃ. ૯૫), ''ભારતીય સભ્યતાના સમગ્ર કોશમાંથી બે શબ્દો કાઢી નાખો - 'તપ' અને 'અધ્યાત્મ' અને ભારત મરી જશે.'' (પૃ. ૧૧૦), 'આપણા વડાપ્રધાન ભગવાન બુદ્ધના જન્મદિને ભાષણ આપી શકે. રમજાનના તહેવારને પણ યાદ કરી શકે. પણ મહાવીરના જન્મદિને એક ઔપચારિકતા ખાતર પણ મહાવીરને યાદ ન કરી શકે ! આજ સુધીના લગભગ દરેક વડાઓ આ દિવસે જૈન સમાજને ઉદેશીને ઔપચારિક અભિનંદન આપતા રહ્યા હોવાનું ધ્યાનમાં છે. આવી ઔપચારિકતા પણ રાષ્ટ્રની બિનસાંપ્રદાયિકતાને વધુ સુદૃઢ બનાવતી હોય છે' (પૃ. ૧૦૬), અધ્યાત્મનું ચાલક બળ 'સ્વીકાર' છે. 'નકાર' નહિ, 'પ્રતિકાર' પણ નહિ, માત્ર સ્વીકાર, આ છે આપણી સંસ્કૃતિનું અધ્યાત્મ. આ દેશે કોને નથી સ્વીકાર્યા ? (પૃ. ૧૧૧), પહેલાં મધ્યપ્રદેશમાં અને હવે રાજસ્થાનમાં, સત્તા કબજે કરવા માટે જે સાઠમારી, કાવાદાવા પ્રપંચો ચાલે છે તે પણ કેવાં વરવાં છે ! આવા તુચ્છ અને હીન લોકો આ દેશ પર અને પ્રજા પર – આપણા પર શાસન કરે છે, એ કેવી વસમી વિડમ્બના છે ! નીતિનાં મૂલ્યો તો નથી જ, પણ રાજકીય અથવા રાજનીતિનાં મૂલ્યોનું પણ દેવાળું વળી ગયું છે. (પૃ. ૨૩૭), મહાત્મા ગાંધીએ અહિંસાને વ્યાવહારિક અને સામૂહિક શક્તિ બનાવવાનો એક મોટો પ્રયાસ રાજકીય અને સામાજિક સંદર્ભમાં જરૂર કર્યો, પરંતુ તે પ્રયાસો તેમના પૂરતા અથવા તેમના જીવન પૂરતા જ સીમિત રહી ગયા ! એ પછી અહિંસા એક વિચાર બનીને રહી ગયો, આચારમાંથી તે નામશેષ છે.' (પૃ. ૨૮૧)

સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથમાં આચાર્યશ્રીએ કોરોનાકાળમાં ઉદ્ભવેલ / સંભવિત Psycho – Sociological etc સમસ્યાઓનો 'સ્વચ્છ મને' કરેલ વિચાર-વિમર્શ-ચિંતન ન કેવળ વાંચવા, પરંતુ ચીંધ્યા માર્ગે આચરણ કરવા બાધ્ય કરે તેવું પ્રાર્થનાભીનું હોઈ હૃદયસ્પર્શી બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❋

**મૅનેજમેન્ટ સ્વામી ભગવાન રામ : પર્સનાલિટી ડેવલપમેન્ટ, એડમિનિસ્ટ્રેશન, નૈતિક મૂલ્યો, મૅનેજમેન્ટ અને આર્ટ ઑફ લિવિંગના સંદર્ભમાં વાલ્મીકિ રામાયણ / ડૉ. હર્ષદેવ માધવ અને રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી. અમદાવાદ : સંસ્કૃતિ પ્રકાશન, ૨૦૨૦. ૧૧૨ પૃ. કિં. રૂ. ૧૬૦. ISBN : ૯૭૮-૯૩-૮૩૯૭૭-૫૧-૨.**

આપણા આર્ષગ્રંથો, જેમ કે વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, ભગવદ્ગીતા, પુરાણો વગેરે જ્ઞાનવિશ્વના ડહાપણના સમૃદ્ધ ખજાનાઓ છે. અલબત્ત, આ પામવા/શોધવા માટે વાચક/સંશોધક પાસે અધ્યયનશીલતા અને દૃષ્ટિપૂત પુરુષાર્થ આવશ્યક બની રહે છે. હિંદુ ધર્મ/દર્શનના આપણા આ આર્ષગ્રંથોમાં હિંદુ ધર્મ/દર્શન ઉપરાંત ભારતીય ઇતિહાસ, સમાજ, ભૂગોળ, યુદ્ધકળા, વિજ્ઞાન-વનસ્પતિશાસ્ત્ર, વૈદક, ટૅક્નૉલૉજી, પર્યાવરણ વગેરે, મેનેજમેન્ટ કળા વગેરે વિષયોને ઉજાગર કરતા અનેકાનેક સંશોધન/અભ્યાસગ્રંથો પ્રકાશિત છે.

'વાલ્મીકિ રામાયણ'નું વાંચન-ચિંતન કરતાં આપણે જોઈ શકીએ છીએ કે સમગ્ર ગ્રંથમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામનાં બહુઆયામી પાસાંઓની અપ્રતિમ ગુણરાશિ વર્ણિત કરીને પ્રત્યેક પાસાનો શ્રેષ્ઠ આદર્શ સમાજ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. આ બધાં પાસાંઓ પૈકી સમીક્ષિત પુસ્તકમાં વ્યવસ્થાપન/સંચાલન વિજ્ઞાનને નજરસમક્ષ રાખીને રામનું મૅનેજમેન્ટ સ્વામી તરીકેનું પાસું કેટલું ઉદાત્ત અને બળવત્તર છે તે વિહંગ દૃષ્ટિએ લોકભોગ્ય શૈલીમાં ઉજાગર કરી

આપવામાં આવ્યું છે. આ હેતુ અહીં 'રામાયણ'ના વિવિધ કાંડો પૈકી 'બાલકાંડ', 'અયોધ્યાકાંડ', 'કિષ્કિન્ધાકાંડ' અને 'યુદ્ધકાંડ'માંથી રામની સંચાલનકળાને ઉજાગર કરતા પસંદગીના ૬૬ જેટલા આધારો – શ્લોકોનો મૂળપાઠ અને તેનો ગુજરાતી અનુવાદ ઉપરાંત અન્ય કેટલાક શ્લોકોના ગુજરાતી અનુવાદ ઉદધૃત કરવામાં આવ્યા છે. આ સાથે જ ક્વચિત 'મહાભારત', 'પંચતંત્ર', 'હિતોપદેશ' વગેરે ગ્રંથોમાંથી સંબંધિત પાસાના સમર્થન સંદર્ભેનાં મંતવ્યો પણ ઉદધૃત કરવામાં આવ્યાં છે. સમગ્ર ગ્રંથનું વિષયવસ્તુ નાનાં-નાનાં ૨૧ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથની માફક (બાલકાંડ, પ્રથમ સર્ગ : ૧-૬) અહીં પણ ગ્રંથનો પ્રારંભ નારદ દ્વારા વર્ણિત રામના ગુણોની યાદીથી કરવામાં આવ્યો છે. જેનાથી રામના પ્રભાવક વ્યક્તિત્વની સહજમાં ઝાંખી થાય છે. રામના અનેકાનેક ગુણો પૈકી સમયપાલન, કર્તવ્યપરાયણતા, ધૈર્ય, ફરજપાલન, પડકાર, ક્રોધ, તકેદારી, મૈત્રી, સંચાલકીય પ્રતિભા, વાણીની પ્રભાવકતા, આજ્ઞાપાલનમાં કઠોરતા, સલાહ માનવી કે ન માનવી વગેરે ગુણો સંદર્ભે રામે જે-તે પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં તેનો કઈ રીતે શ્રેષ્ઠ નિર્વાહ કર્યો તત્સંબંધી કથા સંક્ષેપમાં વર્ણવીને તેમજ તેનાં પરિણામોનું આકલન કરીને મૅનેજમેન્ટ સ્વામી તરીકે રામને પ્રતીતિકારક રીતે પ્રસ્થાપિત કરી આપ્યા છે. રામના સંચાલકીય ગુણો અને સંબંધિત કથાઘટકોની ગૂંથણી અનાયાસ રામકથાના કાળક્રમમાં હોવાથી પ્રાયઃ સળંગ રામકથાનું પાન કરતા હોઈએ તેવી અનુભૂતિ સહજમાં થાય છે, જે આ ગ્રંથની એક વિશેષતા બની રહે છે. આ ઉપરાંત કેટલાંક પ્રકરણોના અંતમાં વ્યવસ્થાપન/સંચાલન સંબંધી સારભૂત બાબતો તારવીને આપવામાં આવી છે. ઉદા. તરીકે પડકાર સંદર્ભે ૧. કોઈ પણ ચૅલેન્જનો સાહસપૂર્વક સ્વીકાર કરવો, ૨. ચૅલેન્જ સ્વીકારતી વખતે દૃઢ આત્મબળ રાખવું, ૩. પડકારોનો સામનો કરવા માટે પોતે ખૂબ શકિતશાળી છે તેવાં બણગાં ન ફૂંકવાં, ૪. ચેલેન્જ આપનારને પણ માફ કરી દેવો. ગમે તે શત્રુ હોય તદ પણ પૂરી ઉદારતાથી વર્તવું, અને ૫. ચૅલેન્જનો સફળતાપૂર્વક સામનો કરીને વિજય મેળવ્યા પછી તેનો ગર્વ ન કરવો (પૃ. ૩૪), જ્યારે 'તકેદારી' સંદર્ભે ૧. આપણે જ્યારે કોઈ કામ કરીએ ત્યારે તે કામનાં શું પરિણામો આવશે તે વિચારવું જોઈએ, ૨. અન્ય વ્યકિત જે કાર્ય કરી રહી છે એની પાછળ તેનો શો ઇરાદો છે તેની કલ્પના કરવી જોઈએ, ૩. આપણા કાર્યથી આપણને કોઈ નુકસાન નથી થવાનું એ પણ વિચારવું જોઈએ (પૃ.૪૭). વગેરે, જેમાં લેખકોનો મૅનેજમેન્ટવિદ્યામાં અભ્યાસ અને રસરુચિની પ્રતીતિ થાય છે. અહીં પ્રાયઃ પ્રત્યેક પ્રકરણના પ્રારંભમાં રામકથા સંબંધી કલાત્મક અને ચિત્તને સ્પર્શી જાય તેવાં ૨૨ ચિત્રો આપવામાં આવ્યાં છે, જે ધ્યાનાર્હ બની રહે છે. પરંતુ, આ ચિત્રોના ચિત્રકાર/ચિત્રકારો અને તેના સ્રોત/સ્રોતોનો ઉલ્લેખ આવશ્યક બની રહેતો હોઈ તેનો અહીં અભાવ વર્તાય છે. સમગ્રતયા 'રામાયણ'નું આકંઠ પાન કરીને રામના ચરિત્ર સાથે સંબંધિત વ્યવસ્થાપકીય/સંચાલકીય ગુણોને સોદાહરણ ઉજાગર કરી આપતો અર્થસભર આ લઘુ પ્રયાસ શ્લાઘનીય બની રહે છે .

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના ગુરુ-શિષ્ય સર્જકો ગુરુ ડૉ. હર્ષદેવ માધવ અને શિષ્ય રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી પોતપોતાનાં ક્ષેત્રોમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. ગુજરાતનું ગૌરવધન ડૉ. હર્ષદેવ માધવ સંસ્કૃત કવિ અને કાવ્યશાસ્ત્રી તરીકે ભારતભરમાં ખ્યાતિપ્રાપ્ત છે. તેમનાં ૧૬૬ પુસ્તકો પ્રકાશિત છે. સંસ્કૃતમાં તેમના ઊર્જિત પ્રદાનને ધ્યાને લઈ રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય અવૉર્ડ વિવિધ સંસ્થાઓ જેમ કે ગુજરાત સરકાર દ્વારા 'ગૌરવ પુરસ્કાર', કેન્દ્રિય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી વગેરે દ્વારા બહુમૂલ્ય પુરસ્કારોથી અલંકૃત કરવામાં આવ્યા છે. 'માનસરત્ન' શ્રી રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી રામાયણ કથાકાર અને રામાયણના આકંઠ અભ્યાસી તરીકે વિશેષ ખ્યાતિપ્રાપ્ત છે. તેમની ૧૫૦થી અધિક કથાઓનું આયોજન પ્રાયઃ ગુજરાતમાં અને ભારતભરમાં કરવામાં આવ્યું છે. તેમના વ્યકિતત્વની આગવી વિશેષતા એ છે કે તેઓશ્રી રામકથા-ગાનના માધ્યમથી પ્રજાજીવનનું સંસ્કાર-ઘડતર કરવાની સાથે લોકકલ્યાણનાં કાર્યોમાં વિશેષ રસ-રુચિ ધરાવતા હોઈ વિરમગામ પ્રદેશના લોકહૈયામાં વસી ગયા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## ટી.એલ.એમ. વર્કશૉપ

● એસ.એસ. પટેલ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરના તાલીમાર્થીઓને શૈક્ષણિક સંસાધનોનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી કૉલેજનાં એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાશાબહેન જોશીના માર્ગદર્શન હેઠળ ઑનલાઈન વર્કશૉપનું આયોજન ૩૦ માર્ચના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં તજ્જ્ઞ તરીકે પ્રા. રાજુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઑનલાઈન વર્કશૉપમાં વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી સંસ્કૃત, હિન્દી, એકાઉન્ટ, કૉમર્સ એમ વિવિધ વિષયોના જુદા જુદા T.L.M. તાલીમાર્થીઓએ બનાવ્યા હતા તેમજ પ્રેઝન્ટેશન પણ કર્યું હતું. દરેક અધ્યાપકે પણ વિદ્યાર્થીઓને ઉચિત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## વેબિનાર

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચના એમ.એસસી. ઇન્ફોર્મેશન ટેક્નૉલૉજી, તેમજ બી.એસસી. કમ્પ્યૂટર સાયન્સ વિભાગ અને કૉમ્યુનિકેશન સ્કિલ્સ/ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ રીલેશનના સંયુકત ઉપક્રમે 'The Introduction to Digital Marketing' વિશે વિદ્યાર્થીઓ માટે ફ્રી વેબિનારનું આયોજન ૫ માર્ચના રોજ કરવામાં આવતાં તેમાં ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જ્યારે ૨૨ માર્ચના રોજ 'ICE Breaking and Superb Communication' વિષય ઉપર ફ્રી વેબિનારનું આયોજન કરવામાં આવતાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## કલાત્મક પ્રવૃત્તિ


● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩થી ૫ના વિદ્યાર્થીઓ માટે પૂંઠાંમાંથી પક્ષીઓનો માળો બનાવવાની ઑનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં તમામ વર્ગોના ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જ્યારે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે તા. ૬/૪/૨૦૨૧ના રોજ દિવાસળીની મદદથી જેમ કે વૉલપીસ, ફૂલદાની, ઘર, ટેબલ, ખુરશી વગેરે જેવી વિવિધ આકૃતિઓ બનાવવાની ઑનલાઈન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવતાં તમામ વર્ગોના ૪૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ બધી પ્રવૃત્તિઓ વાલીશ્રીઓના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલમાં ધોરણ ૪ની વિદ્યાર્થિનીઓ માટે કાગળની ટોપી બનાવવાની ઑનલાઈન પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઇઝર શ્રી રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મદદનીશ શિક્ષક શ્રી રિછારિયા મનીષભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન


● તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૧ના રોજ ગાંધીનગર શહેર અને તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી હિતેશ એમ. ચૌધરી એ શાળાના શિક્ષકોનાં સહિયારા પ્રયાસથી તૈયાર કરેલ કૃતિ 'નકામી વસ્તુઓનો ઉપયોગ કરી વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરવી, બાષ્પીભવન અટકાવવું અને જમીનની બચત' રજૂ કરવામાં આવી હતી જે જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદ કરવામાં આવી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૧, અંક : ૩, મે-જૂન, ૨૦૨૧, સળંગ અંક : ૬૩**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



**સ્વ. પીતાંબરભાઈ પટેલ**

(૧૯૩૪-૨૦૨૧)
સેવાનિવૃત્ત અધ્યક્ષ, રેડિએશન પ્રોટેક્શન ડિપાર્ટમેન્ટ
ભાભા એટમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ



**સ્વ. ડૉ. પદ્મનાભ જૈની**

(૧૯૨૩ - ૨૦૨૧)
રિટાયર્ડ પ્રોફેસર ઑફ બુદ્ધિસ્ટ સ્ટડીઝ
ડિપાર્ટમેન્ટ ઑફ સાઉથ એન્ડ સાઉથ ઈસ્ટ એશિયન સ્ટડીઝ
યુનિવર્સિટી ઑફ બર્કલી, કેલિફોર્નિઆ (યુએસએ.)



**સ્વ. છગન ભૈયા**

(૧૯૩૮-૨૦૨૧)
સેવાનિવૃત્ત ગ્રંથપાલ
શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય
અમદાવાદ



**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 11, Issue No. 3 May-June 2021
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી ડૉ. રામભાઈ પટેલનું
અભિવાદન કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર

